અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ મે ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ વદ ૮ | અંક : ૩૧૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સુપ્રીમ કોર્ટે શરણાર્થીઓ અંગે મોટી ટીપ્પણી કરી

# ભારત કોઈ ધર્મશાળા નથી જ્યાં દુનિયાભરના શરણાર્થી ઘૂસી જાય

## દુનિયાભરના શરણાર્થીઓને ભારતમાં શા માટે આશ્રય આપવો? અમે ૧૪૦ કરોડ લોકો સંઘર્ષ કરી રહ્યા છીએ : સુપ્રીમ કોર્ટ

**। (એજન્સી) નવી દિલ્હી, તા. ૧૯ ।** સુપ્રીમ કોર્ટે શરણાર્થીઓ અંગે મોટી ટિપ્પણી કરી છે. એક કેસની સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે ભારત ધર્મશાળા નથી. દુનિયાભરના શરણાર્થીઓને ભારતમાં શા માટે આશ્રય આપવો? અમે ૧૪૦ કરોડ લોકો સંઘર્ષ કરી રહ્યા છીએ. આપણે દરેક જગ્યાએથી આવતા શરણાર્થીઓને આશ્રય આપી શકતા નથી. શ્રીલંકાથી આવેલા તમિલ શરણાર્થીઓની અટકાયતના કેસમાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કરતી વખતે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ દીપાંકર દત્તાએ આ વાત કહી. શ્રીલંકાના નાગરિકની અટકાયત



સામે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે અરજીમાં દખલ કરવાનો ઈનકાર કર્યો હતો. આ બેન્ચ મદ્રાસ હાઈકોર્ટના આદેશને પડકારતી અરજી પર સુનાવણી કરી રહી હતી. તેમાં નિર્દેશ આપવામાં આવ્યો હતો કે અરજદારે UAPA કેસમાં લાદવામાં આવેલી ૭ વર્ષની સજા પૂર્ણ થયા પછી તરત જ ભારત છોડી દેવું જોઈએ. શ્રીલંકાના અરજદારના વકીલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તે શ્રીલંકન તમિલ છે અને વિઝા પર અહીં આવ્યો હતો. તેમના પોતાના દેશમાં તેમના જીવ જોખમમાં છે. અરજદાર લગભગ ત્રણ વર્ષથી કોઈપણ દેશનિકાલ પ્રક્રિયા વિના અટકાયતમાં છે. જસ્ટિસ દત્તાએ પૂછ્યું, 'તમને અહીં સ્થાયી થવાનો શું અધિકાર છે?' વકીલે પુનરોચ્ચાર કર્યો કે અરજદાર શરણાર્થી છે. જસ્ટિસ દત્તાએ કહ્યું કે કલમ ૧૯ મુજબ, ભારતમાં સ્થાયી થવાનો મૂળભૂત અધિકાર ફક્ત નાગરિકોને જ છે. જ્યારે વકીલે કહ્યું કે અરજદારના પોતાના દેશમાં જ જીવ જોખમમાં છે, ત્યારે જસ્ટિસ દત્તાએ કહ્યું, 'બીજા કોઈ દેશમાં જાઓ.' વર્ષ ૨૦૧૫ માં, અરજદારને LTTE ના કાર્યકર્તાઓ હોવાની શંકાના આધારે બે અન્ય લોકો સાથે ધરપકડ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૮ માં, અરજદારને UAPA ની કલમ ૧૦ હેઠળના ગુના માટે ટ્રાયલ કોર્ટે દોષિત ઠેરવ્યો હતો અને ૧૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. વર્ષ ૨૦૨૨ માં, મદ્રાસ હાઈકોર્ટે તેમની સજા ઘટાડીને ૭ વર્ષ કરી. પરંતુ તેમને સજા પછી તરત જ ભારત છોડી દેવા અને ભારત છોડે ત્યાં સુધી શરણાર્થી શિબિરમાં રહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો.

### હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશો પેન્શન મેળવવાના હકદાર

## હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશોને પણ મળશે વન રેન્ક, વન પેન્શન

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।** સુપ્રીમ કોર્ટે આજે (૧૯ મે) હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશોના પેન્શન અંગે ઐતિહાસિક નિર્ણય સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈની ખંડપીઠે આ નિર્ણય સંભળાવતાની સાથે હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશોને 'વન રેન્ક, વન પેન્શન' લાગુ કરવાનો આદેશ આપ્યો છે.

દેશના મુખ્ય ન્યાયાધીશ બી.આર.ગવઈને બેંચે કહ્યું કે, હાઈકોર્ટના તમામ નિવૃત્ત ન્યાયાધીશો સંપૂર્ણ અને સમાન પેન્શન મેળવવાના હકદાર છે. તેમની પ્રારંભિક નિમણૂકનો સ્રોત કોઈપણ હોય, ભલે તેઓ જિલ્લા ન્યાયપાલિકામાંથી કે પછી વકીલમાંથી ન્યાયાધીશ બન્યા હોય, ભલે તેઓની કોઈપણ તારીખે નિમણૂક થઈ હોય, તેઓને પ્રતિ વર્ષ ઓછામાં ઓછા ૧૩.૬૫ લાખ રૂપિયાનું પેન્શન આપવું જોઈએ. ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે તેઓને પગાર સાથે ટર્મિનલ લાભો પણ આપવા જોઈએ. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નીચે મુજબ સૂચનાઓ જારી કરી છે સેવાનિવૃત્ત મુખ્ય ન્યાયાધીશોને વાર્ષિક ૧૫ લાખ રૂપિયાનું પૂર્ણ પેન્શન આપવામાં આવે હાઈકોર્ટના અન્ય નિવૃત્ત ન્યાયાધીશો (વધારાના ન્યાયાધીશો સહિત) ને વાર્ષિક ૧૩.૫ લાખ રૂપિયા પેન્શન આપવું જોઈએ.'વન રેક્ર વન પેન્શન'નો સિદ્ધાંત બધા નિવૃત્ત ન્યાયાધીશોને સમાન રીતે લાગુ પડશે, પછી ભલે તેઓ બારમાંથી આવ્યા હોય કે પછી જિલ્લા ન્યાયતંત્રમાંથી આવ્યા હોય. જિલ્લા ન્યાયતંત્રમાંથી આવતા હાઈકોર્ટના ન્યાયાધીશોના કિસ્સામાં, જો સેવામાં અંતરાલ (બ્રેક) હોય તો પણ તેઓ સંપૂર્ણ પેન્શન માટે હકદાર રહેશે. નવી પેન્શન યોજના (NPS) લાગુ થયા પછી જિલ્લા ન્યાયતંત્રમાં પ્રવેશ કરનારા અને પછીથી હાઈકોર્ટના ન્યાયાધીશ બનેલા ન્યાયાધીશોને પણ સંપૂર્ણ પેન્શન આપવામાં આવશે. તેમના NPS યોગદાન અને તેના પરના ડિવિડન્ડની સંપૂર્ણ રકમ રાજ્ય સરકાર દ્વારા પરત કરવામાં આવશે. હાઈકોર્ટના સેવારત ન્યાયાધીશના મૃત્યુના કિસ્સામાં તેમના પરિવારના સભ્યોને કૌટુંબિક પેન્શન મળશે, પછી ભલે તે કાયમી ન્યાયાધીશ હોય કે વધારાના ન્યાયાધીશ હોય.

મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈએ આદેશ આપતા કહ્યું કે, 'એકવાર કોઈ વ્યક્તિ ન્યાયિક પદ પર નિયુક્ત થઈ જાય, પછી તેના પ્રવેશના સ્રોતનું મહત્ત્વ રહેતું નથી. તેમના બંધારણીય પદની ગરિમા માંગ કરે છે કે, બધા ન્યાયાધીશોને સમાન પેન્શન આપવામાં આવે. ન્યાયતંત્રની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા માટે એ મહત્વનું છે કે, બધા ન્યાયાધીશો નિવૃત્તિ પછી પણ સમાન અંતિમ લાભો મેળવે.

જ્યારે બધા ન્યાયાધીશોને સેવા દરમિયાન સમાન વ્યવહાર મળે છે, ત્યારે નિવૃત્તિ પછી લાભોમાં કોઈપણ ભેદભાવ બંધારણની કલમ-૧૪નું ઉલ્લંઘન ગણાશે.' સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી નિવૃત્ત હાઈકોર્ટના ન્યાયાધીશોને મોટી રાહત મળી છે અને તેમને ન્યાયતંત્રની સ્વતંત્રતા અને ગરિમા તરફ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

### ન્યૂઝ બ્રિફ

#### વિદેશ મંત્રી જયશંકર ત્રણ દેશોના પ્રવાસે જશે



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।** વિદેશમંત્રી એસ જયશંકર ૬ દિવસની યુરોપિયન મુલાકાતે જઈ રહ્યા છે, જ્યાં તેઓ નેધરલૅન્ડ, ડેનમાર્ક અને જર્મનીના નેતાઓને મળશે. વિદેશ મંત્રાલયે આ અંગે જાણકારી આપતાં કહ્યું કે, આ મુલાકાત દરમિયાન જયશંકર તાજેતરના ભારત-પાકિસ્તાન તણાવ, આતંકવાદ અને ઓપરેશન સિંદૂર સંબંધિત માહિતી શેર કરી શકે છે. વિદેશમંત્રી એસ જયશંકર આજે નેધરલૅન્ડ, ડેનમાર્ક અને જર્મનીની ૬ દિવસની મુલાકાત માટે રવાના થશે. આ યાત્રા ૧૯થી ૨૪ મે સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન, તેઓ આ દેશોના નેતાઓ અને વિદેશમંત્રીને મળશે અને પરસ્પર સહયોગ, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ અને સરહદ પાર આતંકવાદને પાકિસ્તાનના સતત સમર્થનના મુદ્દા પર ચર્ચા કરી શકશે.

#### આંધ્રપ્રદેશ : રમતા રમતાં કારમાં ઘૂસ્યાં બાળકો



**। (એજન્સી) વિજયનગર, તા.૧૯ ।** આંધ્રપ્રદેશના વિજયનગરમાં એક દુઃખદ ઘટના બની. રમતા રમતાં ચાર બાળકો એક કારમાં ઘૂસી ગયા હતા. ત્યારે કાર અંદરથી અચાનક લૉક થઈ જતાં બાળકોનો શ્વાસ રૂંધાઈ જવાને કારણે ચારેય બાળકો મૃત્યુ પામી ગયાની હચમચાવી મૂકે તેવી ઘટના બની હતી. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં માતમ પ્રસરી ગયો હતો. ઉલ્લેખનીય છે કે જ્યારે બાળકો આ કારમાં ઘૂસ્યા હતા ત્યારે કારના કાચ બંધ હતા જેના કારણે બૂમાબૂમનો અવાજ લોકો સાંભળી પણ નહોતા શક્યા. આ ઘટના વિજયનગરમના દ્વારપુડી ગામમાં બની હતી. જ્યારે આ બાળકો ઘણીવાર સુધી ઘરે નહોતા પહોંચ્યા ત્યારે તેમના પરિજનો તેમને શોધવા નીકળ્યા હતા ત્યારે ચારેય જણાની લાશ મળી હતી.

#### BCCIનો મોટો નિર્ણય, ટીમ ઈંડિયા એશિયા કપ નહીં રમે

**। (એજન્સી) નવી દિલ્હી, તા. ૧૯ ।** BCCIએ એશિયા કપમાં ટીમ ઈંડિયાની ભાગીદારીને લઈને મોટો નિર્ણય લીધો છે. એવા સમાચાર મળી રહ્યા છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવને જોતા હાલમાં આ મલ્ટીનેશનલ ટૂર્નામેન્ટથી દૂર રહેવાનો નિર્ણય લીધો છે. બીસીસીઆઈના નિર્ણય અનુસાર, ટીમ ઈંડિયા આવનારા સમયમાં હાલ એશિયા કપમાં ભાગ નહીં લે. પોતાના નિર્ણય વિશે તેમણે એશિયન ક્રિકેટ કાઉંસિલ એટલે કે ACCને પણ વાત કરી દીધી છે. ધ ઈન્ડિયન એક્સપ્રેસનું માનવું છે કે બીસીસીઆઈ આવતા મહિને શ્રીલંકામાં યોજાનાર મહિલા ઈમર્જિંગ એશિયા કપનો પણ બહિષ્કાર કરશે. તે સિવાય, ટીમ ઈન્ડિયા સપ્ટેમ્બરમાં યોજાનાર મેન્સ એશિયા કપમાંથી ચોક્કસપણે બહાર થઈ જશે.

### મુલાકાતથી બિહારના રાજકારણમાં હલચલ

## ચૂંટણી પહેલા નીતિશ કુમાર અને ચિરાગ પાસવાનની મુલાકાત

**। (એજન્સી) પટણા, તા.૧૯ ।** કેન્દ્રીય મંત્રી અને લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાને આજે સોમવારે મુખ્યમંત્રી નીતિશ કુમારની મુલાકાત લીધી હતી. બિહાર ચૂંટણી પહેલાં બંને દિગ્ગજ નેતાઓની મુલાકાતથી રાજ્યના રાજકારણમાં ખળભળાટ મચ્યો છે. બંને વચ્ચે કયાં મુદ્દાઓ પર ચર્ચાઓ થઈ હશે તે જાણવા સૌ કોઈ આતુર બન્યા છે. મુખ્યમંત્રી નિવાસ સ્થાને યોજાયેલી આ બેઠકમાં જેડીયુના વરિષ્ઠ નેતા



તથા જળ સંસાધન મંત્રી વિજય કુમાર ચૌધરી પણ ઉપસ્થિત હતાં. મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથે પાસવાનની આ મુલાકાત ઔપચારિક હોવાનું જણાવવામાં આવ્યું છે.

ચિરાગ પાસવાને મુખ્યમંત્રી સાથે ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ અને બિહાર માટે આ દિશામાં હાથ ધરવામાં આવેલી પહેલ વિશે વાત કરી હતી. આ સંદર્ભે યોજાનારા એક કાર્યક્રમ વિશે પણ મુખ્યમંત્રીને માહિતી આપી હતી. નીતિશ કુમારે આ માટે ચિરાગ પાસવાનને અભિનંદન પાઠવ્યા હતાં. આ બેઠકમાં તેમની સાથે તેમના પક્ષના કેટલાક નેતાઓ પણ હાજર હતા. તાજેતરમાં મુખ્યમંત્રીએ બિહારમાં NDA નેતાઓ સાથે ચૂંટણીના મુદ્દા પર અલગથી મુલાકાત કરીને ચર્ચા શરૂ કરી છે.

#### સોલાપુરમાં કાપડની મિલમાં ભીષણ આગ

**। (એજન્સી) મુંબઇ, તા.૧૯ ।** મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં એક ફેક્ટરીમાં ભીષણ આગ લાગવાની ઘટના બની છે. જેમાં ત્રણ મહિલા સહિત આઠ લોકોના મોત થયા છે. પ્રાથમિક માહિતી મુજબ, મુંબઈથી લગભગ ૪૦૦ કિલોમીટર દૂર સોલાપુર એમઆઈડીસીમાં અક્કલકોટ રોડ પર આવેલી સેન્ટ્રલ ટેક્સટાઈલ મિલ્સમાં સવારે લગભગ ૩-૪૫ કલાકે શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી. મૃતકોમાં ફેક્ટરીના માલિક હાજી ઉસ્માન હસનભાઈ મંસૂરી, તેમનો દોઢ વર્ષના પૌત્ર સહિત તેમના પરિવારના ત્રણ સભ્યો અને ચાર કર્મચારી સામેલ છે.

### ડેલિગેશન મુદ્દે પવારની રાઉતને સલાહ

## સ્થાનિક રાજકારણને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ સાથે ના જોડશો : એનસીપી

**। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।** ઓપરેશન સિંદૂરની સફળતાની ગાથા વિશ્વ સમક્ષ રજૂ કરવા તેમજ પાકિસ્તાનનો પર્દાફાશ કરવા કેન્દ્ર સરકારે ૩૨ દેશોમાં જુદા-જુદા સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ મોકલવાની કવાયતની ટીકા કરતાં સંજય રાઉતને એનસીપી અધ્યક્ષ શરદ પવારે સલાહ આપી છે. પવારે સંજય રાઉતને સ્થાનિક રાજકારણને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ સાથે ન જોડવા અપીલ કરી છે. આ પ્રતિનિધિમંડળમાં વિવિધ રાજકીય પક્ષોના સાંસદો, પૂર્વ મંત્રી અને રાજદૂત સામેલ છે. એનસીપી અધ્યક્ષ શરદ પવારે સરકારના આ નિર્ણયને આવકાર્યો છે, જ્યારે સંજય રાઉતે સરકારના આ નિર્ણયની ટીકા કરતાં પ્રતિનિધિમંડળની તુલના વરઘોડાના જાનૈયાઓ સાથે કરી હતી. જેનો જવાબ આપતાં પવારે સંજય રાઉતને સલાહ આપી હતી. શરદ પવારે સંજય રાઉત પર નિશાન સાધતા કહ્યું કે, સ્થાનિક રાજકારણને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ સાથે જોડશો નહીં. આ મામલે પક્ષના આધાર પર નિર્ણયો ન લો. રાષ્ટ્ર હિતમાં નિર્ણય લો.

### ખાન યુનુસ વિસ્તાર તાત્કાલીક ખાલી કરવા આદેશ

## અમે ગાઝા પટ્ટીના તમામ વિસ્તારો ઉપર કબજો કરીશું : નેતન્યાહૂ

### ઈઝરાયલના વડાપ્રધાને કહ્યું કે, 'વ્યવહારિક અને રાજદ્વારી કારણોસર આપણે ગાઝાની વસ્તીને દુષ્કાળ તરફ ન જવા દેવી જોઈએ

**। (એજન્સી) ગાઝા, તા.૧૯ ।** ઈઝરાયલી સેનાએ સતત પાંચ દિવસથી ગાઝા પર ભયાનક હુમલો કરતાં ૩૨૦ લોકોના મોત થયા છે. સેનાના મિસાઈલ સહિતના હુમલામાં શરણાર્થી શિબિરો અને હોસ્પિટલને મોટાપાયે નુકસાન થયું છે, ત્યારે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ આખા ગાઝા પર કબજો જમાવવાની વાત કરતા વિશ્વભરમાં ખળભળાટ



મચી ગયો છે. નેતન્યાહૂના નિર્ણય બાદ ઈઝરાયલી સેના (IDF) એ પૂરજોશમાં અભિયાન શરૂ કરી દઈધું છે. આઈડીએફએ દક્ષિણ ગાઝાના ખાન યુનુસની આસપાસના વિસ્તારો ખાલી કરવાનો આદેશ આપ્યો છે. પેલેસ્ટાઈની લોકોને તાત્કાલીક વિસ્તાર ખાલી કરવા કહ્યું છે. ઈઝરાયલી સેનાએ ગાઝામાં મોટાપાયે નવું અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી છે. નેતન્યાહૂએ ટેલીગ્રામ પર એક વીડિયો પોસ્ટ કરીને કહ્યું છે કે, 'યુદ્ધ ખૂબ ગંભીર છે અને અમે આગળ વધી રહ્યા છીએ.

### ૨૦ને ઈજા, અનેક બિલ્ડિંગોને નુકસાન

## બલૂચિસ્તાનમાં ભયાનક વિસ્ફોટ-ફાયરિંગ, ૪ના મોત

**। (એજન્સી) બલૂચિસ્તાન, તા.૧૯ ।** પાકિસ્તાનના અશાંક બલૂચિસ્તાન પ્રાંતના એક માર્કેટમાં ભયાનક વિસ્ફોટ થયો છે, જેમાં ચાર લોકોના મોત અને ૨૦ લોકોને ઈજા થઈ છે. મીડિયા રિપોર્ટ મુજબ, અબ્દુલ્લા જિલ્લા સ્થિત જબ્બાર માર્કેટમાં રવિવારે વિસ્ફોટ થયો હતો, જેમાં અનેક બિલ્ડિંગોને પણ નુકસાન થયું છે. મળતા અહેવાલો મુજબ વિસ્ફોટના કારણે અહીં અનેક દુકાનો ધરાશાયી છે અને અનેક દુકાનોમાં આગ લાગી છે. આ દરમિયાન અજાણ્યા હુમલાખોરોએ ફાયરિંગ પણ કર્યું છે. અબ્દુલ્લા જિલ્લાના નાયબ કમિશ્નર રિયાજ ખાને કહ્યું કે, 'વિસ્ફોટમાં ચાર લોકોના મોત અને ૨૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. પાકિસ્તાનના ચાર અર્ધલશ્કરી દળોનું એક ફ્રન્ટિયર કોર બિલ્ડિંગ પાછળ જબ્બાર માર્કેટ સ્થિત ધડાકો થયો હતો. અજાણ્યા હુમલાખોરોએ બિલ્ડિંગના કર્મચારીઓ પર આડેધડ ગોળીબાર પણ કર્યો છે.' વિસ્ફોટ અને ફાયરિંગની ઘટના બાદ અધિકારીઓએ આખા વિસ્તારને ખાલી કરાવી સીલ કરી દીધો છે.

### રિપોર્ટમાં થયો ચોંકાવનારો ખુલાસો

## પાકિસ્તાને સુવર્ણ મંદિર પર કર્યો હતો હુમલાનો પ્રયાસ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।** ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાનમાં ઉછરી રહેલા આતંકવાદીઓને પાઠ ભણાવ્યો, પરંતુ પાકિસ્તાને હજુ પણ પોતાની ગતિવિધિઓ બંધ કરી ન હતી. તેણે ૭ અને ૮ મેની રાત્રે દેશના ઘણા શહેરો પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો.

અમૃતસરનું સુવર્ણ મંદિર પણ પાકિસ્તાનના નિશાના પર હતું, પરંતુ ભારતીય સેનાએ તેના પ્લાનને નિષ્ફળ બનાવ્યો હતો. એક રિપોર્ટમાં આ વાતનો ખુલાસો થયો છે. ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં



આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો ત્યારબાદ ગભરાયેલા પાકિસ્તાને ભારત પર અનેક ડ્રોન અને મિસાઈલો છોડ્યા હતા. જોકે, ભારતની મજબૂત એર ડિફેન્સ સિસ્ટમે પાકિસ્તાનના તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા. સોમવારે સેનાએ એક પ્રદર્શન કર્યું કે કેવી રીતે આકાશ મિસાઈલ સિસ્ટમ, L-70 એર ડિફેન્સ ગન સહિત ભારતીય એર ડિફેન્સ સિસ્ટમે અમૃતસરના સુવર્ણ મંદિર અને પંજાબના શહેરોને પાકિસ્તાની મિસાઈલ અને ડ્રોન હુમલાઓથી સુરક્ષિત રાખ્યા હતા.

૧૫મી ઈન્ફેન્ટ્રી ડિવીઝનના જીઓસી (જનરલ ઓફિસર કમાન્ડિંગ) મેજર જનરલ કાર્તિક સી શેષાદ્રીએ જણાવ્યું હતું કે ભારતીય સેનાને પાકિસ્તાન દ્વારા અહીં લશ્કરી ઠેકાણાઓ તેમજ નાગરિકો અને સુવર્ણ મંદિર જેવા ધાર્મિક સ્થળો સહિત અગ્રણી સ્થળોને નિશાન બનાવવાની ચાલને સમજી લીધી હતી.

## પહેલગામ આતંકી હુમલા પછી બે મુસ્લિમ દેશે ભારતની મદદ કરી

### મુંબઈ એરપોર્ટ પરથી ઇસ્લામિક સ્ટેટના બે આતંકવાદીઓ, અબ્દુલ્લા ફયાઝ અને તલ્હા ખાનની ધરપકડ કરવામાં આવી હતી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।** ગયા અઠવાડિયે, NIA દ્વારા મુંબઈ એરપોર્ટ પરથી ઈસ્લામિક સ્ટેટના બે આતંકવાદીઓ, અબ્દુલ્લા ફયાઝ અને તલ્હા ખાનની ધરપકડ કરવામાં આવી હતી. આ બે આતંકવાદીઓની ધરપકડથી જાણવા મળ્યું કે તેઓ ભારતમાં હુમલાઓનું આયોજન કરી રહ્યા હતા અને ઈસ્લામિક સ્ટેટના સ્લીપર સેલ તરીકે સક્રિય હતા. તેની મુંબઈમાં આકસ્મિક ધરપકડ કરવામાં આવી ન હતી, પરંતુ ઈન્ડોનેશિયાથી પ્રત્યાર્પણ બાદ તેને અહીં લાવવામાં આવ્યો હતો. આ વાત સમગ્ર મામલાથી વાકેફ સૂત્રોએ જણાવી છે. તે બંને મહારાષ્ટ્રથી જ ઈસ્લામિક સ્ટેટના સ્લીપર સેલ તરીકે સક્રિય હતા અને પછી ઈન્ડોનેશિયા ભાગી ગયા હતા. તેઓએ વિશ્વની સૌથી મોટી મુસ્લિમ વસ્તી ધરાવતા દેશ ઈન્ડોનેશિયામાં આશરો લીધો હતો, પરંતુ ભારતીય એજન્સીઓની સતર્કતાને કારણે તેઓ ફસાઈ ગયા. આ ઉપરાંત, ઈન્ડોનેશિયાએ આતંકવાદ સામેની લડાઈમાં ભારતને ટેકો આપવાનું પોતાનું વચન પણ પૂર્ણ કર્યું. ઈન્ડોનેશિયા તરફથી આ મોટી મદદ એવા સમયે આવી છે જ્યારે પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારત પાકિસ્તાન સાથે તણાવનો સામનો કરી રહ્યું છે. એટલું જ નહીં, કેટલાક દિવસો સુધી યુદ્ધ જેવી સ્થિતિ ચાલુ રહી. ઈન્ડોનેશિયાએ પણ પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરી અને આતંકવાદ સામે લડવામાં ભારતની સાથે ઉભા રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. ઈન્ડોનેશિયાએ પોતાનું વચન પૂરું કર્યું છે અને બે આતંકવાદીઓને સોંપી દીધા છે. તેમણે ઈસ્લામિક સહકાર સંગઠનમાં ભારતનું પ્રતિનિધિત્વ પણ કર્યું. તમને જણાવી દઈએ કે ભારતના ઈન્ડોનેશિયા સાથે જૂના સંબંધો રહ્યા છે. આ ઉપરાંત, સાંસ્કૃતિક રીતે પણ ઈન્ડોનેશિયા પોતાને ભારતીય સંસ્કૃતિનું અનુયાયી માને છે. આ વર્ષે જાન્યુઆરીમાં પણ ઈન્ડોનેશિયાના પ્રમુખ પ્રબોવો સુબિયાન્ટો પ્રજાસત્તાક દિવસની પરેડમાં મહેમાન તરીકે આવ્યા હતા. ભારત પછી પાકિસ્તાન જવાનો પણ તેમનો પ્લાન હતો. જ્યારે ભારતે આનો વિરોધ કર્યો, ત્યારે તેમણે પાકિસ્તાન જવાની યોજના મુલતવી રાખી. પછી તેઓ લાંબા સમય સુધી ભારતમાં રહ્યા. તે ભારતમાં નિર્ધારિત સમય કરતાં વધુ સમય રહ્યો. આ ભારતના ઈન્ડોનેશિયા સાથેના સંબંધોની ઊંડાઈ દર્શાવે છે. આ બે આતંકવાદીઓના પ્રત્યાર્પણ પાછળ ભારત સરકારના રાજદ્વારી પ્રયાસોની સફળતા હોવાનું માનવામાં આવે છે. સુબિયાન્ટોને તાજેતરમાં ઈન્ડોનેશિયામાં નિયુક્ત ભારતીય રાજદૂતને મળ્યા હતા.

## એક મહિનામાં સૂકા મેવાના ભાવમાં વધારો જોવા મળ્યો

। (એજન્સી) રાજકોટ, તા.૧૯।

સામાન્ય રીતે ડ્રાયફ્રુટ મોટાભાગના લોકોને ભાવતા હોય છે. પરંતુ તાજેતરમાં સર્જાયેલી યુદ્ધની પરિસ્થિતિની અસર ડ્રાયફ્રુટના ભાવ પર પણ પડી છે. બજારોમાં કાજુ અને બદામની ખરીદી માટે આવેલા ગ્રાહકો હવે ભાવો સાંભળીને અચંબિત થઈ જાય છે. છેલ્લા એક મહિનામાં સૂકા મેવાના ભાવમાં ૧૦થી ૧૫ ટકાનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ભારત-પાકિસ્તાન વચ્ચે સતત વધતા તણાવ અને અથડામણની પરિસ્થિતિએ માત્ર સૈન્ય અને રાજકીય સ્તરે જ નહીં, પણ બજારમાં પણ અસર જોવા મળી રહી છે. ખાસ કરીને ડ્રાયફ્રૂટ માર્કેટ પર એનો સીધો પડઘો પડ્યો છે. આ અંગે શહેરના જાણીતા ડ્રાયફ્રૂટ વેપારી દિપકભાઈએ જણાવ્યું કે, ''અત્યારે કાજુ અને બદામના ભાવમાં વધારો જોવા મળ્યો છે. કારણ કે ઈરાન અને અફઘાનિસ્તાનથી જે ડ્રાયફ્રુટ આવે છે તે વાયા પાકિસ્તાન થઈને વાઘા બોર્ડર મારફતે જ આવે છે. ત્યારે આ બોર્ડર બંધ થતાં સપ્લાય અટક્યો છે જેથી ભાવમાં વધારો જોવા મળ્યો છે.'' ભાવ વધારા અંગે તેમણે જણાવ્યું કે, ''ખાસ કરીને અત્યારે કિસમિસ, જરદાલુ, કાજુ, બદામ અને અંજીરના ભાવમાં વધારો જોવા મળ્યો છે. અગાઉ જે કાજુ ૮૦૦ કિલો મળતો હતો તે હવે ૯૫૦ થી૧૧૦૦ સુધી પહોંચી ગયો છે. બદામ પણ ૭૫૦માંથી હવે ૯૦૦ સુધી ગયા છે. આફ્રિકા અને વિયેતનામમાંથી કાજુની ઈમ્પોર્ટ મોડી પડી છે.'' બીજી તરફ લોકોમાં આરોગ્ય માટે સૂકા મેવાની માંગ વધી રહી છે. સપ્લાય ઓછી અને માંગ વધુ હોવાના કારણે અત્યારે ડ્રાયફ્રુટના ભાવમાં વધારો જોવા મળ્યો છે. અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાંથી આવતા અખરોટ, પિસ્તા અને અંજીર જેવી ચીજવસ્તુઓનો સ્ટોક ઘટી ગયો છે. જો એ તરફથી સપ્લાય અટકે, તો નેચરલી ભાવ ઊંચા જશે. જોકે અત્યારે આપણા દેશમાં આગામી ૬ મહિના સુધી ચાલે એટલો ડ્રાયફ્રુટનો સ્ટોક છે. પરંતુ જો પરિસ્થિતિ આવીને આવી રહે તો શું થાય? એવા ડરથી વેપારીઓ એકબીજાને માલ વેચવાનું જોખમ લેવા ઈચ્છતા નથી.



મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વિસનગર ખાતે આધુનિક સુવિધાઓથી સુસજ્જ નવનિર્મિત નગરપાલિકા ભવન અને તાલુકા પંચાયત ભવનનું લોકાર્પણ કર્યું.

### પોલીસે આ મામલે ૧૨ લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી

## બાકરોલમાં ગાળો બોલતા છોકરાને ઠપકો મળ્યો અને બે જૂથ બાખડ્યા

### બંને પક્ષના લોકો વચ્ચે તલવાર, દંડા, છરી જેવા હથિયારો વડે મારામારી થઇ હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

બાકરોલના બાદરાબાદ વણકરવાસ નજીક કેટલાક છોકરાઓ રમી રહ્યા હતા. રમત રમતી વખતે આ છોકરાઓ ગાળાગાળી કરતા હોવાથી એક વડીલે ઠપકો આપીને એક છોકરાને લાફો માર્યો હતો. છોકરાએ તેના પિતાને વાત કરતા અનેક લોકો આ વડીલના ઘર પાસે હથિયારો સાથે પહોંચી ગયા હતા.

બાદમાં બંને પક્ષના લોકો વચ્ચે તલવાર, દંડા, છરી જેવા હથિયારો વડે મારામારી થઇ હતી. આ મામલે અસલાલી પોલીસે બંને પક્ષના લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બાકરોલમાં રહેતા વિનોદભાઈ મકવાણા પરિવારજનો સાથે ઘરે હાજર હતા. ત્યારે તેમના ઘર પાસે કેટલાક લોકો રમતા રમતી વખતે ગાળાગાળી કરતા હતા. જેથી તેમણે એક છોકરાને લાફો મારી દીધો હતો. આ છોકરાએ તેના પિતાને જાણ કરતા વિષ્ણુભાઈ મકવાણા સહિતના લોકો તલવાર અને પાઈપો લઈને આવી ગયા હતા. ટોળાએ આ બાબતનું મનદુખ રાખીને ઝઘડો કરીને ગાળાગાળી કરીને મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં ટોળાએ હથિયારોથી હુમલો કર્યો હતો. વિનોદભાઈના પરિવારજનો વચ્ચે પડતા તેમના પર પણ હુમલો કર્યો હતો. પોલીસે આ મામલે ૧૨ લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જ્યારે બીજીબાજુ અસલાલી પોલીસે દિનેશભાઈ મકવાણાની પણ આ મામલે ફરિયાદ નોંધી છે. દિનેશભાઈએ પણ આક્ષેપ કર્યો છે કે સામેના પક્ષના લોકો સાથે રમત રમતા છોકરાને માર મારવા બદલ તકરાર થઈ હતી. બાદમાં સામેના પક્ષના લોકોમાંથી વિનોદભાઈ સહિતના લોકોએ પાઈપ અને છરા લઈને મારામારી કરી હતી. અસલાલી પોલીસે ચાર લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ૮૫% તો ફક્ત કન્સલ્ટન્ટ

## અમદાવાદની ૭૫ લાખની વસતી સામે માત્ર ૧ હજાર ફેમિલી ડોક્ટર ઉપલબ્ધ

### આજથી થોડા વર્ષ અગાઉ ફેમિલી ફિઝિશિયન કુટુંબના દરેક સભ્યને વ્યક્તિગત રીતે ઓળખતા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ફેમિલી ફિઝિશિયન સ્વાસ્થ્ય સેવાની કરોડરજ્જુ સમાન ગણવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષથી ફેમિલી ફિઝિશિયનની પ્રથા ધીરે-ધીરે લુપ્ત થઈ રહી છે. હાલ અમદાવાદની અંદાજે ૭૫ લાખની વસતીમાં માત્ર ૧૦૦૦ જેટલા રજીસ્ટર્ડ ફેમિલી ફિઝિશિયન છે. દર વર્ષે ૧૯ મે ના રોજ વિશ્વભરમાં લોકોને પ્રાથમિક સારવાર પૂરી પાડતા ફેમિલી ડૉક્ટરની સેવાઓને બિરદાવવાનાં ભાગરૂપે 'વર્લ્ડ ફેમિલી ડૉક્ટર ડે' ની ઉજવણી ફેડરેશન ઓફ ફેમિલી ફિઝિશિયન્સ એસોસીએશન ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવે છે. આજથી થોડા વર્ષ અગાઉ ફેમિલી ફિઝિશિયન કુટુંબના દરેક સભ્યને વ્યક્તિગત રીતે ઓળખતા હતા અને કુટુંબના તમામ સભ્યોની મેડિકલ હિસ્ટ્રીથી પણ તેઓ વાકેફ હતા. પરંતુ છેલ્લાં ઘણાં સમયથી ફેમિલી ફિઝિશિયનની પ્રથા ધીમે ધીમે લુપ્ત થતી જાય છે અને આ બાબત ચિંતાજનક ગણાય છે. હવે તબીબી સેવાઓ માટે ડૉક્ટર્સ-કન્સલ્ટન્ટની નવી પ્રથા અમલમાં આવી છે. ધીમે ધીમે ફેમિલી ડૉક્ટરનું પ્રમાણ ઓછું થતું જાય છે. ૧૯૮૦-૯૦ પહેલાં ફેમિલી ડૉક્ટર્સ ૮૦-૮૫% હતા અને માત્ર ૧૦ થી ૧૫% ડૉક્ટર કન્સલ્ટન્ટ હતા. હાલ ૮૦ થી ૮૫% ડૉક્ટર્સ કન્સલ્ટન્ટ છે અને માત્ર ૧૦-૧૨% ફેમિલી ડૉક્ટર તરીકે સેવા આપે છે.

## ગુજરાતના ૫૪ જળાશયોમાં હવે ૧૦%થી ઓછું જળસ્તર

### ગુજરાતમાં ગત વર્ષે ૧૭ મે સુધીમાં ૪૩ ટકા જળસ્તર હતું, જેની સરખામણીએ આ વખતે જળસ્તરની સ્થિતિ આંશિક સારી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

ઉનાળાની આકરી ગરમી વચ્ચે ગુજરાતના જળાશયોમાં જળસ્તર ૫૦ ટકાથી પણ વધુ ઘટી ગયુ છે. જ્યારે ૫૪ જળાશયોમાં જળસ્તર હવે ૧૦ ટકાથી પણ ઓછું છે. એટલુ જ નહીં ૬ જળાશયો સંપૂર્ણપણે ખાલીખમ થઈ ગયા છે. સતત ઘટતાં જળસ્તરને પગલે ખાસ કરીને અનેક ગ્રામ્ય વિસ્તારો હવે ટેન્કર પર નિર્ભર બન્યા છે.ગુજરાતમાં ગત વર્ષે ૧૭ મે સુધીમાં ૪૩ ટકા જળસ્તર હતું. જેની સરખામણીએ આ વખતે જળસ્તરની સ્થિતિ આંશિક સારી છે. હાલ ૭૦ ટકાથી વધુ જળસ્તર હોય તેમાં રાજકોટના આજી-૨, ભાદર-૨, ન્યારી-૨, મોરબીના મચ્છુ-૨, મહિસાગરના વણાકબોરી, સુરેન્દ્રનગરના ધોળી ધજા, કચ્છના કાલાઘોઘા, જુનાગઢના ઓઝત-વીર, છોટા ઉદેપુરના સુખી, ભરૂચના ધોળીનો સમાવેશ થાય છે. કચ્છમાં સૌથી ઓછું ૩૦.૦૮ ટકા જળસ્તર છે. કચ્છમાંથી કૈલા, રૂદ્રમાતા, કસવતિ, માથલમાં જળસ્તર હવે ૧૦ ટકાથી પણ નીચે છે. બરાબર એક મહિના અગાઉ એટલે કે ૧૭ એપ્રિલના કચ્છમાં ૩૮ ટકા જળસ્તર હતું. આમ, એક મહિનામાં જળસ્તર ૮ ટકા જેટલું ઘટ્યું છે. આ સિવાય સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં હાલ જળસ્તર ૩૧.૪૬ ટકા છે. આમ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં જળસ્તર મામલે સ્થિતિ ચિંતાજનક છે.મોટા જળાશયો કે જ્યાં જળસ્તર ૫૦ ટકાથી પણ ઓછું છે તેમાં બનાસકાંઠાના સિપુ, મોરબીના મચ્છુ-૨, બ્રહ્માણી, અરવલ્લીના હાથમતિ, ભાવનગરના શેત્રુંજી, મહેસાણાના ધરોઈ-કડાણા, રાજકોટના ભાદર, તાપીના ઉકાઈ અને વલસાડના દમણગંગાનો સમાવેશ થાય છે. જળસ્તરમાં મોટો ઘટાડો થયો હોવા છતાં રાજ્યને જળસંકટને સામનો નહીં કરવો પડે તેવો તંત્રનો દાવો છે. રાહતની વાત એ પણ છે કે, આ વખતે ચોમાસાની વહેલી શરૂઆત થવાની છે. તેમજ ચોમાસુ સામાન્યથી સારૂ રહેવાનો આશાવાદ પણ હવામાન વિભાગે આપ્યો છે.

### પત્નીના ત્રાસથી કર્યો આપઘાતનો પ્રયાસ

## વડોદરાના એક યુવકે કોર્ટના વોશરૂમમાં ઝેરી દવા ગટગટાવી

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

બે દિવસ અગાઉ સુરતના યુવકે પત્નીના ત્રાસથી કંટાળીને આપઘાત કર્યો હતો. ત્યારબાદ હવે વડોદરાના યુવકે બોટાદ કોર્ટના વોશરૂમમાં ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

વડોદરાના જયમીનભાઈ અશોકભાઈ ચૌહાણ નામના યુવકે પત્નીના ત્રાસથી કંટાળી જતાં આ પગલું ભર્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર ભરણપોષણ અને કલમ ૪૯૮ સહિતના કેસની મુદત માટે બોટાદ કોર્ટમાં આવેલા વડોદરાના યુવકે કોર્ટના વોશ રૂમમાં ઝેરી દવા પી આત્મહત્યાની કોશીષ કરી હતી. જયમીન અશોકભાઈ ચૌહાણ નામના યુવકની પત્ની ગોપીબેન વારંવાર હેરાન-પરેશાન કરી ખોટા કેસ કર્યા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા. યુવકને લાગી આવતા તેણે કોર્ટના વોશ રૂમમાં જઈને ઝેરી દવા પી લેતા તાત્કાલિક ૧૦૮ દ્વારા સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

### ઠંડી બિયર વેચવાનું કારસ્તાન ઝડપાયું

## વડોદરામાં અંડરગ્રાઉન્ડ ખાડો ખોદીને બનાવ્યું હતું ફ્રીઝર

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

બુટલેગરો પોલીસથી બચવા નિતનવા કીમિયા અપનાવતા રહે છે ત્યારે વડોદરામાં પોલીસથી બચવા બુટલેગરે નવો કીમિયો અપનાવ્યો છે. બુટલેગરે જમીનમાં ખાડો ખોદીને પીપળાનું સ્ટોરેજ અને ફ્રીઝર બનાવ્યું છે. જ્યાં અંડરગ્રાઉન્ડ પીપડામાં બરફ નાખી ઠંડી બિયર વેચવાનું કારસ્તાન ઝડપાયું. સ્થાનિક પોલીસે ૫૮,૦૦૦થી વધુના મુદ્દામાલ સાથે અજય નામના બુટલેગરની ધરપકડ કરી છે. જ્યારે એક મહિલા બુટલેગર ફરાર છે. મહિલા બુટલેગર ફરાર PCBએ બાતમીના આધારે સયાજીપુરા વુડાના મકાનમાં રેડ પાડતા આ મોટું કારસ્તાન સામે આવ્યું હતું. પોલીસે ૫૮ હજારના મુદ્દામાલ સાથે બુટલેગર અજય ઉધરેજીયાની ધરપકડ કરી લીધી છે.

સયાજીપુરામાં વિદેશી દારૂનો ધંધો કરતા આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે દારૂની ૨૪૦થી વધારે બોટલ કબજે કરી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, સયાજીપુરા પાણીની ટાંકી પાસે મહાશક્તિ વુડાના મકાનમાં રહેતો અજય ભરતભાઈ ઉધરેજીયા પોતાના ઘરના બાજુના બ્લોકમાં રહેતી દાદીના ઘરે વિદેશી દારૂની બોટલો રાખી વેચાણ કરતો હોવાની માહિતી પીસીબીને મળી હતી. જે મુજબ પોલીસની ટીમે ત્યાં જઈને સ્થળ પર રેડ કરી હતી. પોલીસે અજયને ઝડપી પાડ્યો હતો. તેના મકાનમાં તેમજ અવાવરુ જગ્યાએ ખાડો ખોદીને પીપડું ઉતારી તેમાં દારૂનો જથ્થો સંતાડી રાખ્યો હતો. પોલીસે દારૂની ૨૪૧ બોટલ કિંમત રૂપિયા ૫૩,૩૫૦ ની કબજે કરી હતી.

### પત્નીના ત્રાસથી કર્યો આપઘાતનો પ્રયાસ

## વડોદરાના એક યુવકે કોર્ટના વોશરૂમમાં ઝેરી દવા ગટગટાવી

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

બે દિવસ અગાઉ સુરતના યુવકે પત્નીના ત્રાસથી કંટાળીને આપઘાત કર્યો હતો. ત્યારબાદ હવે વડોદરાના યુવકે બોટાદ કોર્ટના વોશરૂમમાં ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

વડોદરાના જયમીનભાઈ અશોકભાઈ ચૌહાણ નામના યુવકે પત્નીના ત્રાસથી કંટાળી જતાં આ પગલું ભર્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર ભરણપોષણ અને કલમ ૪૯૮ સહિતના કેસની મુદત માટે બોટાદ કોર્ટમાં આવેલા વડોદરાના યુવકે કોર્ટના વોશ રૂમમાં ઝેરી દવા પી આત્મહત્યાની કોશીષ કરી હતી. જયમીન અશોકભાઈ ચૌહાણ નામના યુવકની પત્ની ગોપીબેન વારંવાર હેરાન-પરેશાન કરી ખોટા કેસ કર્યા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા. યુવકને લાગી આવતા તેણે કોર્ટના વોશ રૂમમાં જઈને ઝેરી દવા પી લેતા તાત્કાલિક ૧૦૮ દ્વારા સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

## વિશેષ

### અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી જી. એસ. મલિકની પ્રોત્સાહક ઉપસ્થિતિ

# ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમદાવાદમાં માધુપુરા પોલીસ લાઈન તેમજ ઈસનપુર અને દાણીલીમડા પોલીસ લાઈનના સમર કેમ્પની મુલાકાત લીધી

। (માહિતી) અમદાવાદ ।

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમદાવાદ શહેરની માધુપુરા પોલીસ લાઈન તેમજ ઈસનપુર અને દાણીલીમડા પોલીસ લાઈનના સમર કેમ્પની મુલાકાત લઈને આ કેમ્પમાં બાળકોની પ્રવૃત્તિઓ નિહાળી હતી. આ અવસરે સમગ્ર અમદાવાદની પોલીસ ટીમને અભિનંદન પાઠવતા ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ પોલીસ પરિવારના વેલ્ફેરને લક્ષ્યમાં રાખીને શહેર પોલીસ પરિવારનાં બાળકો માટે અમદાવાદ શહેરની વિવિધ પોલીસ લાઈનમાં ૧૪ જેટલા સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જે અમદાવાદ પોલીસની પ્રશંસનીય પહેલ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઉનાળાના વેકેશનમાં બાળકો ઘરે બેઠા સૌથી વધુ ઉપયોગ મોબાઈલનો કરતાં હોય છે અને સોશિયલ મીડિયામાં વ્યસ્ત રહેતાં હોય છે. બાળકો આ મોબાઈલના દૂષણમાંથી બહાર આવે તે માટે અમદાવાદ શહેર પોલીસ દ્વારા આ સમર કેમ્પ થકી એક અદભુત પહેલ કરવામાં આવી છે.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, આ સમર કેમ્પ થકી બાળકો માટી પર રમાતી રમતોમાં રુચિ દાખવતા થયાં છે. આ સાથો સાથ બાળકોને ગમતી પ્રવૃત્તિઓ જેમ કે, ડ્રોઈંગ, યોગ, ફનીગેમ, દોડ વોક, ડાન્સ, પેપર ક્રાફ્ટ, ચેસ, કેન્વાસ પેઈન્ટિંગ, પેઈન્ટિંગ, આર્ટ એન્ડ ક્રાફ્ટ, સંગીત સાથે જોડવાનું ભગીરથ કાર્ય અમદાવાદ પોલીસની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

સમર કેમ્પ અંગે વાત કરતા ગૃહ રાજ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ સમર કેમ્પમાં બાળકો ખૂબ જ





ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. આ કેમ્પમાં અંદાજિત ૫૦૦થી વધુ બાળકોએ ભાગ લીધો છે. આ સમર કેમ્પમાં બાળકો સ્વૈચ્છિક રીતે જોડાઈ રહ્યાં છે. આ સમર કેમ થકી બાળકોના વ્યવહારમાં પણ ખૂબ મોટો ફરક જોવા મળી રહ્યો છે.

પોલીસ માત્ર ગુનેગારોને પકડવા કે પછી કાયદો વ્યવસ્થા જાળવવા માટે નહીં પણ તેનાથી વધુ એક પગલું આગળ વધીને માનવ જીવનમાં ખાસ કરીને આ સમર કેમ્પ થકી બાળકોની જીવન જીવવાની રીતમાં બદલાવ લાવવાનો જે પ્રયાસ કરવામાં આવ્યો છે અને એમાં સફળતા પ્રાપ્ત થઈ તે ખરેખર ખૂબ પ્રશંસનીય છે, તેવું તેમણે ઉમેર્યુ હતું.

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી જી. એસ. મલિકે કહ્યું કે, અમદાવાદ શહેર પોલીસ દ્વારા છેલ્લાં બે વર્ષથી ઉનાળાના વેકેશનમાં વોકેશનલ ટ્રેનિંગ એટલે કે સમર કેમ્પ'નું આયોજન કરવામાં આવે છે. આ ઉનાળા વેકેશન દરમિયાન અમદાવાદ શહેરની વિવિધ પોલીસ લાઈનમાં ૧૪ જેટલા સમર કેમ્પ આયોજિત કરવામાં આવ્યાં છે.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમદાવાદમાં માધુપુરા પોલીસ લાઈન તેમજ ઈસનપુર અને દાણીલીમડા પોલીસ લાઈનના સમર કેમ્પની મુલાકાત લીધી ત્યારે સંયુક્ત પોલીસ કમિશનર શ્રી સેક્ટર-૨ જયપાલસિંહ રાઠોડ, ઝોન ૪ ડીસીપી ડૉ. કાનન દેસાઈ, ઝોન ૬ ડીસીપી રવિ મોહન સૈની, ઈસનપુર, દાણીલીમડા અને માધુપુરા પોલીસ સ્ટેશનના પીઆઈશ્રી, પોલીસ સ્ટેશનનો સ્ટાફ, તેમજ બાળકો અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરની તમામ પોલીસ લાઈનો જેમાં દેવજીપુરા પોલીસ લાઈન, એલીસબ્રિજ પોલીસ લાઈન, માધુપુરા પોલીસ લાઈન, અમરાઈવાડી પોલીસ લાઈન, દાણીલીમડા પોલીસ લાઈન, ગોમતીપુર પોલીસ લાઈન, ગાયકવાડ હવેલી પોલીસ લાઈન, રાણીપ પોલીસ લાઈન, મણિનગર પોલીસ લાઈન, વટવા પોલીસ લાઈન, ઓઢવ પોલીસ લાઈન, નરોડા પોલીસ લાઈન, બાપુનગર પોલીસ લાઈન, ઈસનપુર પોલીસ લાઈન તથા પોલીસ મુખ્ય મથક ખાતે આ કેમ્પ નું આયોજન કરવામાં આવે છે.

આ સમર કેમ્પમાં પોલીસ લાઈન ખાતે બાળકો માટે સેલ્ફ ડીફેન્સ, માર્શલ આર્ટ્સ, જીમ્નેસ્ટિક, ડ્રોઈંગ, યોગા, ફનીગેમ, દોડ, ડક વોક, ડાન્સ, પેપર ક્રાફટ, ચેસ, કેન્વાસ પેઈન્ટિંગ, પેઈન્ટિંગ, આર્ટ એન્ડ ક્રાફટ, સંગીત, કીચેઈન મેકિંગ, કેલીગ્રાફ, કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન, બાળકો માટેના વિજ્ઞાન પ્રયોગો, ગ્લાસ પેઈન્ટિંગ, ગ્રીટીંગ કાર્ડ, હોમ મેડીટેશન, નેઈલ આર્ટ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આ વોકેશનલ ટ્રેનિંગ એટલે કે સમર કેમ્પ અંતર્ગત થનાર ખર્ચ પોલીસ વેલ્ફેર ફંડમાથી ચૂકવવામાં આવે છે. આ સમર કેમ્પનો મુખ્ય હેતુ બાળકોનો શૈક્ષણિક, રમતગમત તથા સાંસ્કૃતિક વિકાસ કરવાનો છે.

આ સમર કેમ્પમાં પોલીસ પરિવારનાં બાળકો એવી પ્રવૃત્તિઓથી પરિચિત થાય છે કે જેનાથી તેમની વિવેચનાત્મક અને તાર્કિક કુશળતામાં સુધારો આવી શકે છે. સાથે જ, બાળકોમાં સામાજિક કૌશલ્યો વિકસે, તેમના વ્યક્તિગત વિકાસને પ્રોત્સાહન મળે, તેઓ શારીરિક પ્રવૃત્તિઓમાં જોડાય, નવા મિત્રો બનાવે અને મૂલ્યવાન જીવન કૌશલ્યો શીખે તે રીતની તમામ તકો તેમને મળે તેવા ઉદ્દેશથી આ સમર કેમ્પ યોજાઈ રહ્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# નૂહમાંથી વધુ એક ના-પાક. જાસૂસની ધરપકડ કરી લેવાઈ

## હરિયાણા પોલીસ તેમજ કેન્દ્રીય તપાસ એજન્સીઓએ કંગારકા ગામેથી તારીફ નામના શકમંદ વ્યક્તિને ઝડપ્યો

। (એજન્સી) હરિયાણા, તા.૧૯ ।

દેશમાં છેલ્લા ત્રણ દિવસથી પાકિસ્તાની જાસૂસી જાળનો પર્દાફાશ થઈ રહ્યો છે. તે અંતર્ગત હરિયાણાના નૂહમાંથી આજે વધુ એક પાકિસ્તાની જાસૂસ તારીફને ઝડપી લેવામાં આવ્યો છે. તે ઉપરાંત જાસૂસીની જાળનું સંચાલન કરનાર પાકિસ્તાની દૂતાવાસના બે અધિકારીઓ વિરુદ્ધ પણ કેસ FIR દાખલ કરવામાં આવ્યો છે. મળતા અહેવાલ મુજબ, હરિયાણા પોલીસ તેમજ કેન્દ્રીય તપાસ એજન્સીઓએ નૂહ જિલ્લાના કંગારકા ગામેથી તારીફ નામના શકમંદ વ્યક્તિને ઝડપી લીધો છે. તેની ધરપકડ બાદ પાકિસ્તાની દૂતાવાસના બે અધિકારી વિરુદ્ધ પણ કેસ દાખલ કરવામાં આવ્યો છે. વાસ્તવમાં પોલીસ તપાસ દરમિયાન તારિફનું વૉટ્સએપ ચકાસવામાં આવ્યું હતું જે દરમિયાન ધ્યાનમાં આવ્યું કે તે દિલ્હીસ્થિત પાકિસ્તાની દૂતાવાસમાં કામ કરતા બે પાકિસ્તાની નાગરિકો - આસિફ બલોચ અને જાફરના સંપર્કમાં હતો અને તારીફ એ બંનેને ભારતીય સૈન્યની ગતિવિધિની માહિતી મોકલી રહ્યો હતો. આ કામના બદલામાં તેને નાણા મળતા હતા. તારીફ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૩-૨૪માં બે વખત પાકિસ્તાન પણ ગયો છે. ગ્રામજનો દ્વારા મળેલી માહિતી અનુસાર, તારીફના દાદાનો એક ભાઈ પાકિસ્તાનમાં રહે છે. તારીફને બે બાળકો છે, જેમાં એક છોકરો અને એક છોકરી છે. બે દિવસ પહેલા જ રાજાકા ગામના અરમાનની જાસૂસીના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ ગુપ્તચર એજન્સી સંપૂર્ણપણે એલર્ટ મોડ પર આવી ગઈ હતી. સંરક્ષણ એજન્સીઓને મળેલી માહિતીના આધારે તારીફ કાંગરકાને રવિવારની સાંજે બાવળા રોડ પર આવેલા રાધા સ્વામી સત્સંગ ભવનની સામેથી ધરપકડ કરવામાં આવી હતી. તારીફ પર આરોપ છે કે તે વોટ્સએપ દ્વારા ભારતીય સૈન્ય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલી ગુપ્ત માહિતી દિલ્હી સ્થિત પાકિસ્તાન હાઈ કમિશનમાં નિયુક્ત બે કર્મચારીઓને મોકલતો હતો. નૂહ પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી અરમાનને શનિવારે દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનના એક કર્મચારી સાથે ભારતીય સેના અને અન્ય સૈન્ય પ્રવૃત્તિઓ વિશે માહિતી શેર કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. આ ઉપરાંત, એક સ્થાનિક અદાલતે અરમાનને છ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો છે. પોલીસના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય તપાસ એજન્સીઓ પાસેથી મળેલી માહિતીના આધારે તેની ધરપકડ કરવામાં આવી હતી. તે વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને લાંબા સમયથી સંવેદનશીલ માહિતી શેર કરી રહ્યો હતો. પોલીસે જણાવ્યું કે તેના મોબાઈલ ફોનની તપાસ દરમિયાન તેમને પાકિસ્તાની ફોન નંબરો સાથે શેર કરેલી વાતચીત, તસવીરો અને વીડિયો મળ્યા હતા. આ મામલે નૂહ પોલીસે ભારતીય દંડ સંહિતા, ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટ ૧૯૨૩ અને રાજદ્રોહની કલમો હેઠળ આરોપી મોહમ્મદ તારીફ, નિવાસી કાંગરકા, થાણું તાવડૂ, અને દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનમાં નિયુક્ત પાકિસ્તાની નાગરિક આસિફ બલોચ અને ઝફર વિરુદ્ધ કેસ નોંધ્યો છે. આસિફ બલોચ અને ઝફર દિલ્હીમાં આવેલા પાકિસ્તાન હાઈ કમિશનમાં કાર્યરત છે. હરિયાણા પોલીસ અને સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, તેમને બે દિવસ પહેલા ગુપ્ત માહિતી મળી હતી કે તારીફ, નિવાસી કાંગરકા, લાંબા સમયથી ભારતીય સેના અને ડિફેન્સની તૈયારીઓ સાથે જોડાયેલી સંવેદનશીલ માહિતી દુશ્મન દેશ પાકિસ્તાનને વોટ્સએપ દ્વારા મોકલી રહ્યો હતો.

### ન્યુઝ બોક્ષ

## પ્લેઓફમાં એન્ટ્રી સાથે જ RCBએ કરી મોટી જાહેરાત



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

RCB છેલ્લી ૯ સીઝનમાં પાંચમી વખત નોકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ્યું છે. પ્લેઓફમાં પહોંચતાની સાથે જ તેણે એક મોટો નિર્ણય લીધો છે. આરસીબીએ દક્ષિણ આફ્રિકાના લુંગી ન્ગીડીના સ્થાને ઝિમ્બાબ્વેના બ્લેસિંગ મુઝારાબાનીનો ટીમમાં સમાવેશ કર્યો છે. આ સિઝનમાં Ngidi એ RCB માટે માત્ર એક જ મેચ રમી છે. તે ૧૧ જૂનથી ઓસ્ટ્રેલિયા સામે શરૂ થનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ માટે દક્ષિણ આફ્રિકાની ટીમમાં જોડાવા માટે પ્લેઓફ પહેલા રવાના થશે. તેને તેની ભૂતપૂર્વ ટીમ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે તક મળી. તે મેચમાં લુંગી એન્ગિડીએ ૩ વિકેટ લીધી હતી. મુઝારાબાની ૭૫ લાખ રૂપિયાની બેઝ પ્રાઈઝમાં RCB સાથે જોડાશે. તેણે અત્યાર સુધીમાં ઝિમ્બાબ્વે માટે ૭૦ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે અને ૭૮ વિકેટ લીધી છે. મુઝારાબાનીએ ૧૨ ટેસ્ટ અને ૫૫ વનડે પણ રમી છે. તે ૨૬ મે પહેલા RCB માટે રમી શકશે નહીં. મુઝારાબાની ઘણા સમયથી IPLમાં રમવા માંગતો હતો. તેણે ઘણી વખત હરાજી માટે પોતાનું નામ પણ આપ્યું, પરંતુ કોઈએ તેના માટે બોલી લગાવી નહીં. હવે RCB એ તેને પોતાની ટીમમાં સામેલ કર્યો છે.

## શ્રેયસ અય્યરે ટ્રોફી જીતાડી પણ શ્રેય કોઈ બીજાને અપાયો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

IPL 2025 માં પંજાબ કિંગ્સે પ્લેઓફ માટે ક્વોલિફાય કર્યું છે. પંજાબ કિંગ્સે દિલ્હી કેપિટલ્સને હરાવીને IPL પ્લેઓફમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. જેના માટે કેપ્ટન શ્રેયસ ઐય્યર ટીમને આ સ્થાન સુધી પહોંચાડવા ખૂબ જ મહેનત કરી છે. પરંતુ આ મામલે સુનીલ ગાવસ્કરે ગૌતમ ગંભીર પર નિશાન સાધ્યું છે. સુનીલ ગાવસ્કરે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે શ્રેયસ ઐયરને ગયા સિઝનમાં IPL ટાઈટલ જીતવાનો શ્રેય મળ્યો ન હતો. બધો શ્રેય બીજા કોઈને આપવામાં આવ્યો. તેમણે કહ્યું કે મેચમાં કેપ્ટન જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ડગઆઉટમાં બેસીને કોઈ તમને જીતી શકતું નથી. ગાવસ્કરે કહ્યું, જુઓ આ વર્ષે, ઐયરને બધો શ્રેય મળી રહ્યો છે. કોઈ એવું નથી કહેતું કે રિકી પોન્ટિંગે પંજાબને જીત અપાવી.’

## IPL 2025ના પ્લેઓફ માટે ત્રણ ટીમોની ટિકિટ કન્ફર્મ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

IPL 2025 હવે તેના અંતિમ તબક્કા તરફ આગળ વધી રહી છે. પ્લેઓફની ત્રણ ક્વોલિફાયર ટીમો નક્કી થઈ ગઈ છે પરંતુ ચોથા સ્થાન માટે જબરદસ્ત હરીફાઈ ચાલી રહી છે. હાલ પોઈન્ટ ટેબલમાં ગુજરાત ટાઈટન્સ ટોચ પર છે તો એના સિવાય રોયલ ચેલેન્જર્સ બેંગાલુરુ અને પંજાબ કિંગ્સ ક્વોલિફાય થનાર અન્ય બે ટીમો છે. ગુજરાત ટાઈટન્સ (GT) અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રમાયેલી મેચમાં ગુજરાત ટાઈટન્સનો ૧૦ વિકેટથી ભવ્ય વિજય થયો હતો. પ્રથમ બેટિંગ કરતાં દિલ્હી કેપિટલ્સની ટીમે ૨૦ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ૧૯૯ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ગુજરાત ટાઈટન્સ તરફથી સાંઈ સુદર્શને ૬૧ બોલમાં અણનમ ૧૦૧ રન અને શુભમન ગિલે ૫૩ બોલમાં અણનમ ૯૩ રન બનાવીને ગુજરાતને ભવ્ય જીત અપાવી હતી. આ જીત સાથે જ ગુજરાત ટાઈટન્સની ટીમ પોઈન્ટ ટેબલ પર ટોચ પર આવી ગઈ છે. આ ઉપરાંત GT, RCB અને PBKSની ટીમ પ્લેઓફમાં ક્વોલિફાઈ થઈ ગઈ છે. મુંબઈ: હાર્દિક પંડયાની આગેવાનીમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમને ક્વોલિફાય થવા માટે બાકીની બંને મેચો જીતવી પડશે. અથવા જો તેઓ દિલ્હીને હરાવે અને લખનઉ હવે પછીની ત્રણમાંથી એક મેચ હારે તો પણ તેઓ ક્વોલિફાય કરી શકશે.

### માફી અસ્વીકાર, મગરના આંસુ નહીં ચાલે : સુપ્રીમ

# કર્નલ સોફિયા કુરેશી પર વિવાદિત ટિપ્પણી અંગે સુપ્રીમ કોર્ટની ફટકાર

## કાયદા મુજબ થશે કામ, તપાસ કરવા SITની રચના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

આજે સોમવારે, સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશની ભાજપની સરકારના પ્રધાન વિજય શાહની અરજી પર સુનાવણી હાથ ધરી હતી. સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે કહ્યું છે કે તમે વિચાર્યા વિના બોલો છો અને હવે તમે માફી માંગી રહ્યા છો. અમને તમારી માફી જોઈતી નથી. વાસ્તવમાં, વિજય શાહે મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. જસ્ટિસ સૂર્યકાંતની બે સભ્યોની બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી છે. સુપ્રીમ કોર્ટમાં વિજય શાહ વતી વરિષ્ઠ વકીલ મનિન્દર સિંહ હાજર રહ્યા હતા. આદેશ આપતી વખતે, સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમને ખાતરી છે કે FIR ની તપાસ SIT દ્વારા થવી જોઈએ, જેમાં MP કેડરમાંથી સીધા ભરતી કરાયેલા



૩ વરિષ્ઠ IPC અધિકારીઓનો સમાવેશ થાય છે, પરંતુ જેઓ MP સાથે સંબંધિત નથી. આ ૩ માંથી ૧ મહિલા IPS અધિકારી હોવી જોઈએ. ડીજીપી, એમપીને ૧૦ વાગ્યા પહેલા SIT ની રચના કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. તેનું નેતૃત્વ એક IGP દ્વારા કરવામાં આવશે અને બે સભ્યો પણ SP કે તેથી ઉપરના હોદ્દાના હશે. કોર્ટે કહ્યું કે FIRની તપાસ SITને સોંપવામાં આવશે. અરજદારને તપાસમાં જોડાવવા અને સંપૂર્ણ સહયોગ આપવાનો નિર્દેશ આપવામાં આવે છે. વિજય શાહની ધરપકડ કરવા સામે હાલ પુરતી મનાઈ રહેશે. સ્થાપિત કાયદાનું પાલન કરીને, અમે તપાસનું સીધું નિરીક્ષણ કરવાના નથી, પરંતુ ચોક્કસ તથ્યોને ધ્યાનમાં રાખીને, અમે SIT ને તેની તપાસનું પરિણામ સ્ટેટસ રિપોર્ટ દ્વારા સબમિટ કરવાનો નિર્દેશ આપીએ છીએ. આ મામલો ૨૮ મેના રોજ થયો હતો. અગાઉ, વરિષ્ઠ વકીલ મનિન્દર સિંહે દલીલ કરી હતી કે, વિજય શાહ માફી માંગી રહ્યા છે. આના પર જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે તમારી માફી ક્યાં છે? મામલાના સ્વરૂપને ધ્યાનમાં લેતા, તમે કેવા પ્રકારની માફી માંગવા માંગો છો, તમે કયા મગરના આંસુ વહાવવા માંગો છો? સુપ્રીમ કોર્ટે કહ્યું કે તમે વિચાર્યા વિના કર્યું અને હવે તમે માફી માંગી રહ્યા છો.

### ભારત સરકારનો ૩૦ રાજ્યોને આદેશ

# દેશમાંથી બાંગ્લાદેશીઓને શોધો, દસ્તાવેજ ચકાસીને બહાર કાઢો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।



ગૃહ મંત્રાલયે બાંગ્લાદેશ અને મ્યાનમારથી આવેલા સંદિગ્ધ ગેરકાયદેસર પ્રવાસીઓની ઓળખ અને તેમના દસ્તાવેજોની તપાસ માટે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને ૩૦ દિવસની સમય મર્યાદા આપી છે, જે ખુદની ભારતીય નાગરિકતા સાબિત કરે. મંત્રાલયના નિર્દેશો અનુસાર જો ૩૦ દિવસની અંદર દસ્તાવેજોની પુષ્ટિ નહીં થાય તો તેમને દેશમાંથી હાંકી કાઢવામાં આવશે. આ મહિને જાહેર કરાયેલા નિર્દેશોમાં, ગૃહ મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમની વૈધાનિક શક્તિઓનો ઉપયોગ કરીને ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓની ઓળખ, તપાસ અને દેશનિકાલની પ્રક્રિયા શરૂ કરવા જણાવ્યું છે. ઉપરાંત, મંત્રાલયે તમામ રાજ્યોને જિલ્લા સ્તરે પૂરતા પ્રમાણમાં અટકાયત કેન્દ્રો સ્થાપવાનો નિર્દેશ આપ્યો છે જ્યાં શંકાસ્પદ સ્થળાંતર કરનારાઓને દેશનિકાલ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી રાખવામાં આવશે. આ પગલું કેન્દ્ર સરકારની નીતિનો એક ભાગ છે જેના હેઠળ બાંગ્લાદેશ અને મ્યાનમારથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગૃહ મંત્રાલયે પોતાના નિર્દેશોમાં કહ્યું છે કે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ બાંગ્લાદેશી નાગરિકો અને રોહિંગ્યા સ્થળાંતર કરનારાઓનો રેકોર્ડ રાખવો પડશે, જેમને દેશનિકાલ માટે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) અને કોસ્ટ ગાર્ડને સોંપવામાં આવે છે, એમ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલમાં જણાવાયું છે. આ ઉપરાંત, દર મહિનાની ૧૫ તારીખે કેન્દ્ર સરકારને આ સંદર્ભે રિપોર્ટ સુપરત કરવો ફરજિયાત રહેશે. મંત્રાલયે ઈમિગ્રેશન બ્યુરોને દેશનિકાલ કરાયેલા વ્યક્તિઓની યાદી જાહેર પોર્ટલ પર પ્રકાશિત કરવાનો પણ નિર્દેશ આપ્યો છે. આધાર નંબર, મતદાર ઓળખ કાર્ડ અને પાસપોર્ટ જારી કરવાથી રોકવા માટે આ ડેટા યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI), ચૂંટણી પંચ અને વિદેશ મંત્રાલય સાથે શેર કરવામાં આવશે.



ઉનાળાની આકરી ગરમી પડી રહી છે ત્યારે યુવતીઓ તડકાથી બચવા માટે પોતાના માથાને ઢાંકતા નજરે પડે છે.

# નીંદર માણી રહેલા યુવકને સાપે ડંખ મારતા મોત થયું

। (એજન્સી) બાગપત, તા.૧૯ ।

ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાના છાપરૌલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. લુંબ ગામના ટાંડા રામલા રોડ પર સ્થિત એક રેસ્ટોરન્ટમાં ૧૭ વર્ષીય મનોજને સાપે ડંખ માર્યો હતો. આ ઘટના શુક્રવારે મોડી રાત્રે બની હતી, જ્યારે મનોજ કામ પતાવીને ચાદર ઓઢીને રૂમમાં સૂતો હતો. આ ભયાનક દ્રશ્ય રૂમમાં લાગેલા સીસીટીવીમાં કેદ થયું હતું, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે એક કાળો ઝેરી સાપ મનોજની ચાદર પર ઘૂસીને ચઢી ગયો હતો. મનોજ ગાઢ નિંદ્રામાં હતો અને તેને ખ્યાલ પણ નહોતો કે તેનો જીવ જોખમમાં છે. અચાનક સાપે તેને કરડ્યો, જેનાથી તેની ઊંઘ તૂટી ગઈ અને તે ચીસો પાડતો પલંગ પરથી કૂદી પડ્યો. સાપના ડંખનું આ ભયાનક દ્રશ્ય જોઈને બધા ધ્રુજી ગયા. સાપ કરડ્યા પછી, મનોજની હાલત ઝડપથી બગડવા લાગી. તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, પરંતુ રસ્તામાં જ તેમનું મોત નીપજ્યું. ગામલોકોએ જણાવ્યું કે મનોજ એક મહેનતુ અને સરળ છોકરો હતો.

### વેપારીઓને ૪,૦૦,૦૦,૦૦૦નું નુકસાન

# અમેરિકાએ ભારતથી આવેલા કેરી ભરેલા ૧૫ જહાજોને પાછા કાઢ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ભારતથી અમેરિકા મોકલવામાં આવેલી કેરીના અનેક કન્સાઈન્મેન્ટને અમેરિકન સત્તાવાળાઓએ નકારી કાઢ્યા છે. દસ્તાવેજોના અભાવે ઓછામાં ઓછા ૧૫ શિપમેન્ટ નકારવામાં આવ્યા હતા. મુંબઈમાં નિર્ધારિત પ્રક્રિયા મુજબ રેડિયેશન ટ્રીટમેન્ટ આપ્યા પછી આ કેરીઓને એર કાર્ગો દ્વારા અમેરિકા મોકલવામાં આવી હતી, પરંતુ લોસ એન્જલસ, સાન ફ્રાન્સિસ્કો અને એટલાન્ટા એરપોર્ટ પર તેમને સ્વીકારવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. ભારતથી અમેરિકા મોકલવામાં આવેલી કેરીઓને ૮ અને ૯ મેના રોજ વાશી, નવી મુંબઈ ખાતેની સુવિધા ખાતે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર (USDA) ની દેખરેખ હેઠળ રેડિયેશન ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી. જીવાતોને દૂર કરવા અને સંગ્રહ સમય વધારવા માટે આ પ્રક્રિયા ફરજિયાત છે. પરંતુ યુએસ સત્તાવાળાઓએ રેડિયેશન સંબંધિત દસ્તાવેજો (ખાસ કરીને PPQ203 ફોર્મ) માં અનિયમિતતાનો ઉલ્લેખ કરીને આ શિપમેન્ટ્સને




પ્રવેશવાની મંજૂરી આપી ન હતી. PPQ203 એક મહત્વપૂર્ણ પ્રમાણપત્ર છે, જે ભારતમાં ફક્ત યુએસ સત્તાવાળાઓ દ્વારા જારી કરવામાં આવે છે. નિકાસકારો કહે છે કે આ તેમની ભૂલ નથી પણ નવી મુંબઈના રેડિયેશન સેન્ટરની ભૂલ છે. એક નિકાસકારે કહ્યું, “અમે કોઈ ભૂલ કરી નથી, છતાં અમને તેની સજા મળી રહી છે.” અહેવાલ મુજબ, આ શિપમેન્ટને ભારત પાછા મોકલવાનો અથવા નાશ કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. પરંતુ કેરીઓ નાશવંત હોવાથી અને તેમના પરિવહન ખર્ચને કારણે, નિકાસકારોએ આ કેરીઓનો નાશ કરવાનું વધુ સારું માન્યું. આના કારણે, લગભગ ૫ લાખ ડોલર (લગભગ ૪.૨ કરોડ રૂપિયા) નુકસાન થવાનો અંદાજ છે. USDA દ્વારા એક નિકાસકારને મોકલવામાં આવેલી સૂચનામાં કહેવામાં આવ્યું હતું કે PPQ203 ફોર્મ ખોટી રીતે જારી કરવામાં આવ્યું હતું, તેથી યુએસ કસ્ટમ્સ વિભાગે કન્સાઈનમેન્ટમાં પ્રવેશ કરવાનો ઈનકાર કર્યો હતો. એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે યુએસ સરકાર આ શિપમેન્ટ માટે કોઈ જવાબદારી કે રાહત આપશે નહીં. આ બાબત પર પ્રતિક્રિયા આપતા, કૃષિ અને પ્રક્રિયાકૃત ખાદ્ય ઉત્પાદનો નિકાસ વિકાસ સત્તામંડળ (APEDA) એ જણાવ્યું હતું કે આ મામલો મહારાષ્ટ્ર રાજ્ય કૃષિ માર્કેટિંગ બોર્ડ (MSAMB) દ્વારા સંચાલિત વાશી કેન્દ્રનો છે, જે USDA દ્વારા માન્યતા પ્રાપ્ત છે. તેથી, ત્યાંથી જરૂરી માહિતી લેવી જોઈએ. ઉલ્લેખનીય છે કે અમેરિકા ભારતમાંથી કેરીનું સૌથી મોટું નિકાસ સ્થળ છે. રેડિયેશન પ્રક્રિયા પૂર્ણ થયા પછી પણ, જો દસ્તાવેજોમાં ભૂલને કારણે શિપમેન્ટ નકારવામાં આવે છે, તો તે માત્ર વ્યવસાયિક નુકસાનમાં પરિણમે છે એટલું જ નહીં પરંતુ એક મોટી પ્રક્રિયા અને વ્યવસ્થાપન ક્ષતિને પણ પ્રકાશિત કરે છે.

### સંરક્ષણ મંત્રાલય સંબંધિત સંસ્થાના રિપોર્ટમાં દાવો

# સંઘર્ષ વચ્ચે ચીને પાકિસ્તાન માટે કરી હતી ભારતની જાસૂસી

## સંરક્ષણ મંત્રાલય સાથે જોડાયેલા થિંક ટન્ક સેન્ટર ફોર જોઈન્ટ વોરફેર સ્ટડીઝના આ રિપોર્ટમાં બે મોટા ખુલાસા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।



ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષમાં ચીનની ભૂમિકા અંગે એક ચોંકાવનારો ખુલાસો થયો છે. આ દરમિયાન એક અહેવાલ સામે આવ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે યુદ્ધ દરમિયાન ચીને પાકિસ્તાન માટે ભારતની જાસૂસી કરી હતી. જેમાં સેટેલાઈટ ડેટા પણ શેર કરવામાં આવ્યો હતો. સંરક્ષણ મંત્રાલય સાથે જોડાયેલા થિંક ટેક સેન્ટર ફોર જોઈન્ટ વોરફેર સ્ટડીઝના આ રિપોર્ટમાં બે મોટા ખુલાસા થયા છે. આ રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે હવે સ્થિતિ સામાન્ય છે ત્યારે ચીનની ભૂમિકા પર ગંભીર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. રિપોર્ટ અનુસાર, ચીને પાકિસ્તાનને ભારતના લશ્કરી તૈનાતી પર નજર રાખવા માટે તેના હવાઈ સંરક્ષણ અને રડાર સિસ્ટમને ફરીથી ગોઠવવામાં મદદ કરી. આ ઉપરાંત, ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા હુમલા અને ત્યારબાદ શરૂ થયેલા સંઘર્ષના ૧૫ દિવસની અંદર ચીને પાકિસ્તાનની સેટેલાઈટ સર્વેલન્સ સિસ્ટમને ભારત પર વધુ સારી રીતે ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરી. પાકિસ્તાને દાવો કર્યો છે કે તેણે ફક્ત ચીન પાસેથી મળેલા શસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો. જ્યારે રિપોર્ટમાં એવું કહેવામાં આવ્યું હતું કે ચીને પાકિસ્તાનને વ્યૂહાત્મક, ગુપ્તચર અને તકનીકી સહાય આપી છે. તેમ છતાં ભારતનું સંરક્ષણ નેટવર્ક પાકિસ્તાનના ડ્રોન હુમલાઓને અસરકારક રીતે નિષ્ફળ બનાવવા માટે સંપૂર્ણપણે સક્ષમ હતું. ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો હતો. ભારતે પાકિસ્તાન વિરુદ્ધ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું.

## તંત્રી લેખ...

# IMFની પાકિસ્તાનને ચેતવણી

પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી તંગદિલી દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)એ પાકિસ્તાનની એક અબજ ડોલરની લોન મંજૂર કરી હતી. આતંકવાદને આશરો આપનારા દેશને નાણાકીય સહાય કરતાં વિશ્વભરમાં આઈએમએફની ટીકા થઈ હતી. જો કે, આઈએમએફએ આ લોનનો પહેલો હપ્તો જારી કરતાં પહેલાં જ ૧૧ નવી શરતો મૂકતા પાકિસ્તાનની મુશ્કેલીઓ વધારી છે. ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે પાકિસ્તાનને મોટી લોન આપ્યા પછી IMF કદાચ પોતાના નાણાં અટવાઈ જવાનો ભય અનુભવી રહ્યું છે. જેથી IMFએ તેના બેલઆઉટ પેકેજનો આગામી હપ્તો રજૂ કરતાં પહેલાં જ પાકિસ્તાન પર ૧૧ નવી શરતો લાદી છે. આ સાથે પાકિસ્તાન પર કુલ શરતો વધીને ૫૦ થઈ છે. IMF દ્વારા પાકિસ્તાનને સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે જો આ શરતો પૂરી નહીં થાય, તો તેને આગામી હપ્તો આપવામાં આવશે નહીં. ભારત અને પાકિસ્તાનન વચ્ચે જ્યારે ડ્રોન અને મિસાઈલ હુમલાઓ થઈ રહ્યા હતા, ત્યારે આઈએમએ-ફએ પાકિસ્તાનની ૧ અબજ ડોલરની લોન મંજૂર કરી હતી. આ સાથે IMFએ હાલના ૭ અબજ ડોલરના બેલઆઉટ પેકેજ હેઠળ પાકિસ્તાન માટે ક્લાઈમેટ રેઝિલિયન્સ લોન માટે ૧.૪ અબજ ડોલરની વધારાની રકમ પણ મંજૂર કરી છે. આમ IMF તરફથી પાકિસ્તાનને કુલ ૨.૪ અબજ ડોલરની સહાય મળી હતી. આ સહાયથી વિશ્વભરમાં IMF સામે રોષ જોવા મળ્યો હતો. IMF દ્વારા લાવવામાં આવેલી નવી શરતો પર નજર કરીએ, તો તેમાં સંસદ દ્વારા ૧૭.૬ લાખ કરોડ પાકિસ્તાની રૂપિયાના રેકોર્ડ ફેડરલ બજેટને મંજૂરી આપવાનો છે, વીજળીના બિલ પર ઊંચો સરચાર્જ લાદવાની શરત પણ મૂકવામાં આવી છે. હાલમાં, પાકિસ્તાનના આયાત નિયમો ફક્ત ૩ વર્ષ સુધી જૂની કારની આયાતને મંજૂરી આપે છે, તેને ૫ વર્ષ સુધી લંબાવવાનો પ્રસ્તાવ છે. વધુમાં, સરકારે ૨૦૩૫ સુધીમાં સ્પેશિયલ ટેક ઝોન અને ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે પ્રોત્સાહનો તબક્કાવાર બંધ કરવા માટે એક રોડમેપ તૈયાર કરવો પડશે.

## કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણના નેતૃત્વમાં ૨૯ મેથી દેશવ્યાપી 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' શરૂ કરવામાં આવશે



કેન્દ્રીય કૃષિ, ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય મીડિયા સેન્ટર ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા ૨૯ મેથી શરૂ થઈ રહેલા રાષ્ટ્રવ્યાપી "વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન" વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે એમ પણ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિકસિત ભારત બનાવવા માટે એક અભિયાન ચાલી રહ્યું છે અને વિકસિત ભારત માટે વિકસિત કૃષિ, અદ્યતન ખેતી અને સમૃદ્ધ ખેડૂતો જરૂરી છે. આજે પણ, કૃષિ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે, લગભગ અડધી વસ્તી માટે રોજગારનો સ્રોત છે અને સૌથી ઉપર, દેશની ખાદ્ય સુરક્ષાનો આધાર છે.

મીડિયા સાથેની ચર્ચામાં કેન્દ્રીય મંત્રી શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે કેન્દ્રીય કૃષિ મંત્રાલયનો ઉદ્દેશ્ય દેશની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. લગભગ ૧૪૫ કરોડની વસ્તી ધરાવતા આપણા દેશમાં, દરેકને પૂરતું અનાજ મળવું જોઈએ, ફળો અને શાકભાજીની ઉપલબ્ધતા હોવી જોઈએ, ખેડૂતો યોગ્ય આજીવિકા મેળવી શકે તેવો હોવો જોઈએ, એટલે કે ખેતી એક નફાકારક વ્યવસાય બનવી જોઈએ અને અનાજ ઉપલબ્ધ હોવું જોઈએ, પરંતુ તે પૌષ્ટિક હોવું જોઈએ. તેના માટે પ્રયત્નો કરવા જોઈએ અને આપણી પાસે કુદરતી સંસાધનો છે. આપણે તેનું સંરક્ષણ કરવું જોઈએ. તેનો ઉપયોગ એવી રીતે કરવો જોઈએ કે તેઓ આવનારી પેઢીઓ માટે પણ અનાજ, ફળો અને શાકભાજીનું ઉત્પાદન કરતા રહે. કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા આ લક્ષ્યોને પૂર્ણ કરવા માટે, અમારી પાસે છ-મુદ્દાની વ્યૂહરચના છે - એક - ઉત્પાદન વધારવા માટે, બીજું - ઉત્પાદન ખર્ચ ઘટાડવા માટે, ત્રીજું - ઉત્પાદન માટે વાજબી કિંમત ચૂકવવા માટે, ચોથું - કુદરતી આફતોના કિસ્સામાં નુકસાનની ભરપાઈ કરવા માટે, પાંચમું - કૃષિનું વૈવિધ્યકરણ, મૂલ્યવર્ધન, ખાદ્ય પ્રક્રિયા અને અન્ય બાબતો સાથે અને ખૂબ જ મહત્વપૂર્ણ કાર્ય એ છે કે કુદરતી ખેતી અને ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવાની દિશામાં વિચારવું.

ઉત્પાદનમાં થયેલા વધારા અંગે શ્રી શિવરાજ સિંહે જણાવ્યું હતું કે, જો આપણે એકંદર વધારા પર નજર કરીએ તો, ખરીફ ચોખા ૧૨૦૬.૭૯ લાખ મેટ્રિક ટન, ઘઉં ૧૧૫૪.૩૦ લાખ મેટ્રિક ટન, ખરીફ મકાઈ ૨૪૮.૧૧ લાખ મેટ્રિક ટન, મગફળી ૧૦૪.૨૬ લાખ મેટ્રિક ટન અને સોયાબીન ૧૫૧.૩૨ લાખ મેટ્રિક ટન છે. આ વર્ષે ઉત્પાદન અત્યાર સુધીનું સૌથી વધુ છે, જે એક રેકોર્ડ છે. તેમણે કહ્યું કે આપણું ઉત્પાદન વધી રહ્યું છે, તેથી ખાદ્ય ભંડાર ભરાઈ ગયો છે, પરંતુ અમે અહીં રોકાવા માંગતા નથી. અમે અમારા દેશની જરૂરિયાતો પૂરી કરીશું અને ભારત પણ વિશ્વ ભાઈ હોવાથી, અમે ઘણા દેશોને મદદ પણ કરીશું. અને, અમારું સ્વપ્ન અને સંકલ્પ એ છે કે એક દિવસ ભારતને વિશ્વનું ખાદ્ય બાસ્કેટ બનાવવું, તેથી અમે નક્કી કર્યું છે કે ખરીફ પાક માટે, આપણે કૃષિ ઉત્પાદન વધારવા અને ખર્ચ ઘટાડવા માટે કામ કરતી બધી સંસ્થાઓને એકસાથે લાવીએ અને તેમને એક દિશામાં લઈ જઈએ. હવે ICAR પાસે ૧૧૩ સંસ્થાઓ છે, જે આ અભિયાન દ્વારા વધુ સારી રીતે સંકલન કરશે. રાજ્ય સરકાર પોતાના પ્રયાસો કરે છે, કેન્દ્ર સરકારની પોતાની યોજનાઓ છે, યુનિવર્સિટી પોતાનું કામ કરે છે; અમે આ બધાને ભેગા કરીને એક દિશામાં લઈ જવાનું નક્કી કર્યું છે. કેન્દ્રીય મંત્રી શ્રી ચૌહાણે ખુશી વ્યક્ત કરી અને માહિતી આપી કે ૨૦૨૩-૨૪માં ખરીફમાં કુલ ખાદ્યાન્નનું ઉત્પાદન ૧૫૫૭.૬૮ લાખ ટન હતું.

### જીવન જરૂરિયાતની દરેક પ્રોડક્ટની જાહેરાત અને તેનો વેપાર માનવીની માનસિક નબળાઈ પર ધંધોકાર ચાલે છે

# યોગ દ્વારા મુક્તિ તરફની ગતિ થાય છે અને આભા વલયનું નિર્માણ થાય છે



**સદ્‌ગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સર્વ પ્રથમ તો ગતિ એટલે એક સ્થળેથી બીજે સ્થળે જવું, કે એક મુકામથી બીજો મુકામ હાંસલ કરવો. એ રીતે જોઇએ તો આપણાં ચરણ અત્યારે જ્યાં હોય, ત્યાંથી બીજા સ્થળે પહોંચે તો એ શરીરની ગતિ છે.**



આપના શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ભગવત્ ગીતાને મહાન કહેતો એક મુસ્લિમ પ્રત્રકારનો વિડિયો જોયો! ખબર નહીં પણ એમ લાગ્યું કે આ હિન્દુ પાસે રહેમની અરજી હોય શકે! કારણકે ખુશામતી આપણાં સ્વભાવમાં છે. ખેર! આપણી સનાતની પરંપરા અદભુત દર્શન ધરાવે છે એમાં કોઈ બે મત નથી. જેમ કે અન્ય ધર્મમાં એક માત્ર સ્થૂળ શરીરની વાત છે, જયારે સનાતન હિન્દુ પરંપરામાં માનવી ત્રણ શરીર ધરાવે છે, સ્થૂળ, સૂક્ષ્મ, અને કારણ અને દરેકની પુષ્ટિ પણ બતાવી છે. સામાન્ય રીતે આપણે રૂપ અને સ્વરૂપ એવી વાત કરતા હોઈએ છીએ, માનવીય શરીરની પંચ કર્મેન્દ્રિયથી શરીર બને છે, અને તેની અમુક ખાસિયતો છે. દરેકે દરેક અંગનું એક એક કર્મ પણ બતાવ્યું છે, એમાં આંખ અને જીભ બંને અંગો એવા છે, કે જે સુંદરતા અને સ્વાદ સતત શોધે છે, અને એને કારણે તે પરિસ્થિતિ મુજબ સમ રહી શકતાં નથી. અન્યની નજરમાં પોતે કેમ વધુ ને વધુ સુંદર દેખાય, એવું કંઈક કરવા ઈચ્છે છે, અથવા એ રીતે સુંદર દેખાઈને પ્રશંસા મેળવવા ઈચ્છે છે. જીવન જરૂરિયાતની દરેક પ્રોડક્ટની જાહેરાત અને તેનો વેપાર માનવીની માનસિક નબળાઈ પર ધંધોકાર ચાલે છે. ક્યારેક સરખામણી કરતો જોવા મળે છે, અને એ રીતે સામેવાળામા સુંદરતા શોધે છે, અને એટલે જ આપણે ત્યાં કહેવત છે, કે સુંદરતા તો સામેવાળાની નજરમાં સમાયેલી છે. દરેકના સ્વાદ અલગ અલગ હોય છે, અને એ મુજબ એની લાળ ટપકતી હોય છે, એટલે કોઈને ફરસાણ જોઈને મોઢામાં પાણી આવે, તો કોઈને મિષ્ટાન, અને કોઈ કડવા લીમડાનો રસ પણ મારી જેમ ફરિયાદ વગર પી જાય! અને આ બધું સદીઓથી ચાલ્યું આવ્યું છે. કારણ કે માનવી એક સામાજિક પ્રાણી છે, અને તેનો સમાજ સાથે સતત વ્યવહાર છે. ટૂંકમાં કહીએ તો વર્તમાન પરિસ્થિતિ સમ કે વિષમ લાગવા માટે માનવીય 'તન' એ બહુ પ્રભાવકારક પરિબળ છે, અને આ તનની ત્રણ પ્રકારની ગતિ વિશે આજે વાત કરવાની છે.

સર્વ પ્રથમ તો ગતિ એટલે એક સ્થળેથી બીજે સ્થળે જવું, કે એક મુકામથી બીજો મુકામ હાંસલ કરવો. એ રીતે જોઈએ તો આપણાં ચરણ અત્યારે જ્યાં હોય, ત્યાંથી બીજા સ્થળે પહોંચે તો એ શરીરની ગતિ છે. પરંતુ દરેક વખતે ચાલીને જવું એવું પણ જરૂરી નથી, અને વિજ્ઞાન વિકાસના આ યુગમાં સ્કુટર,બાઈક, કાર, બસ, ટ્રેન, પ્લેન, વગેરે દ્વારા પણ આપણું શરીર ગતિ કરે છે, અને એ રીતે તેની જે ગતિ છે એ સ્થૂળ શરીરની ગતિ છે. આજે તો વિજ્ઞાને એટલો બધો વિકાસ કર્યો છે, કે કલાકમાં તો માઈલોનાં માઈલોનું અંતર પ્લેન દ્વારા કપાઈ જાય છે. સ્થૂળ શરીરની ગતિમાં શરીર ગતિ કરે છે, પરંતુ શરીરમાં કોઈ ફેરફાર નોંધાતો નથી, એટલે કે આપણે જેવા હોઈએ તેવા જ બીજી જગ્યાએ પહોંચીએ છીએ. દાખલા તરીકે કોઈ વ્યક્તિ અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી અમેરિકા જવા રવાના થાય તો એ અમેરિકા પહોંચે, ત્યારે એની ઉંમર અને તેનું કદ કાઠી બદલાતા નથી, આ રીતે સ્થૂળ શરીર પોતાના કામ માટે સતત અહીંથી અહીં દોડાદોડ કરે છે. દરેક વખતે એનું બહારના અન્ય પ્રદેશમાં જવું એને જ ગતિ કહેવાય છે એવું પણ નથી, અને આવી નાની મોટી ગતિ શરીરને ન કરવી હોય તો ફરિયાદ થાય, અથવા તો ક્યાંય જવા ન મળતું હોય, તો પણ ફરિયાદ થાય,કે મારી સાથેના બધા પ્લેનમાં ઉડે રાખે છે, અને મારે તો સાયકલ પણ નસીબ નથી, એવી પણ સરખામણી થાય, અને રીતે તનની આ પ્રકારની ગતિને કારણે પણ પરિસ્થિતિ વિષમ બને, જેમાં આપણે સમ થવાનું છે.

આપણાં સગાં સબંધીમાં કે આડોશ પાડોશમાં કોઈને ત્યાં બાળકનો જન્મ થાય અને આપણે તેને રમાડવા જઈએ, તો કેટલું સુંદર અને માસુમને જોઈને વહાલ કરવાનું મન થાય. જોગાનુજોગ એ લોકો અથવા તો આપણે લોકો ક્યાંક બીજે રહેવા ચાલ્યા જઈએ, અને પાંચ કે દસ વર્ષ પછી એનો ભેટો થાય તો આપણે બાળકને ઓળખી શકતા નથી, અને આપણને કહેવામાં આવે છે કે આ એ જ બાળક છે! તો અવસ્થાની રીતે પણ તનની ગતિ બતાવી છે, એટલે કે જન્મેલા બાળકની એક વર્ષ, બે વર્ષ, દસ વર્ષ, પછી વધુ વર્ષ એમ શારીરિક વૃદ્ધિ થાય. ઘોડિયામાં સૂતું હોય એવું ને એવું અને એટલું ને એટલું બાળક રહેતું નથી. આ ગતિમાં પણ વિરોધાભાસ જોવા મળે છે કારણ કે બધાનો જ એક સરખો શારીરિક વિકાસ થતો નથી, આથી કોઈ જાડુ થઈ જાય, તો કોઈ દુબળું જ રહે, કોઈ ઊંચું થાય, તો કોઈ નીચું રહે, કોઈ ગોરુ તો કોઈ કાળું! અને આ વિરોધાભાસ પણ એને સતત સરખામણી કરવા પ્રેરે છે, અથવા તો તેને પોતાની શરીરની આ રીતની ગતિ એટલે કે વૃદ્ધિથી સંતોષ નથી, ઘણાં એવું સ્પષ્ટ જાહેર પણ કરે છે. ઘણાં યુવાનો તો પોતાના માતાપિતાને કહે છે કે, તમે અમારા શારીરિક વિકાસમાં ધ્યાન આપ્યું નહીં, એટલે અમારી અમુક પ્રકારની નબળાઈ રહી ગઈ. ટૂંકમાં બહુ ઓછા છે કે, જેને શરીરને નામે જે કંઈ છે એનાથી ફરિયાદ નથી, અથવા ઓછી છે.

માતાના ગર્ભમાં બાળકનો વિકાસ થયો અને જન્મ થયો ત્યારે એકદમ તંદુરસ્ત બાળક હતું, એટલે કે બિલકુલ નિરોગી. શારીરિક અવસ્થાના એક પછી એક મુકામે જો રંગ રાગ જોડાતા જાય, ભોગકારક વૃત્તિઓ વધતી જાય,અને જીભ નામના અંગ દ્વારા પોષણને નામે એવું કેટલુંય ગયું કે જે ઝેર હતું, અથવા તો એની માત્રા વધી ગઈ, અને આ રીતે તનમાં ભોગ દ્વારા રોગ પ્રવેશ્યો, અને તન એટલે કે શરીર રોગી બની ગયું, તો આ પણ શરીરની ગતિ છે, અને એ રીતે સુંદર દેખાતી આપણી કાયા ધીરે ધીરે કૃષ થવા લાગે છે, અથવા તો કોઈ વિકારને કારણે અન્ય રીતે કઢંગી બનતી જાય છે. કોઈ કોઈ વાર તો કેન્સર જેવા રોગ લાગુ પડે છે, કે શરીરના જે તે અંગમાં કેન્સર થયું હોય તો, એ અંગ કાપી નાખવામાં આવે છે.

આમ જન્મથી મૃત્યુ સુધી તન એટલે કે શરીર સ્થૂળ સૂક્ષ્મ અને કારણ ત્રણેય શરીરે ગતિ કરે છે. જેવી રીતે રોગ લાગુ પડ્યો અને શરીરની દુર્ગતિ થઈ એ જ રીતે યોગ લાગુ પડે, એટલે કે જીવનનું લક્ષ ફક્ત ભોગ નથી, એવું સમજાય અને પરમાત્મ પ્રાપ્તિ માટે યોગ કરવામાં આવે તો એ રીતે શરીરની મુક્તિ તરફની ગતિ એ તન એટલે કે શરીરના કારણ શરીરની ગતિ છે, અને એ આપણી આસપાસ આભા વલયનું નિર્માણ કરે છે, સાધનાના અંતિમ પડાવ પર સમાધિ એટલે કે સ્થૂળ શરીરને શાંત કરવાની વાત પણ છે, અને પરકાયા પ્રવેશની એક અનોખી સિદ્ધિની પણ વાત છે. પરંતુ આપણે તો ફક્ત આપણું પરમાત્મા એ આપેલું આ શરીર નીરોગી રહે એ માટે ભોગ પર સંયમન કરીને યોગમાં બતાવ્યા મુજબ એક બે ડગલા આગળ ચાલીએ તો પણ પરિસ્થિતિ સાથે સમાધાન કરી શકીએ છીએ. આ રીતે તન ગતિ કરે છે એ જાણકારીની રીતે તો આપણે સૌ જાણીએ જ છીએ, પણ છતાં ફરિયાદ તો છે જ! કારણ કે એ માત્ર માહિતી કે જાણકારી છે, એમાં આપણો સ્વનો અનુભવ જોડી આપણે તેને જ્ઞાન બનાવીએ, અને આ સુંદર માનવદેહ પરમાત્મા તરફથી મળેલી આપણને અમૂલ્ય ભેટ છે, અને એ રીતે તેનું ત્રણેય ગતિએ સંરક્ષણ અને સંવર્ધન કરતા રહીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

### ભારત પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિ સર્જાઈ જેમાં આપણે ઓપરેશન સિંદૂર કરી પાકિસ્તાનને બધી રીતે પાયમાલ કરી દીધું

# મનુષ્ય સ્વભાવથી દીન થતો નથી ત્યાં સુધી ભગવાનને ગમતો નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**રશિયાએ યુક્રેન પર સૌથી મોટો હુમલો ૨૭૩ ડ્રોન છોડી ગત રવિવારે કર્યો આપણે ત્યાંની પ્રજાને સરહદના સીમાડે એકાદ મોટો તારો કે કુત્રિમ ગ્રહ રાત્રે દેખાય તોય હોહા કરી મુકે છે અને લગ્નમાં મનાઈ હોવા છતાં ડ્રોન અને ફટાકડા ફોડી મોજ કરે છે.**

રશિયા અને ઈઝરાયલે પોતે મહાસત્તા હોવાની ધાક જમાવવા શરૂ કરેલા યુદ્ધો હવે અતિ ગંભીર સ્વરૂપ લઈ રહયા છે ત્યારે આપણે ત્યાં કાશ્મીરના પહેલગામ પર્યટકો પર થયેલા આતંકી હુમલા બાદ ભારત પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિ સર્જાઈ જેમાં આપણે ઑપરેશન સિંદૂર કરી પાકિસ્તાનને બધી રીતે પાયમાલ કરી દીધું અને તેની ખુશીમાં દેશભરમાં તિરંગા રેલી યાત્રા કરી તેનો ઉત્સવ મનાવી રહ્યા છીએ આ બધા વચ્ચે એક વાત લોકોએ સમજવી જોઈએ કે ક્યાંક મહા યુદ્ધના એંધાણ તો નથીને ? રશિયાએ યુક્રેન પર સૌથી મોટો હુમલો ૨૭૩ ડ્રોન છોડી ગત રવિવારે કર્યો આપણે ત્યાંની પ્રજાને સરહદના સીમાડે એકાદ મોટો તારો કે કુત્રિમ ગ્રહ રાત્રે દેખાય તોય હોહા કરી મુકે છે અને લગ્નમાં મનાઈ હોવા છતાં ડ્રોન અને ફટાકડા ફોડી મોજ કરે છે. આ કયાંની રાષ્ટ્ર ભાવના અને બીક આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએતો કાશીએ જ્ઞાનભૂમિ છે. અયોધ્યા વૈરાગ્ય ભૂમિ છે. વ્રજભૂમિએ પ્રેમભૂમિ છે નર્મદાનો કિનારોએ તપો ભૂમિ છે. નર્મદાના કિનારે તપ કરવાનું કહ્યું છે,વૈરાગ્ય અને ભક્તિ ત્રણે નર્મદા કિનારે સિદ્ધ થાય છે.તીર્થમાં ક્રોધ ન કરો,તીર્થમાં બ્રહ્મચર્ય વગેરેવ્રતો પાળવાં જોઈએ, તો જ તીર્થયાત્રા નું ફળ મળે છે. યાત્રા કરતાં કરતાં વિદુરજી યમુના કિનારે વૃંદાવનમાં આવ્યા છે. કનૈયો વ્રજમાં ખુલ્લા પગે ફરે છે. યશોદાજી સમજાવે છેકે વનમાં કાંટા કાંકરા લાગશે. તું પગમાં જોડા પહેર કનૈયો કહે છે. મા, હું તમારે ઘરે ગાયોની સેવા કરવા આવ્યો છું. ગયા જન્મમાં રામરૂપે હું રાજાને ઘરે જન્મ્યો એટલે મને કોઈએ ગાયોની સેવા કરવી દીધી નહીં. મેં નક્કી કર્યું, હવે ભવિષ્યમાં હું કોઈ ગોવાળને ત્યાં જન્મ લઈશ અને ગાયોની સેવા કરીશ. હવે તમે જ કહો,મારી ગાયો ઉઘાડા પગે ફરે છે તો હું પગમાં જોડા કેવી રીતે પહેરું લાલાનાં અનેક નામો છે, પણ મને લાલાનું ગોપાળકૃષ્ણ નામ ગમે છે. શ્રીકૃષ્ણ વ્રજમાં ઊઘાડા પગે ફરે છે.તેથી વ્રજરજ અતિ પાવન છે. દ્વારિકામાં તેઓ તો રાજા હતા એટલે ખુલ્લાપગે ફરાય નહીં. વિદુરજી વ્રજની રમણરેતીમાં આળોટે છે. રમણરેતીમાં ગોપીઓ ની ચરણ રજ પડેલી. વિદુરજી મંગલમય શ્રીકૃષ્ણની લીલાઓનું ચિંતન કરે છે કે, આ ભૂમિ અતિ શય પાવન છે.મારા શ્રીકૃષ્ણ ગાયોને લઈને આ ભૂમિમાંઆવતા હતા વ્રજની લીલા નિત્ય છે. આજે પણ ભગવાન શ્રીકૃષ્ણ વ્રજમાં રોજ લીલા કરે છે.શ્રી કૃષ્ણ આનંદ રૂપ વિદુરજીને અનુભવ થયો કે,મારા શ્રી કૃષ્ણ ગાયોને લઈને યમુના કિનારે આવ્યા છે. વિદુરજીની ભાવના એવી હતી. તેને સર્વ લીલા પ્રત્યક્ષ દેખાય છે.

આ કદમનું ઝાડ છે. વૈષ્ણવો આને ટેર કદમ કહે છે.ટેર કદમ ઉપર વિરાજેલાં શ્રીકૃષ્ણ વહાલી ગાયો ને નામ દઈ-દઈને બોલાવે છે. ગાયોની વચ્ચે ઊભેલા એવા ગોપાળ કૃષ્ણ નું ધ્યાન ધરો. ગાયોની વચ્ચે બિરાજેલા શ્રીકૃષ્ણ નું ધ્યાન ધરવાથી જલદી તન્મયતા થાય છે. ઈન્દ્રિયોને પરમાત્મા સાથે પરણાવો ઈન્દ્રિયો ને વિષયો સાથે ન પરણાવો ભગવાનનું નામ ઋષિકેશ છે.તેનો અર્થ છેઃ ઋષિક એટલે ઈન્દ્રિય અને ઈશ એટલે સ્વામી. ઈન્દ્રિયો ના સ્વામી શ્રીકૃષ્ણ છે. આ પાંચ વિષયો ઈન્દ્રિયોના સાચા પતિ નથી તે પતિ થવા માગે છે.સંસાર નું કોઈ પણ રૂપ આંખને દેખાય ત્યાં સુધી નિદ્રા આવતી નથી, એટલે ફલિત થાય છેકે આંખનો પતિરૂપ નથી. વિદુરજી વિચારે છે, મારા કરતાં આ પશુઓ શ્રેષ્ઠ છે કે, પરમાત્મા ને મળવા તેઓ આતુર થઈને દોડે છે.ગાયો શ્રી કૃષ્ણમિલન માટે આતુર થઈ છે. ધિક્કાર છે મને કે હજુ મને શ્રી કૃષ્ણ મિલન માટે તીવ્ર ઈચ્છા થતી નથી. ગાયો દોડે છે અને હું પથ્થર જેવો બેસી રહ્યો છું. એવો પ્રસંગ ક્યારે આવશે કે હું પણ ગાયો જેમ શ્રીકૃષ્ણ મિલન માટે દોડીશ. વિદુરજી શ્રી કૃષ્ણ લીલાનું ચિંતન કરતાં શ્રી કૃષ્ણ પ્રેમમાં પાગલ બન્યા છે, વિરહ અતિશય તીવ્ર બને છે ત્યારે પરમાત્મા મળે છે. પ્રભુ તે વખતે પ્રભાસમાં હતા. તેમણે ઉદ્ધવને જ્ઞાનનો, ભાગવત ધર્મનો ઉપદેશ કર્યો. પણ ઉદ્ધવને શાંતિ મળી નહીં,ત્યારે એને કહ્યું, હવે તું બદરિકાશ્રમ જા!ઉદ્ધવ કહે છે, મને એકલાને જતાં બીક લાગે છે,તમે મારી સાથે ચાલો! કેવળ નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન બહુ ઉપયોગી થતું નથી.સગુણ બ્રહ્મના આધારે નિર્ગુણ બ્રહ્મને ઓળખવાના છે.

શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે, હું ક્ષેત્રજ્ઞ રૂપે તારી સાથેછું.હું તારામાં રહેલો છું.મારું સ્મરણ કરીશ એજ ક્ષણે હું હાજર થઈશ.ઉદ્ધવજી પ્રાર્થના કરે છે કે,ભાવના આધાર વિના ન થઈ શકે માટે મને કંઈક આધાર આપો. ત્યારે શ્રીકૃષ્ણે ઉદ્ધવને ચરણ પાદુકા આપી. ઉદ્ધવે માની લીધું કે,હવે દ્વારિકાનાથ મારી સાથે છે.હું અનાથ નથી હું સનાથ છું.આ પાદુકા નથી, પ્રત્યક્ષ મારી સાથે છે.ઉદ્ધવનો પ્રેમ એવો છે કે તે પાદુકામાં પરમાત્મા નિહાળે છે. મસ્તક ઉપર ચરણપાદુકા રાખી છે મસ્તકએ બુદ્ધિપ્રધાન છે.તેમાં પ્રભુ ને પધરાવો તો તમારા મનમાં કોઈ વિકાર થશે નહીં પછી ઉદ્ધવ જી બદરિકાશ્રમ જવા નીકળ્યા. રસ્તા માં યમુનાનાં દર્શન થયાં, વ્રજભૂમિ નાં દર્શન થયાં. તીર્થમાં સ્નાન કરવાથી મન એક દમ શુદ્ધ થતું નથી, પણ ત્યાં રહેલો કોઈ ભજનાનંદિ સંત હોય તેનો સત્સંગ કરો તો મન અતિ શુદ્ધ થાય છે.ઉદ્ધવે વિચાર્યું થોડા દિવસ અહીં રહીશ. કોઈ સંત વૈષ્ણવ મળશે.સત્સંગ કરીશ નહીં તો મૂંગો બેસીશ.આજે પણ વૃંદાવનમાં ગુપ્ત રીતે અનેક સાધુઓ રાધાકૃષ્ણની લીલાઓનાં દર્શન કરતાં ફરે છે.યમુના કિનારે રમણ રેતીમાં વિદુરજી બેઠા છે. ઉદ્ધવજીની દૃષ્ટિ ત્યાં પડી આ વૈષ્ણવ લાગે છે ઉદ્ધવજી પાસે આવ્યા ત્યારે ઓળખી ગયા, આ તો મહાન ભગવદ ભક્ત વિદુર બેઠા છે. ઉદ્ધવજી વંદન કરે છે.તે જ સમયે વિદુરજીએ આંખો ઊઘાડી કહ્યું, મને વંદન કરોએ યોગ્ય નથી. હું તમને વંદન કરું છું. સંતમિલન આવું દિવ્ય છે!વિદુર- ઉદ્ધવનો સત્સંગ થાય છે. સત્સંગમાં મનુષ્ય જીવે એટલું જ મનુષ્ય જીવ્યો છેએમ કહી શકાય સંતોના મિલનમાં કેવળ ભગવાન ની જ વાતો થાય છે. યમુનાજીને આજે અતિશય આનંદ થયો છે કે, મારા પ્રભુની લીલાઓનું આ લાડીલા ભક્તો વર્ણન કરશે. મારા શ્રીકૃષ્ણની વાતો કરશે. મારા શ્યામસુંદરનાં વખાણ કરશે.તેમની લીલાઓ ગાશે.હું મારા શ્રીકૃષ્ણની લીલા સાંભળીશ. યમુનાજી સ્તબ્ધ થયાં છે. ઉદ્ધવજી કહે છે, મને પ્રભાસમાં ભાગવત ધર્મનો ઉપદેશ કર્યો છે. પછી પ્રભુએ મને બદરિકાશ્રમ જવાની આજ્ઞા આપી છે.તમારાં દર્શનથી મને ઘણો આનંદ થયો છે વિદુરજી કહે છે,પ્રભુએ તમને ભાગવત ધર્મ નો જે ઉપદેશ કર્યો તે મને સાંભળવા ઈચ્છા છે.હું જાતિ હીન છું,કર્મહીન છું,પણ વૈષ્ણવો દયાના સાગર હોય છે.આપ મારી ઈચ્છા પરિપૂર્ણ કરો. વિદુરજીનો કેવો દૈન્યભાવ છે!મનુષ્ય સ્વભાવથી દીન થતો નથી ત્યાં સુધી ભગવાનને ગમતો નથી. જ્યાં નજર જાય ત્યાં શ્રીકૃષ્ણનાં દર્શનની ભાવના કરશો તો દૈન્ય ભાવ થશે.પછી ઉદ્ધવજી કહે છે, વિદુરજી તમને હું શું કહું? પણ ભગવાન સ્વધામ પધાર્યા ત્યારે વાસુદેવ-દેવકીને નહીં, રુક્ષ્મણી- સત્યભામાને નહીં પરંતુ તમને પ્રભુ એ ત્રણ વખત યાદ કર્યા છે.મને કહે મેં એક વખત વિદુરજી ના ઘરની ભાજી આરોગેલી તેની મીઠાશ હજુ ભૂલાતી નથી. ભગવાન જેને મારો કહે તેનો બેડો પાર છે. સાધારણ વ્યવહારમાં પણ કોઈ કોઈને જલદી કહેતું નથી કે,તું મારો છે. જીવ મંદિરમાં જઈને ભગવાનને કહે છે,હું તારો છું અને ઘરે આવીને બબલીની બાને કહે છે હું તારો છું.મંદિરમાં જે ભગવાનનો હતો તે ઘરે આવ્યા પછી બીજાનો થઈ ગયો એટલે ભગવાન પ્રસન્ન થતાં નથી અને કહેતા નથી કે તું મારો છે. ભગવાન ને કોઈ એમ કહેતા નથી કે,હું તમારો જ છું અને બીજા કોઈનો નથી. જગતમાં જ્યાં સુધી મનુષ્ય કોઈ જીવનો છે ત્યાં સુધી ભગવાનનો થઈ શકતો નથી. ભગવાનને રોજ મનાવો કે એક વાર કહી દો કે,તું મારો છે. ભગવાન જ્યારે કહે કે,તું મારો છે,ત્યારે બ્રહ્મસંબંધ સાચો.

વાચક ચાહક મિત્રો,સૌને જય માતાજી, સુપ્રભાત આપણા કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથસિંહ અને ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતમાં આવી પાકિસ્તાનને લલકાર ફેંક્યો છે..વધુ નહી આમ વિશ્ર્વમાં અજંપાભરી સ્થિતિ છે ભકતો રઘવાયા બનેલા છે એટલે ઑપરેશન સિંદૂરમાં ભયંકર માર ખાધા બાદ પણ પાકિસ્તાનના જનરલ અહેમદ ચૌધરીએ કહ્યું, અમે ઝુકશું નહીં, કોઈ પણ હદ સુધી જવા તૈયાર તેવું કંઈક જ આજે આપણે અહીં અટકીએ, અસ્તુ..

### સુરભી જ્યોતિએ કહ્યું કે, મારા પતિ માટે ફેવરિટ વ્યક્તિ છે

# લગ્ન બાદ પણ સુરભી પતિ સાથે એક જ રૂમમાં નથી રહેતી





ટીવી અભિનેત્રી સુરભી જ્યોતિએ લગ્ન કર્યો પછી પોતાની બેસ્ટ લાઈફ જીવી રહી છે. પતિ સુમિત સૂરી સાથે પોતાના સંબંધો પર સુરભીએ મોટી વાત કરી હતી. સુરભી જ્યોતિએ કહ્યુ કે, મારા પતિ માટે ફેવરિટ વ્યક્તિ છે. અમારા બંન્નેનો બોર્ડિંગ સ્ટ્રોંગ છે અને અમારા બંન્નેના વિચારો પણ મળતા આવે છે. જોકે હાલમાં પતિ પત્ની બંને અલગ રૂમમાં રહે છે. સુરભી જ્યોતિએ વધુ વાત કરતા કહ્યું કે, 'વિચારો મળવા એ બહુ જરૂરી નથી, તેઓ વર્ક ફોર્મ હોમ કરે છે, જ્યારે હું શૂટિંગમાં ન હોઉ ત્યારે જ ઘર પર રહું છું. અમને બહાર જવું પસંદ નથી. અમે બહુ ખુશ છીએ. અમારા ઘરમાં અમારા પોતાના અલગ અલગ રૂમ છે, અમે અમારી મરજી પ્રમાણે રહીએ છીએ. તેમણે જિંદગીનો સૌથી વધારે સમય એકલા રહીને વિતાવ્યો છે અને મેં પણ.આ નિર્ણય અમે અમારી બંનેની પરસ્પર સહમતીથી કર્યો છે. મેં હમણાં વિચાર્યુ કે અમે ખરેખર પોત-પોતાના રૂમમાં રહીએ છીએ. માર પોતાનું પર્સનલ કબાટ, બાથરૂમ તેમજ રૂમ અલગ છે.અમે ક્યારેક ક્યારેક એવું કરીએ છીએ. તેઓ તેમના રૂમમાં રહે છે, જ્યારે હું મારા રૂમમાં રહું છું, છતાં પણ અમે સાથે છીએ. કારણ કે, અમારા એકબીજાના વિચારો સરખા છે, અમે બંન્ને એક જ પેજ પર હતા.સૂરભીએ કહ્યુ કે, 'પોતાના પાર્ટનરને સમય આપવા માટે આ કોઈ રીત નથી, પરંતુ તેણે પોતાના પતિ સાથે આ પ્રકારે સેટલમેન્ટ કર્યુ છે, અને બંનેને આ નિર્ણય પસંદ છે.'સુરભી જ્યોતિએ સુમિત સુરી સાથે ૨૭, ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ જિમ કોર્બેટમાં લગ્ન કર્યા હતા. આ લગ્નમાં બંનેના પરિવાર સાથે ટીવી સ્ટાર્સ, કિશ્વર મર્ચન્ટ, આશા નેગી, ઋત્વિક ધનજાની અને વિશાલ સિંહ પણ હાજર રહ્યા હતા.

**સુરભી જ્યોતિએ સુમિત સુરી સાથે ૨૭, ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ જિમ કોર્બેટમાં લગ્ન કર્યા હતા**

### ડાયરેક્ટર સાથે મતભેદો મુદ્દે પણ તેમણે સ્પષ્ટતા કરી

# પરેશ રાવલનો હેરાફેરી-૩ ફિલ્મમાં કામ કરવાનો ઈન્કાર

**મને ફિલ્મના દિગ્દર્શક પ્રિયદર્શન અને ફિલ્મના નિર્માતાઓ પ્રત્યે પ્રેમ, આદર અને વિશ્વાસ છે : પરેશ**




તાજેતરમાં સમાચાર આવ્યા હતા કે પરેશ રાવલ હેરાફેરી-૩માં કામ નહીં કરે. હવે તેઓ અક્ષય કુમાર અને પ્રિયદર્શનની ફિલ્મમાં જોવા મળશે નહીં. એવું કહેવામાં આવી રહ્યુ છે કે, ક્રિયેટિવ મતભેદોને કારણે પરેશ રાવલે છેલ્લી ઘડીએ ફિલ્મ છોડી દીધી. પરંતુ હવે પરેશ રાવલે ફિલ્મ છોડવાનું કારણ જણાવ્યું છે.પરેશ રાવલે ૧૮ મેના રોજ સોશિયલ મીડિયા હેન્ડલ ઠ પર પોસ્ટ કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, તેઓ ક્રિએટિવ મતભેદોને કારણે ફિલ્મ છોડી રહ્યા નથી. પરેશે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, 'હું એ વાત રેકોર્ડ કરવા માંગુ કે 'હેરા ફેરી ૩' છોડી દેવાનો મારો નિર્ણય ક્રિએટિવ મતભેદોને કારણે નહોતો. હું ફરી એકવાર કહીશ કે ફિલ્મના નિર્માતાઓ સાથે મારા કોઈ ક્રિએટિવ મતભેદ નહોતા. મને ફિલ્મના દિગ્દર્શક પ્રિયદર્શન અને ફિલ્મના નિર્માતાઓ પ્રત્યે પ્રેમ, આદર અને વિશ્વાસ છે.' ઉલ્લેખનીય છે કે, પરેશ રાવલે ક્રિયેટિવ મતભેદોને કારણે ફિલ્મ નથી છોડી રહ્યા. પરંતુ 'હેરા ફેરી ૩' છોડવા પાછળના કારણ અંગે કોઈ નિવેદન આપવામાં આવ્યું નથી. પરેશ રાવલ 'હેરા ફેરી' ફ્રેન્ચાઈઝમાં બાબુરાવનું આઈકોનિક પાત્ર ભજવી રહ્યા છે. પરંતુ હવે ત્રીજા ભાગમાં તેની ગેરહાજરી મોટી અસર ઉભી કરી શકે છે. કારણ કે 'હેરા ફેરી'ની પાછલી બંને ફિલ્મોમાં રાજુ, શ્યામ અને બાબુરાવના પાત્રો ખૂબ જ મહત્વપૂર્ણ રહ્યા હતા.થોડાક દિવસો પહેલા સમાચાર આવ્યા હતા કે 'IPL 2025 ખતમ થવા પહેલા હેરી ફેરી ૩' નું એનાઉન્સમેન્ટ ટીઝર લોન્ચ કરવામાં આવશે. સુનીલ શેટ્ટીએ પણ તેમના એક ઈન્ટરવ્યુમાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'ટીઝર શૂટ થઈ ગયું છે.' રિપોર્ટ તો એવા હતા કે, ફિલ્મનો પહેલો સીન શૂટ થઈ ગયો છે. પરંતુ હવે પરેશ રાવલ આ પ્રોજેક્ટ છોડી રહ્યા હોવાથી નિર્માતાઓએ બધું નવેસરથી શરૂ કરવું પડશે. કાં તો તેમણે તેમની જગ્યાએ બાબુ ભૈયા તરીકે કોઈ બીજા અભિનેતાને લેવો જોઈએ અથવા તેમની સ્ક્રિપ્ટમાં ફેરફાર કરવો જોઈએ.

### જાવેદ અખ્તરે ટ્રોલર્સને આપ્યો જવાબ

# પાકિસ્તાન કરતા હું નરકમાં જવાનું પસંદ કરીશ : જાવેદ

ગીતકાર અને સ્ક્રિપ્ટ રાઈટર જાવેદ અખ્તરનું કહેવું છે કે, જો તેમને નર્ક અને પાકિસ્તાન બંન્નેમાંથી એકની પસંદગી કરવાની હોય તો, તેઓ નર્ક પસંદ કરશે. તેમણે મ પણ કહ્યું કે, તેમના વિચારો માટે તેમને બંને બાજુના ઉગ્રવાદીઓ તરફથી અપમાન અને ટીકાનો સામનો કરવો પડે છે. તેમણે બીજું શું શું કહ્યું? આવો જાણીએ...જાવેદ અખ્તર ૧૭ મે, શનિવારના રોજ સંજય રાઉતના પુસ્તક 'નરકતલા સ્વર્ગ (નરકમાં સ્વર્ગ)' ના લોન્ચ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે, થાય છે એવુ કે, 'જો તમે માત્ર એક જ પક્ષ વતી બોલો છો, તો તમે માત્ર એક જ પક્ષને દુખી કરો છો. પરંતુ જો તમે બધા માટે બોલો છો, તો તમે ઘણા લોકોને નાખુશ કરો છો. હું તમને મારું ટ્વિટર અને વોટ્સએપ બતાવી શકું છું, જ્યાં બંને બાજુથી મારો દુર્વ્યવહાર થાય છે. ''ઘણા લોકો મારી પ્રશંસા કરે છે, અને મારું મનોબળ વધારવામાં મદદ કરે છે. પરંતુ એ પણ સાચું છે કે, બંને બાજુના કટ્ટરપંથીઓ મને દુર્વ્યવહાર કરે છે. અને આવુ જ થવુ જોઈએ, કારણ કે જો એક પક્ષ રોકાઈ જશે, તો મને નવાઈ લાગશે કે, હું શું ખોટું કરી રહ્યો છું. એક પક્ષ મને કહે છે કે તું 'કાફિર' (નાસ્તિક) છે અને તારે 'જહન્નમ' (નર્ક) માં જવું પડશે. તો બીજો પક્ષ કહે છે કે, તમે જેહાદી છો અને તમારે પાકિસ્તાન જતા રહેવું જોઈએ. હવે, જો મારી પાસે આ બે જ વિકલ્પો હોય તો હું નરકમાં જવાનું પસંદ કરીશ.'તમને જણાવી દઈએ કે, સંજય રાઉતનું પુસ્તક 'નરકતલા સ્વર્ગ' તેમણે આર્થર રોડ જેલમાં વિતાવેલા ત્રણ મહિનાની યાદ અપાવે છે. તેમની ઈડી દ્વારા પાત્રા ચાલ પુનર્વિકાસ પ્રોજેક્ટમાં કથિત નાણાકીય ગેરરીતિઓ બદલ ધરપકડ કરાઈ હતી.



**'નરકતલા સ્વર્ગ' તેમણે આર્થર રોડ જેલમાં વિતાવેલા ત્રણ મહિનાની યાદ અપાવે છે**

# 'ટીપ ટીપ બરસા પાની' પર ડાન્સ કરીને મચાવી ધૂમ

**૧૭મી મેની સાંજ ફિલ્મ સ્ટાર્સની હતી, મુંબઈમાં ઝી સિને એવોર્ડ્સ શોનું આયોજન કરવામાં આવ્યું હતું**

રાશા થડાનીની માતા રવીના ટંડન પોતાના જમાનાની સુપરસ્ટાર રહી ચુકી છે. તેની ફિલ્મોના ગીતો આજે પણ પાર્ટીઝમાં ધૂમ મચાવે છે. રવીનાની ફિલ્મ મોહરાનું 'ટીપ ટીપ બરસા પાની' આઈકોનિક ગીત ગણાય છે. હવે રવીનાની દીકરી રાશાએ આ જ ગીત ઉપર ડાન્સ કરીને ધમાલ મચાવી દીધી છે.૧૭મી મેની સાંજ ફિલ્મ સ્ટાર્સની હતી. મુંબઈમાં ઝી સિને એવોર્ડ્સ શોનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં એવોર્ડ્સની સાથે, સ્ટાર્સના ડાન્સ પર્ફોર્મન્સે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. મુંબઈ જોબ્સઆ દરમિયાન, રવિના ટંડનની પુત્રી અને અભિનેત્રી રાશા થડાનીએ પણ પહેલીવાર કોઈ એવોર્ડ ઈવેન્ટમાં પરફોર્મ કર્યુ. તેણે તેની માતાની ફિલ્મ મોહરાના સુપર હિટ ગીત 'ટિપ ટિપ બરસા પાની' પર સુંદર પર્ફોર્મન્સ આપ્યું.રાશાએ પોતાના કિલર મૂવ્સ અને ઊર્જાથી ભરપૂર સ્ટેપ્સથી ચાહકોના દિલ જીતી લીધા. પીળા રંગની હાઈ સ્લિટ સાડી પહેરીને રાશા ખૂબ જ ગ્લેમરસ લાગી રહી હતી. અભિનેત્રીએ તેની સાથે ગોલ્ડન ક્રોશેટ બ્લાઉઝ મેચ કર્યુ હતું. રાશા ઊંચી પોનીટેલ સાથે ખૂબ જ સુંદર દેખાતી હતી.રાશાને તેના પ્રખ્યાત ગીત પર પરફોર્મ કરતી જોઈને ચાહકો ખૂબ પ્રભાવિત થયા છે. ઘણા લોકો રાશાના અભિનયને રવિનાના અભિનયની જ નકલ ગણાવી રહ્યા છે. એક સોશિયલ મીડિયા યુઝરે લખ્યું હતું કે આ છોકરી તેની માતાની પરફેક્ટ કોપી છે, તે ભવિષ્યમાં ઘણું કામ કરશે અને આગામી સુપરસ્ટાર બનશે, ઈન્શા અલ્લાહ.' બીજાએ ટિપ્પણી કરીઃ ''ફક્ત તેની પુત્રી જ આ ફરીથી કરી શકી હોત.'' બીજા એક યુઝરે કહ્યું, 'એક ક્ષણ માટે, મને લાગ્યું કે તે મા જ છે.' જ્યારે એકે લખ્યું - 'મીની રવિનાએ જાદુ કરી બતાવ્યો.આ સિવાય કેટલાક લોકો રાશા થડાનીની તુલના અન્ય સ્ટાર કિડ્સ સાથે કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું - 'તે એક પ્રતિભાશાળી સ્ટાર કિડ છે.' બીજા એક વ્યક્તિએ ટિપ્પણી કરીઃ 'તે બીજા સ્ટાર કિડ્સ કરતા ઘણી સારી છે.' જ્યારે એક યુઝરે લખ્યું- બેસ્ટ નેપો કિડ. રાશા થડાનીએ માધુરી દીક્ષિતના આઈકોનિક ગીત 'એક દો તીન' પર પણ ડાન્સ કર્યો. લાલ રંગનો લહેંગો અને સોનેરી ટોપ પહેરીને, તે આ ગીત પર જોરદાર પરફોર્મ કરતી જોવા મળી હતી.તમને જણાવી દઈએ કે રાશા થડાનીએ આ વર્ષે બોલીવુડમાં ડેબ્યૂ કર્યુ છે. આ અભિનેત્રીએ ફિલ્મ 'આઝાદ'થી ફિલ્મી દુનિયામાં પ્રવેશ કર્યો છે. આ ફિલ્મમાં તેનું એક ગીત 'ઓયે અમ્મા' છે જેમાં તેના નૃત્યના ખૂબ વખાણ થયા હતા.



**રવીના ટંડનની દીકરી રાશા ટંડનનું સુંદર પર્ફોર્મન્સ**



# સલમાન અપૂર્વ લાખિયાની આગામી ફિલ્મમાં આર્મી ઓફિસર બનશે

પઠાણની જોરદાર સફળતા પછી શાહ રૂખ ખાન દિગ્દર્શક સિદ્ધાર્થ આનંદ સાથે અતિ અપેક્ષિત એક્શન થ્રિલર કિંગમાં ફરી કામ કરી રહ્યો છે. શાહ રૂખની રેડ ચિલિસ અને મારફિલક્સ દ્વારા નિર્મિત આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ, અભિષેક બચ્ચન, અનિલ કપૂર, જેકી શ્રોફ, અર્શદ વારસી, જયદીપ આઈવત અને નવોદિત સુહાના ખાન જેવી ધરખમ સ્ટાર કાસ્ટ છે. હવે ચાહકોના ઉત્સાહમાં વધારો કરતા રાણી મુખર્જી પણ મહત્વના કેમિયો તરીકે કાસ્ટમાં જોડાઈ છે. ફિલ્મમાં રાણી સુહાના ખાનના પાત્રની માતાની ભૂમિકા નિભાવી રહી છે અને ફિલ્મનું ભાવનાત્મક કેન્દ્ર બનીને એક્શન પેક્ડ પ્લોટ માટે ઉત્પ્રેરકનું કામ કરે છે. રાણીએ માત્ર પાંચ દિવસનું શૂટ કરવાનું હોવા છતાં સમગ્ર કથાનકમાં તેનું મહત્વ ઘણુ છે. કુછ કુછ હોતા હૈ અને કભી અલવિદા ના કહના જેવી ફિલ્મો સાથે ઓનસ્ક્રીન કેમિસ્ટ્રીનો સમૃદ્ધ ઈતિહાસ સાથે તેમનું જોડાણ તાજગી ભર્યા ડ્રામા સાથે જૂના સંસ્મરણો પણ તાજા કરશે. અહેવાલ મુજબ રાણી મુખર્જીએ કિંગ માટે શાહરૂખ અને સિદ્ધાર્થ આનંદની ઓફરનો તાત્કાલિક સ્વીકાર કર્યો.



### BMCએ ફટકારી નોટિસ

# મિથુન ચક્રવર્તી પર ગેરકાયદે બાંધકામનો આરોપ લાગ્યો છે



અભિનેતા અને રાજકારણી મિથુન ચક્રવર્તીને તાજેતરમાં બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક લીગલ નોટિસ ફટકારવામાં આવી છે. મિથુન ચક્રવર્તીએ મલાડમાં એક પ્લોટમાં ગેરકાયદેસર બાંધકામ કર્યુ હોવાના આરોપ બદલ આ નોટીસ આપવામાં આવી છે. નોટિસમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, જો મિલકત માલિક તરફથી સંતોષકારક જવાબ આપવામાં નહીં આવે તો ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જોકે, મિથુને આ અહેવાલોને પાયાવિહોણા ગણાવ્યા છે.મહાનગરપાલિકાએ ગત ૧૦ મેના રોજ ગેરકાયદેસર બાંધકામ કરેલું હોય તેવી ૧૦૧ મિલકતોની યાદી તૈયાર કરી છે. જેમાં મલાડના એરંગલ ગામમાં હીરા દેવી મંદિર પાસેના પ્લોટનો સમાવેશ થાય છે, જેના માલિક મિથુન ચક્રવર્તી છે. બીએમસીનો આરોપ છે કે, પરવાનગી વગર આ જગ્યાએ ગ્રાઉન્ડ પ્લસ મેઝેનાઈન ફ્લોરવાળા બે સ્ટ્રક્ચર, એક ગ્રાઉન્ડ ફ્લોર સ્ટ્રક્ચર અને ૧૦ બાય ૧૦ ના ત્રણ કામચલાઉ યુનિટ બનાવવામાં આવ્યા છે. આ યુનિટમાં ઈંટો, લાકડાના પાટિયા, કાચની દિવાલો અને એસી શીટની છતનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે, જે ગેરકાયદેસર છે. મહાનગરપાલિકાએ ગત ૧૦ મેના રોજ ગેરકાયદેસર બાંધકામ કરેલું હોય તેવી ૧૦૧ મિલકતોની યાદી તૈયાર કરી છે આ અંગે બીએમસી દ્વારા જારી કરાયેલી કાનૂની નોટિસ પ્રમાણે જો મિલકત માલિક તરફથી સંતોષકારક જવાબ નહીં મળે, તો તેમની સામે કલમ ૪૭૫છ હેઠળ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે અને ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવામાં આવશે.સરકાર દ્વારા કાનૂની નોટિસ મોકલવામાં આવી હોવાના સમાચારો વચ્ચે મિથુન ચક્રવર્તીએ મીડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં કહ્યું, ' મેં કોઈ ગેરકાયદેસર બાંધકામ કર્યુ નથી અને મારી પાસે કોઈ અનધિકૃત માળખું નથી. હાલમાં ઘણા લોકોને નોટિસ મોકલવામાં આવી છે અને અમે અમારો જવાબ મોકલ્યો છે.

# કાન ફિલ્મ ફેસ્ટિવલમાં પારુલે ચાહકોને કર્યા મંત્રમુગ્ધ



**નિશ હેરની સીઈઓ એક્ટ્રેસ પારુલ ગુલાટીએ કાનમાં સાડી પહેરીને પોતાની સુંદરતાનો જાદુ ફેલાવ્યો છે**



કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ડેબ્યુ કરનાર અભિનેત્રી પારુલએ પોતાના અનોખા લુકથી ફેસ્ટિવલમાં પોતાની અલગ ઓળખ ઊભી કરી રહી છે. પહેલા વાળથી બનેલો ડ્રેસ પહેર્યા બાદ તે હવે એક નવા લુકમાં જોવા મળી છે. હવે તેનો નવો લુક પણ ચર્ચામાં છે જેમાં તે ખૂબ જ સુંદર અને અલગ દેખાઈ રહી છે.નિશ હેરની સીઈઓ પારુલ ગુલાટીએ કાનમાં સાડી પહેરીને પોતાની સુંદરતાનો જાદુ ફેલાવ્યો છે. આ લુકમાં તે એકદમ ક્લાસી લાગી રહી છે. પારુલે ગોલ્ડન કલરની બનારસી ટીશ્યુ સાડી પહેરી છે. આ સાથે, તેણે મેચિંગ ઓફ શોલ્ડર બ્લાઉઝ પહેર્યુ હતું.પારુલે સાડી સાથે મિરર નેટ દુપટ્ટો પહેરીને પોતાના લુકને રોયલ ટચ આપ્યો હતો. સાડી સાથે અભિનેત્રીએ નાકમાં નથ પહેરીને આ લુકને વધુ ક્લાસી બનાવ્યો હતો. આ સાથે તેણે કપાળ પર ચમકતી બિંદીથી શણગાર કર્યો હતો.પારુલ ગુલાટીએ આ ફોટા ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા છે અને સાડી વિશે વિગતો આપી છે. તેણે લખ્યું- ઝૂમ ઈન કરો અને જુઓ કે આ કોઈ સામાન્ય સાડી નથી.પારુલે આગળ લખ્યું - 'મોહિત રાય અને ટીમ દ્વારા બનાવેલી આ કસ્ટમ બનારસી ટીશ્યુ સાડી કિસમિસમાં બોળીને મારા શરીર પર રંગાયેલી છે અને જાણે મારા પર મઢાઈ ગઈ છે, તેમાંય વળી પરંપરાગત કાપડ, ફ્યુચર ફિનિશ અને એક સુંદર ક્ષણ, ખૂબ જ દેશી.'ચાહકો પણ પારુલ ગુલાટીની આ તસવીરો પર પ્રેમ વરસાવી રહ્યા છે. એક ચાહકે લખ્યું હતું કે 'કેટલી સુંદર લાગે છે!, બીજાએ પણ એમ જ લખ્યું હતું સુંદર પરી જેવી લાગે છે તો અન્યએ કંઈક ભળતી પ્રતિક્રિયા આપી હતી.

# સનરાઈઝ કોલેજ ઓફ નસીંગે, દાહોદના વિધોથીઓનો શપથ ગ્રહણ કાયેક્રમ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

સનરાઈઝ એજયુકેશન એન્ડ રીચસૅ ફાઉન્ડેશન દાહોદ દ્વારા સનરાઈઝ કોલેજ ઓફ નસીંગના વિધોથીઓનો શપથ ગ્રહણ કાયેક્રમ તાજેતરમાં કોલેજ પરિસરમાં યોજવામાં આવ્યો હતો. આ શપથ ગ્રહણ કાયેક્રમ (ઓથ ટેકીગ સેરેમની) કાયેક્રમમા મુખ્ય મહેમાન પદે સામાજિક આગેવાન અને માનવસેવા માટે સક્રિય રોટરી સેવા સંસ્થાન દાહોદના પ્રમુખ ડો.નરેશભાઈ ચાવડા, રેડક્રોસ સોસાયટી દાહોદના મંત્રી જવાહરભાઈ શાહ, લાયન્સ કલબ દાહોદના આગેવાન સત્યેન્દ્ર સોલંકી, રેડક્રોસ સોસાયટી બ્લડ બેકં કન્વીનર એન. કે. પરમાર હાજર રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ મીઠાલાલ ગાંધી ટ્રસ્ટી અને દાહોદ જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રભાઈ સોની, કોલેજના આચાર્ય શ્રીમતી શેલીનબેન ડામોર, મીનાક્ષી બેન, મહેન્દ્ર સર, ભીખાભાઇ તેમજ તમામ સ્ટાફ પરિવારના સભ્યો, કોલેજના વિધોથીઓ, વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સંચાલક સંસ્થાના હોદેદારો દ્વારા કાયેક્રમમા ઉપસ્થિત મહાનુભાવો નુ પયોવરણ જાગૃતિ માટે છોડ આપી ભવ્ય સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતુ

શપથ ગ્રહણ કાયેક્રમમા ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરી કોલેજ તથા સંચાલક સંસ્થાની કામગીરીને બીરદાવી વિધોથીઓને શુભેચ્છાઓ અને અભિનંદન આપ્યા હતા કોલેજમાં અભ્યાસ કરતા વિધોથીઓ દ્વારા સાસ્કૃતિક કાયેક્રમ તથા રાસ ગરબા કરવામાં આવ્યા હતા.

# સુરતના કામરેજ તાલુકાના ઉંભેળ ગામે મધમાખી ઉછેર કેન્દ્ર બન્યું આત્મનિર્ભરતાનું મોડેલ




। સુરત, તા.૧૯ ।

મધમાખીઓ જૈવ વિવિધતાના સંરક્ષણ, પ્રકૃતિમાં પર્યાવરણીય સંતુલન અને પ્રદૂષણ ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી ભૂમિકા ભજવે છે. પર્યાવરણીય પ્રણાલીમાં મધમાખીના મહત્વ અને તેમના સંરક્ષણ વિશે લોકોને જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે ૨૦મેના રોજ વિશ્વ મધમાખી દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો પ્રસ્તાવ યુનાઈટેડ નેશન્સ સમક્ષ ૨૦ મે ૨૦૧૭ના રોજ મધમાખી ઉછેર કરનારા એસોસિએશન ઑફ સ્લોવેનિયાના નેતૃત્વ હેઠળ મૂકવામાં આવતા સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશોએ ડિસેમ્બર ૨૦૧૭માં આ દિવસની ઉજવણી કરવાની મંજૂરી આપી હતી. પ્રથમ વિશ્વ મધમાખી દિવસ ૨૦ મે ૨૦૧૮ના રોજ મનાવવામાં આવ્યો હતો. આ વિશેષ દિવસ ૨૦ મેના રોજ એન્ટોન જાન્સાના જન્મદિવસની યાદમાં ઉજવવામાં આવે છે, જેને આધુનિક મધમાખી ઉછેર તકનીકના પિતા કહેવામાં આવે છે. એન્ટોન જાન્સાનો જન્મ ૨૦ મે ૧૭૩૪ના રોજ સ્લોવેનિયામાં થયો હતો. મુળ ભાવનગર જિલ્લાના નાના-આસરાણા ગામના અને વર્ષોથી સુરતના ડભોલી વિસ્તારમાં સ્થાયી થયેલા તથા સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ઉંભેળ ગામે મધમાખીનો ઉછેર વ્યવસાય કરતાં ૪૫ વર્ષીય વિનોદભાઈ રામજીભાઈ નકુમે ગુજરાતમાં મધમાખી ઉછેર ક્ષેત્રે પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરી નવી ઓળખ ઉભી કરી છે. વિનોદભાઈ પહેલાં ડાયમંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા હતા, પરંતુ વર્ષ ૨૦૧૧માં હરિયાણાની સફર દરમિયાન મધમાખી ઉછેર કેન્દ્રની મુલાકાતે જતાં તેમનું જીવન બદલાઈ ગયું. માત્ર ૨૫ બોક્સથી શરૂ કરીને આજે તેઓ ૧૧૦૦થી વધુ બોક્સનું સંચાલન કરે છે. જેના થકી વર્ષે ૩૦ થી ૩૫ ટન જેટલું શુદ્ધ મધ ઉત્પન્ન થાય છે, જેના વેચાણથી થકી સારી એવી આવક પ્રાપ્ત કરી રહ્યાં છે. વિનોદભાઈ નકુમ પોતાની સફળતા વિશે વાત કરતા કહે છે કે, જ્યારે હીરાનો વ્યવસાય છોડયો અને માત્ર ૨૫ બોક્સથી મધમાખી ઉછેરની શરૂઆત કરી, ત્યારે ઘણા લોકો શંકા વ્યક્ત કરતા કહેતા કે, મુર્ખામી ભર્યું કામ કરી રહ્યો છે, પરંતુ એના ઉપર ધ્યાન નહિ આપી પોતાના કામ પર ધ્યાન આપ્યું. ૨૦૧૧માં ૨૫ બોક્સથી મધમાખી ઉછેરની શરૂઆત કરી ધીમે ધીમે બોકસ વધારતા ગયા. ૨૦૧૯ના વર્ષમાં નર્મદા-સુરત હની પ્રોડયુસર કંપની લિ.નો એફ.પી.ઓ. શરૂ કર્યો. અમે ત્રણ મિત્રોએ ભેગા મળીને શ્રી અર્પીત ઓર્ગેનિક કંપની શરૂ કરીને મધમાખી ઉછેરનો ૧,૧૦૦થી વધુ બોક્સે પહોચ્યો છે. વર્ષે દહાડે ૩૫ ટન મધનું ઉત્પાદન થાય છે. જેમાંથી અલગ અલગ ફેલેવરનું મધ બનાવી માર્કેટ વેચાણ કરીએ છીએ. ઉંભેળના મધ ઉછેર કેન્દ્રથી વેચાણ કરી અમારી કંપનીને વાર્ષિક રૂ.૩૦ લાખની આવક થાય છે. વધુમાં તેમણે કહ્યું કે, છેલ્લા ૧૪ વર્ષથી મધમાખી ઉછેર સાથે સંકળાયેલો છું. સાથે સાથે સરકારના વિવિધ વિભાગો સાથે મળી સખી મંડળની બહેનો અને ખેડુતોને તાલીમ આપું છું. જેનાથી મધમાખી ઉછેરમાં લોકોનો રસ વધે એવા પ્રયત્ન છે. મધમાખી જેવું નાનો જીવ આપણા પર્યાવરણ અને કૃષિ માટે કેટલુ મહત્વ ધરાવે છે, તે માત્ર મધ તૈયાર કરતી નથી.

# ઝાલોદ નગરપાલિકાની પ્રી.મોન્સૂન કામગીરી અંગે નગરમાં ચાલતા અનેક તર્ક વિતર્ક

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

હાલ ચોમાસુ જલ્દી આવવાના એંધાણ વર્તાઈ રહેલ છે. અંદાજીત ૧૦ તારીખ થી ચોમાસુ બેસી જશે તેવી આગાહી સાંભળવા મળે છે તેમજ આ વખતે ગત વર્ષ કરતાં વધુ વરસાદ પડશે તેવી પણ આગાહી છે. આમતો કમોસમી વરસાદ નગરમાં વરસતો રહે છે જેથી ચોમાસુ આવી ગયું તેવું જણાઈ રહ્યું છે. આ વખતે કમોસમી વરસાદમા કોળીવાડા અને પ્રભુતા પાર્ટી પ્લોટ પાસે આવેલ એક રહેણાંક સોસાયટીમા પણ પાણી ભરાઈ ગયેલ હતું.

નગરના બસ સ્ટેશન વિસ્તાર, પંચશીલ સોસાયટી થી આગળ ઝલાઈ માતા રોડ, પ્રભુતા પાર્ટી પ્લોટની સામે, માંડલી ફળિયા, કોળીવાડા, વણકતલાઈ મંદિર માર્ગ, પોલિસ સ્ટેશનની આગળના બાંસવાડા જતા માર્ગ પર ચોમાસાની ઋતુમા ભારી વરસાદને લઈ પાણી ભરાઈ જવાની ઘટના દર વર્ષે બનતી જ હોય છે. નગરપાલિકા ભૂગર્ભ ગટરની સફાઈ કરી રહેલ છે જેથી આ વિસ્તારોમાં પાણી ન ભરાય પરંતુ આ સફાઈ થી શું આ બધા વિસ્તારોમાં વરસાદી પાણી નહીં ભરાય...

નગરપાલિકા દ્વારા આ વિસ્તારોમાં પાણી ન ભરાય તે માટે દર વર્ષે કોઈને કોઈ કામગીરી કરવામાં આવતી હોય છે છતાંય આ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જવાની ઘટનાઓ અટકતી નથી. દર વર્ષે અમુક દુકાનદારોને અચાનક પડતાં ભારી વરસાદ થી આ વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં હોય છે તેમજ અમુક વ્યાપારીઓની દુકાનોમાં પણ વરસાદી પાણી ભરાઈ જતું હોય છે તેને લઈ આ વિસ્તારોના વ્યાપારીઓને લાખોનું નુકસાન થતું હોય છે. નગરપાલિકા દ્વારા પાણીના નિકાલ માટેની કોઈ પણ જાતની ઠોસ કામગીરી કરેલ નથી. નગરજનોનુ એવુ માનવું છે કે નગરમાં અંધાધૂંધ અપાયેલ બાંધકામની મંજૂરીને લઈ આ વિસ્તારોમાં પાણી ભરાઈ જતું હોય છે. પાલિકામા આવેલ બાંધકામ અંગેના નકશાને અભ્યાસ વગર પાસ કરી દેવાતા આ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતું હોય છે. પાલિકા દ્વારા હજુ પણ વરસાદી પાણી ભરાઈ જવાને લઈ કોઈપણ જાતની નક્કર કામગીરી કરવામાં આવેલ નથી. પાલિકા દર વર્ષે પ્રી મોન્સૂન કામગીરીની ભૂમિકામાં ફેઈલ થતું આવ્યું છે જેને લઈ સ્થાનિક વ્યાપારીઓની દુકાનોમાં વરસાદી પાણી ભરાઈ જતાં વ્યાપારીઓને ભારે નુકશાન વેઠવું પડતું હોય છે. હવે જોવાનું રહ્યું હજુ પણ પાલિકા પ્રિ મોન્સૂન કામગીરીમા સતર્ક થશે કે જે કામગીરી કરેલ છે તેનાથી સંતોષ માણશે. હવે પાલિકા આ વર્ષે આવતા ચોમાસામાં પાસ થશે કે ફેઈલ તે જોવાનું રહ્યું.

# નિરાધાર 3 દીકરીઓને મળી પિતાની છત્રછાયા



। અમરેલી, તા.૧૯ ।

અમરેલી જિલ્લામાં નિરાધાર ૩ દીકરીઓને પિતાની છત્રછાયા મળી છે એટલે કે અમરેલી જિલ્લા બાળ સુરક્ષા એકમમાં વસવાટ કરતી આ ત્રણ દીકરીઓને પિતા મળ્યા છે. જિલ્લામાં પ્રથમ વખત ત્રણ દીકરીઓને સાવકા પિતા દ્વારા દત્તક લેવાની કાયદેસરની મંજૂરી મળી છે, અમરેલી જિલ્લા કલેક્ટર શ્રી અજય દહિયાએ આ મંજૂરી આપતા આ દીકરીઓને પિતાની કાયમી છત્રછાયા હેઠળ મૂકી છે જેથી આ નિરાધાર ૩ દીકરીઓને પારિવારિક હૂંફ, લાગણી, કાળજી અને પ્રેમ સહિત તેમના ભવિષ્યને નવી દિશા મળશે. મહત્વનું છે કે, અમરેલી જિલ્લામાં ૩ દીકરીઓને સાવકા પિતા દ્વારા દત્તક લેવાની પ્રથમ ઘટના બની છે. અમરેલી જિલ્લા કલેક્ટર શ્રી અજય દહિયાએ, તા.૧૫ મે, ૨૦૨૫ના રોજ દીકરીઓને દત્તક લેનાર માતા પિતાને દત્તક વિધાનના આદેશ એનાયત કર્યા હતા. દીકરીઓના કાયદેસરના માતા-પિતાને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમ જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રીએ એક યાદીમાં જણાવ્યુ છે કે, અમરેલી જિલ્લા બાળ કલ્યાણ સમિતિના અધ્યક્ષ શ્રી રાજેશભાઈ કાબરિયા ઉપરાંત સમિતિના સભ્ય સર્વ શ્રી કેતનભાઈ ઢાંકેચા, શ્રી સુનિલભાઈ રાજ્યગુરુ, શ્રી નીકુબેન પંડ્યા, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી નયનાબેન પુરોહિત, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી વિશાલભાઈ જોશીની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી અને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના નિયામક સમાજ સુરક્ષા વિભાગ - ગાંધીનગર અને સ્ટેટ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી જિલ્લા કક્ષાએ સમાજ સુરક્ષા વિભાગ અને બાળ સુરક્ષા વિભાગ હેઠળ ચાલતા ૦ થી ૧૮ વર્ષના બાળકો માટેનો દત્તક વિધાન અંગેનો કાર્યક્રમ સમગ્ર ભારતમાં અમલી છે.

'ગામડું બોલે છેઃ એક પંચાયત આવી પણ'

# ઔદ્યોગિક વિસ્તારમાં 'નાગરિકોની સેવા' માટે દરરોજ રાતે મોડે સુધી ચાલતી વેરાવળ ગ્રામ પંચાયત



। વિરમગામ, તા.૧૯ ।

રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકાના વેરાવળ ગામમાં રહેતા કારખાનાના શ્રમિક વિજયભાઈ વાઘેલાને આવકનો દાખવો કઢાવવો છે. દિવસે કારખાનાનું કામ હોય, જો બીજા કોઈ ગામમાં રહેતા હોત તો કપાત પગારે રજા પાડી, દાખલા માટે દિવસે દોડાદોડી કરવી પડી હોત. પરંતુ તેમને ખબર છે કે, વેરાવળ ગ્રામ પંચાયત નાગરિકોની સેવા માટે દરરોજ રાતે મોડે સુધી ખુલ્લી રહે છે. આથી તેમને નિરાંત છે અને કપાત પગારે રજા પાડવાની જરૂર નથી. રાતે તે જમીને આરામથી પંચાયત કચેરી જાય છે. સ્ટાફ સહર્ષ દાખલો કાઢી આપે છે અને તલાટીની સહી પછી, રાતે સાડા આઠ વાગ્યે તેને આવકનું પ્રમાણપત્ર મળી જાય છે. સામાન્ય રીતે ગ્રામ પંચાયત કે સરકારી કચેરીનો સમય સવારે ૧૦.૩૦થી સાંજ ૬.૧૦નો હોય છે. પરંતુ વેરાવળ ગ્રામ પંચાયત નાગરિકોની સેવા માટે દિવસે રોજિંદા સમયની સાથે રાતે ૧૦ કે ૧૦.૩૦ સુધી ચાલુ રહે છે. આથી ગામમાં રહેતા કામદારો, ખેડૂતો, નાગરિકો દિવસે પોતાના કામ પતાવીને રાતે આરામથી પંચાયતની સેવાઓ લઈ શકે છે.

આ અંગે ગામના સરપંચ શ્રી રવિરાજસિંહ જાડેજા જણાવે છે કે, વેરાવળ પંચાયત વિસ્તારની વસતી આશરે ૬૫ હજાર જેટલી છે. આ વિસ્તારમાં લઘુ ઉદ્યોગોની સંખ્યા મોટી છે અને ગામમાં કારખાનાના શ્રમિકોની સંખ્યા વધુ છે. પંચાયતની સેવાઓ માટે શ્રમિકોને કપાત પગારની રજા ના પાડવી તે હેતુથી રાતે મોડે સુધી પંચાયત ખુલ્લી રાખવામાં આવે છે. મહિનામાં આશરે ૨૦૦૦થી ૨૫૦૦ નાગરિકો રાત્રિ સેવાનો લાભ લે છે. કેટલા સમયથી રાત્રિ પંચાયત ચાલે છે તે અંગે તેમણે કહ્યું કે, ૭ માર્ચ ૨૦૨૪ના રોજ ગ્રામ પંચાયતના નવા બિલ્ડિંગનું લોકાર્પણ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાના હસ્તે થયું હતું. ત્યારથી તલાટી તેમજ સ્ટાફ સાથે મળીને, સામાન્ય નાગરિકોની સેવા માટે રાતે મોડે સુધી પંચાયત ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો હતો

પંચાયતની 'નાગરિકલક્ષી સેવા'ઓ અંગે તેમણે કહ્યું હતું કે, લોકો સુવિધાઓને લગતી ફરિયાદો કરી શકે તે માટે હેલ્પલાઈન નંબર ૯૭૧૨૨, ૯૯૨૯૮ જારી કરવામાં આવ્યો છે. લોકો એસ.એમ.એસ. કે વોટ્સએપ પર ફોટો-વીડિયો-મેસેજ મોકલીને ફરિયાદ કરી શકે છે. ફરિયાદના નિવારણ પછી પંચાયતમાંથી કોલ કરીને પ્રતિભાવ લેવામાં આવે છે અને ફરિયાદ નિકાલનું સમર્થન મળ્યા પછી ફરિયાદ ક્લોઝ કરવામાં આવે છે. સરપંચશ્રીએ કહ્યું કે, રાજકોટ જિલ્લામાં ઈ-શ્રમ કાર્ડની કામગીરીમાં વેરાવળ પંચાયત પ્રથમ સ્થાને રહી છે. વેરાવળમાં થી ૩૮૧૬ ઈ-શ્રમકાર્ડ નીકળ્યા છે. પંચાયત તરફથી કાર્ડની કલર પ્રિન્ટ કાઢીને, લેમિનેશન કરીને શ્રમિકોને આપવામાં આવે છે. ઉપરાંત ૪૯૪૨ રાશનકાર્ડ ઈ-કેવાયસી સાથે વેરાવળ પંચાયત રાજકોટ જિલ્લામાં અવ્વલ હોવાનું તેમણે ઉમેર્યું હતું. વેરાવળમાં કુલ છ સરકારી પ્રાથમિક શાળા છે. જેમાં ૨૪૮૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે. આ બાળકોને પંચાયત તરફથી નાસ્તા માટે સ્ટીલના ડીશ-ચમચી આપવામાં આવેલા છે. જે નાગરિકો પંચાયતનો વેરો ભરીને જાય તેમને ભીના અને સૂકા કચરાને અલગ રાખવા માટે બે ડસ્ટબીન પણ આપ વામાં આવે છે. સરપંચશ્રીના જણાવ્યા પ્રમાણે, ગામમાં કુલ ૧૧ હજાર જેટલા નળ કનેક્શન છે અને તમામમાં 'નળથી જળ' અપાય છે. ઝુંપડપટ્ટી વીજ કનેક્શન યોજના હેઠળ સાડા ચાર હજાર વીજજોડાણ આપવામાં આવ્યા છે. વેરાવળના તલાટી શ્રી પરાગ વસોયાએ જણાવ્યું હતું કે, શ્રમિકો, ખેડૂતોને સરળતા રહે તે માટે રાતે ૧૦ કે ૧૦.૩૦ સુધી જરૂરિયાત મુજબ પંચાયતની કામગીરી ચાલુ રહે છે. જેમાં આવકના દાખલા, નોન ક્રિમિલેયર સર્ટી, રાશનકાર્ડ ઈ-કેવાયસી, ખેડૂતોને વિવિધ યોજનાઓ, સહાય માટેના ફોર્મ ઓનલાઈન ભરી આપવા, લગ્ન સર્ટી, જન્મ-મરણના દાખલા, પંચાયતના વિવિધ વેરાની વસૂલાત સહિતની કામગીરી થાય છે. રાતે મોડે સુધી નાગરિકોના કામ થતા હોવા છતાંય સવારે પંચાયત કચેરી નિયત સમયે ખુલી જાય છે અને રોજિંદી કામગીરી શરૂ થઈ જાય છે.

ડેન્ગ્યુનો મચ્છર કન્ટેનર બ્રીડર છે એટલે સામાન્ય રીતે ઘરમાં જ રહે અને ઘરમાં જ કરડે

# ડેન્ગ્યુથી બચવા સાવચેતી એ જ સલામતી, રવિવારે ૧૦ વાગ્યે ૧૦ મિનિટ પોતાના માટે કાઢો

। (પ્રતિનિધી) વિરમગામ, તા.૧૯ ।

ભારત સહિત સમગ્ર વિશ્વમાં એડિસ એજીપ્તી મચ્છરથી ડેન્ગ્યુનો રોગ થાય છે. ઘણી વખત ડેન્ગ્યુનો રોગ મૃત્યુનું કારણ પણ બની શકે છે. અમદાવાદ જિલ્લામાં ડેન્ગ્યુના રોગને નાથવા માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે અને તેમાં આરોગ્ય વિભાગને સફળતા પણ મળી રહી છે.

જો અમદાવાદ જિલ્લાના કોઈપણ વિસ્તારમાં ડેન્ગ્યુનો પોઝિટિવ કેસ નોંધાય છે કે તરત જ ૦, ૩, ૭, ૧૪ માં દિવસે ચેપી મચ્છર નાશક ધુમાડો, ૦, ૩, ૭, ૧૪, ૨૧અને ૨૮ માં દિવસે પોરાનાશક કામગીરી કરવામાં આવે છે. એપ્રિલ મે અને જૂન મહિનામાં સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરીને સૌથી વધુ બ્રીડિંગ જોવા મળી શકે તેવા પાત્રો જેવા કે પ્લાસ્ટિકનો ભંગાર, જીઆઈડીસીમાં રહેલી નકામી બિન ઉપયોગી વસ્તુઓ, ટાયર પંચર માટે ભરાતું પાણી, ટાયર નો ભંગાર, છત કે ધાબા પર પડી રહેલો બિન વપરાશી કાટમાળની તપાસ કરવામાં આવે છે અને જો તેમાં મચ્છરના બ્રિડીગ જોવા મળે તો તેનો તાત્કાલિક નાશ કરવામાં આવે છે. આમાં ખાસ જોવા મળે કારણકે ડેન્ગ્યુ મચ્છર કન્ટેઈનર બ્રિડર છે. ઘરમાં જ રેવાનું ઘરમાંજ કરડવાનું. ઘરમાં ફ્રીજની પાછળની ટ્રેમાં પણ ડેન્ગ્યુના મચ્છરો ઉત્પન્ન થઈ શકે છે. સામાન્ય રીતે ડેન્ગ્યુના મચ્છર બે ત્રણ વ્યક્તિને કરડતા હોય છે એટલે ક્લસ્ટરમાં પણ તાવ જોવા મળી શકે છે. ડેન્ગ્યુથી બચવા સાવચેતી એ જ સલામતી છે એટલે અમદાવાદ જિલ્લાના દરેક વ્યક્તિઓને રવિવારે ૧૦ વાગ્યે ૧૦ મિનિટ પોતાના માટે કાઢવા અપીલ કરવામાં આવી રહી છે. રવિવારે આપણે પોતાના ઘરમાં ૧૦ મિનિટનો સમય કાઢીને મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરવો જોઈએ. આપણે સૌ સાથે મળીને ડેન્ગ્યુ માટે જવાબદાર એડિસ ઈજીપ્તી મચ્છરની ઉત્પત્તિ અટકાવીશું તો ડેન્ગ્યુ રોગને થતો ચોક્કસ અટકાવી શકીશું તેમ અમદાવાદ જિલ્લાના જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડે સીએમએમ ભારત સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે રચનાત્મક શોખ તમને નિરાંતવા રાખશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારી મદદની જરૂર હોય એવા મિત્રની મુલાકાત લેજો. તમે તમારા પ્રિયપાત્રને મળશો તેનાથી તમારા મગજને રૉમાન્સ ઘેરી વળશે. નોકરી માટેના ઈન્ટરવ્યુમાં હાજર થવા અથવા તમારો બાયો-ડૅટા મોકલવા માટે સારો દિવસ.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમે કોઈ હાઈ-પ્રૉફાઈલ વ્યક્તિને મળી ને નર્વસ થઈ તમારો આત્મવિશ્વાસ ખોઈ ન બેસતા. જેમ ધંધા માટે મૂડી જરૂરી છે તેમ સારા સ્વાસ્થ્ય માટે આત્મવિશ્વાસ આવશ્યક છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. ઘરના કામો તમને મોટા ભાગના સમયે વ્યસ્ત રાખે છે.

**કર્ક (ડ,હ) :**
આજે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. તમારા પરિવાર સાથે જડતાપૂર્વક વર્તન ન કરતા-તેનાથી શાંતિ જોખમાઈ શકે છે. આજે તમારૂં પ્રેમ જીવન તમને આશીર્વાદ આપી રહ્યું છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. આજે તમને સમજાશે કે તમારા જીવનસાથી તમને કેટલો પ્રેમ કરે છે. કામના સ્થળે આકાર લઈ રહેલા ફેરફારથી તમને લાભ થશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમારી મુલાકાતે આવેલા સંબંધીઓ તમે કલ્પના કરી છે એના કરતાં સારા નીકળી શકે છે.

**તુલા (ર,ત) :**
આજે કામનું દબાણ તાણ તથા ટૅન્શન લાવી શકે છે. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. પ્રિયપાત્ર સાથે બહાર જવાનો પ્રૉગ્રામ નિષ્ફળ જવાની શક્યતા છે. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે.


**વૃશ્ચિક (ન,ય) :**
આજે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે? નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે. કામનું દબા તમારા મગજને ઘેરી વળશે છતાં તમારૂં પ્રિયપાત્ર તમને અમર્યાદ રૉમેન્ટિક આનંદ આપશે.

**મકર (ખ,જ) :**
આજે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ રહેશે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. સાવધાનીપૂર્વક પગલાં લેવાનો દિવસ- આથી જ્યાં સુધી તમને વિશ્વાસ ન બેસે કે તમારા વિચારો નિષ્ફળ નહીં જાય.

**કુંભ (ગ,શ,સ) :**
આજે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો? મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે.





નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા વિદેશી નાગરિકોની નોંધણી સરળ બનાવવા માટે અદ્યતન યુઝર ઇન્ટરફેસ સાથે નવા ઓવરસીઝ સિટીઝન ઓફ ઇન્ડિયા (OCI) પોર્ટલના લોન્ચિંગ કરાવ્યું.

## ન્યૂઝ બ્રિફ

### હૈદરાબાદની ટીમને મોટો ઝટકો, સ્ટાર બેટરને થયો કોરોના

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં સોમવારે સનરાઈઝર્સ હૈદરાબાદનો લખનઉ સુપર જાયન્ટ્સ સાથે મુકાબલો છે. પરંતુ આ પહેલા પણ હૈદરાબાદને મોટો ઝટકો લાગ્યો છે. કારણ કે તેના સ્ટાર ઓપનર ટ્રેવિસ હેડ કોવિડ-૧૯ પોઝિટિવ હોવાની જાણકારી સનરાઈઝર્સ હૈદરાબાદના હેડ કોચ ડેનિયલ વેટોરીએ આપી હતી. તેના કારણે ટ્રેવિસ હેડ આ મહત્ત્વપૂર્ણ મેચમાં ભાગ લઈ શકશે નહીં. ટ્રેવિસ હેડ કોરોનાથી સંક્રમિત થયા બાદ ભારત પહોંચી શક્યો નથી. હૈદરાબાદના કોચ ડેનિયલ વેટોરીએ કહ્યું, 'ટ્રેવિસ હેડ કોરોના પોઝિટિવ થયો છે, જેના કારણે તે ભારત આવી શક્યો નથી. અમને આશા છે કે તે સંપૂર્ણપણે સ્વસ્થ થઈ જશે અને આગામી મેચ માટે ટીમમાં જોડાશે.'રવિવારે રમાયેલી બીજી મેચમાં ગુજરાતે દિલ્હી કેપિટલ્સને હરાવીને પ્લેઓફ માટે ક્વોલિફાય કર્યુ.

### વેસ્ટ ઇન્ડીઝ ક્રિકેટ બોર્ડે ટેસ્ટ શ્રેણી માટે રોસ્ટન ચેઝને કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ભારતીય ક્રિકેટના બે મહાન બેટ્સમેનોએ અચાનક ટેસ્ટ ફોર્મેટ છોડવાનો ચોંકાવનારો નિર્ણય કર્યો ત્યારથી ચાહકો નારાજ છે. પહેલા રોહિત શર્મા અને પછી વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. રોહિત શર્માના ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ બાદ ભારતીય ટીમ નવા કેપ્ટનની જાહેરાતની રાહ જોઈ રહી છે. આ દરમિયાન વેસ્ટ ઈન્ડીઝ ક્રિકેટે આગામી ટેસ્ટ શ્રેણી માટે તેના નવા કેપ્ટનની જાહેરાત કરી છે. ટીમે એવા ખેલાડીને કેપ્ટન બનાવ્યો છે જે છેલ્લા બે વર્ષથી ટેસ્ટ ક્રિકેટ રમ્યો નથી. વેસ્ટ ઈન્ડીઝ ક્રિકેટ બોર્ડે આગામી ટેસ્ટ શ્રેણી માટે રોસ્ટન ચેઝને કેપ્ટન તરીકે નિયુક્ત કર્યો છે. જોમેલ વોરિકનને ઉપ-કપ્તાનપદ સોંપવામાં આવ્યું છે. રોસ્ટન ચેઝને નવો કેપ્ટન બનાવવામાં આવતા ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા છે.

### ટીપ્પણી બદલ અશોકા યુનિવર્સિટીના પ્રોફેસરની ધરપકડ

। (એજન્સી) સોનીપત, તા.૧૯ ।

ઓપરેશન સિંદૂર અંગે સોશિયલ મીડિયામાં વાંધાજનક પોસ્ટ કરવા બદલ હરિયાણાની અશોકા યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર અલી ખાન મહમુદાબાદની દિલ્હીથી રવિવારે ધરપકડ કરાઈ હતી. અલી ખાન સામે દેશના સાર્વભૌમત્વ અને અખંડિતતાને જોખમમાં મૂકવા સહિતના કડક આરોપો હેઠળ બે FIR દાખલ કરાઈ છે. હરિયાણા રાજ્ય મહિલા પંચના અધ્યક્ષ રેણુ ભાટિયાની ફરિયાદ તથા ગામના સરપંચની ફરિયાદના આધારે બે એફઆઈઆર દાખલ કરાઈ છે. મહિલા પંચની ફરિયાદના આધારે અલી ખાનના પોલીસ રિમાન્ડ લેવામાં આવશે. અલી ખાનની ધરપકડને સીપીઆઈ (એમ), નેતા અસદુદ્દીન ઓવૈસી-તૃણમૂલ કોંગ્રેસે નિંદા કરી હતી.

### ઓફિસ મેમોરેન્ડમને રદ કરીને કેન્દ્રની ઝાટકણી કાઢી

# પ્રોજેક્ટ્સને પશ્ચાદવર્તી પર્યાવરણીય મંજૂરી પર સુપ્રીમનો પ્રતિબંધ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

નિયમોનો ભંગ કરીને પ્રોજેક્ટ્સને પૂર્વવર્તી કે એક્સ પોસ્ટ ફેક્ટો પર્યાવરણીય મંજૂરી આપતા કેન્દ્ર સરકારના ઓફિસ મેમોરેન્ડમને રદ કરતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે પ્રદૂષણ મુક્ત વાતાવરણમાં રહેવાનો અધિકાર મૂળભૂત અધિકારનો એક મહત્ત્વનો હિસ્સો છે. કોર્ટે આવું મેમોરેન્ડમ જારી કરવા બદલ કેન્દ્ર સરકારની આકરી ટીકા પણ કરી હતી. વનશક્તિ સંસ્થાએ દાખલ કરેલી અરજી પર આપેલા ચુકાદામાં ન્યાયાધીશ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુયાનની બનેલી ખંડપીઠે આકરી ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે



સામાન્ય નાગરિકોની જેમ પર્યાવરણનું રક્ષણ કરવાની કેન્દ્ર સરકારની પણ બંધારણીય જવાબદારી છે. કાયદા હેઠળ સંપૂર્ણપણે પ્રતિબંધિત કંઈક કરવાના કેન્દ્રના પ્રયાસ સામે પણ આકરી કાર્યવાહી થશે. ઓફિસ મેમોરેન્ડમમાં હોશિયારી પૂર્વક એક્સ પોસ્ટ ફેક્ટો શબ્દોનો ઉપયોગ કરાયો નથી, પરંતુ તે શબ્દોનો ઉપયોગ કર્યા વગર પૂર્વવર્તી મંજૂરી આપવાની જોગવાઈ છે.આ કોર્ટના નિર્ણયોનું ઉલ્લંઘન કરી ૨૦૨૧માં જારી કરાયું છે. તેથી તે અને સંબંધિત પરિપત્રોને મનસ્વી ગેરકાયદેસર અને પર્યાવરણ (સંરક્ષણ) ધારા,૧૯૮૬ અને પર્યાવરણીય અસર મૂલ્યાંકન નોટિફેકેશન, ૨૦૦૬ની વિરુદ્ધ છે. ખંઠપીઠે જણાવ્યું હતું કે બંધારણની કલમ ૨૧ હેઠળ પ્રદૂષણ મુક્ત વાતાવરણમાં રહેવાના અધિકારની ખાતરી આપવામાં આવી છે. હકીકતમાં ૧૯૮૬નો કાયદો આ મૂળભૂત અધિકારને અમલમાં મૂકવા માટે ઘડવામાં આવ્યો છે. તેથી કેન્દ્ર સરકારની પણ કુદરતી પર્યાવરણનું રક્ષણ કરવાની અને તેમાં સુધારો કરવાની ફરજ છે. કેન્દ્રના આવા પગલાં પર્યાવરણીય કાયદાઓનું ઉલ્લંઘન કરનારા પ્રોજેક્ટ્સને નિયમિત કરવાની ગેરકાયદે મંજૂરી આપે છે. અદાલતોએ પર્યાવરણ સંબંધિત કાયદાઓના ઉલ્લંઘન પર ખૂબ જ કડક નજર રાખવી જોઈએ. આવું કરવું બંધારણીય અદાલતોનું કર્તવ્ય છે. દિલ્હી અને બીજા શહેરોના પ્રદૂષણનો ઉદાહરણ ટાંકીને ખંડપીઠે જણાવ્યું હતું કે દર વર્ષે ઓછામાં ઓછા બે મહિના માટે દિલ્હીના રહેવાસીઓ હવાના પ્રદૂષણને કારણે ગૂંગળામણ અનુભવે છે.

## યુદ્ધવિરામ સમજૂતીમાં સમાપ્તિની કોઈ તારીખ નથી : ભારતીય સેના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ રવિવાર, ૧૮મેની સાંજે સમાપ્ત થાય તેવા અહેવાલ અંગે સ્પષ્ટતા કરતાં ભારતીય સેનાએ રવિવારે જણાવ્યું હતું કે આશરે એક સપ્તાહ પહેલા ભારત અને પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO) વચ્ચે યુદ્ધવિરામ અંગે થયેલી સમજૂતીની કોઈ સમાપ્તિ તારીખ નથી.૧૨મેએ બંને દેશોના DGMOએ તમામ લશ્કરી પગલાંને વિરામને ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો. મૂળમાં ૧૦મેએ DGMO સ્તરની વાતચીતમાં યુદ્ધવિરામની સમજૂતી થઈ હતી. જોકે કેટલાંક મીડિયામાં અહેવાલ આવ્યા હતા કે યુદ્ધવિરામ રવિવારને સાંજે પૂરો થાય છે. ઈન્ડિયન આર્મીએ એક ટૂંકા નિવેદનમાં જણાવ્યું હતું કે યુદ્ધવિરામની કોઈ સમાપ્તિ તારીખ નથી. ૧૨મેએ ડીજીએમઓ સ્તરની વાતચીતમાં યુદ્ધવિરામનો નિર્ણય કરાયો હતો અને તે ચાલુ છે. આર્મીએ બંને દેશોના DGMO સ્તરે રવિવારે નિર્ધારિત હોવાની અટકળોને પણ ફગાવી દીધી હતી. ભારત અને પાકિસ્તાનના ડીજીએમઓએ ૧૨મેએ ફરીથી દુશ્મનાવટભરી લશ્કરી કાર્યવાહી ટાળવાના માર્ગો પર ચર્ચા કરી હતી.

### હાડકાં સુધી ગંભીર અસર ફેલાઈ

# અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડેનને પ્રોસ્ટેટ કેન્સર થયું

### જો બાઈડેનના કાર્યાલય દ્વારા અપાયેલ માહિતી અનુસાર પ્રોસ્ટેટ કેન્સરના કોષો તેમના હાડકાં સુધી ફેલાઈ ગયા છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડેનને તાજેતરના તબીબી તપાસમાં પ્રોસ્ટેટ કેન્સર હોવાનું નિદાન થયું છે. પેશાબમાં તકલીફ થતાં તેમણે તાજેતરમાં જ મેડિકલ ચેકઅપ કરાવ્યું હતું. જો બાઈડેનના સ્વાસ્થ્ય અંગે તેમના કાર્યાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર પ્રોસ્ટેટ કેન્સરના કોષો તેમના હાડકાં સુધી ફેલાઈ ગયા છે. આથી જો બાઈડેન અને તેમનો પરિવાર કેન્સરની સારવાર લેવાનું વિચારી રહ્યા હતા.પ્રોસ્ટેટ કેન્સરની



ગંભીરતા ગ્લીસન સ્કોર દ્વારા નક્કી થાય છે. ૧થી ૧૦નો સ્કોર દર્શાવે છે કે કેન્સર કેટલું આગળ વધી ગયું છે. જો બાઈડેનનો સ્કોર ૯ છે. આ દર્શાવે છે કે કેન્સર ખૂબ જ ગંભીર તબક્કામાં પહોંચી ગયું છે. જણાવી દઈએ કે જો જો બાઈડેન ૮૨ વર્ષના છે. તેમના કાર્યાલય તરફથી એક નિવેદનમાં જણાવાયું છે કે, 'જોકે આ ગંભીર બીમારી છે, પરંતુ તે હોર્મોન-સંવેદનશીલ લાગે છે, જેના કારણે તેની અસરકારક સારવાર શક્ય છે.' નિષ્ણાતોના મતે, આવા કિસ્સાઓમાં, હોર્મોન થેરાપી, કીમોથેરાપી અને કેટલાક કિસ્સાઓમાં હાડકાંને લક્ષિત સારવાર અસરકારક સાબિત થઈ શકે છે.ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની મેલેનિયા ટ્રમ્પે બાઈડેનના પરિવારને સાંત્વના આપી અને તેમના લાંબા આયુષ્યની શુભેચ્છા પાઠવી. તેમણે કહ્યું, 'અમે ઈચ્છીએ છીએ કે પૂર્વ રાષ્ટ્રપતિ જલ્દી સ્વસ્થ થાય.'

### વિસ્ફોટક જપ્ત કરાયો

# હૈદરાબાદમાં બોમ્બ બ્લાસ્ટનો પ્લાન ઘડી રહેલા ISISના બે સંદિગ્ધની ધરપકડ

### હાલમાં જ હરિયાણામાંથી બે યુટ્યુબર્સની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે

। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૯ ।

તેલંગાણા પોલીસે આંધ્રપ્રદેશની પોલીસ સાથે મળી એક મોટી આતંકવાદી ગતિવિધિનો પર્દાફાશ કર્યો છે. હૈદરાબાદમાં બોમ્બ વિસ્ફોટનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો છે. પોલીસે આ મામલે ISIS સાથે જોડાયેલા બે શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ પણ કરી છે. જેમની પાસેથી વિસ્ફોટક પણ જપ્ત કર્યો છે.આંધ્રપ્રદેશ અને તેલંગાણાના આ સંયુક્ત ઓપરેશમાં વિજયનગરમમાંથી સિરાજ અને હૈદરાબાદમાંથી સમીરની ધરપકડ



કરવામાં આવી છે. તેઓ કથિત રૂપે હૈદરાબાદમાં ડમી બ્લાસ્ટની યોજના બનાવી રહ્યા હતાં. સિરાજે વિજયનગરમમાંથી વિસ્ફોટક સામગ્રી મેળવી હતી. બંનેને સાઉદી અરેબિયામાં ISIS ના મોડ્યુલથી નિર્દેશ મળ્યા હતાં. ત્યાંથી હૈદરાબાદમાં હુમલા માટે નિર્દેશ મળી રહ્યાં હતાં. પોલીસે બંનેની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે. આ મામલે વધુ લોકો જોડાયેલા હોવાની આશંકા છે. તેલંગાણા કાઉન્ટર ઈન્ટેલિજન્સ અને આંધ્રપ્રદેશની ઈન્ટેલિજન્સના સંયુક્ત ઓપરેશનમાં આ મોટા આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવવામાં આવ્યો છે.જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલા બાદ પોલીસ અને સુરક્ષાદળો દેશમાં ચાલી રહેલી આતંકવાદી ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી સંદિગ્ધોની ધરપકડ કરી રહ્યા છે.

### ઋષિકેશ કાનિટકરની નિમણૂક

## ભારત માટે ફક્ત બે જ ટેસ્ટ રમનાર ખેલાડીને BCCIએ બનાવ્યો હેડ કોચ

### ઋષિકેશ કાનિટકરે ભારત માટે બે ટેસ્ટ મેચ રમી છે

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯।

ભારતીય ક્રિકેટ ટીમ આવતા મહિને ઈંગ્લેન્ડના મહત્વપૂર્ણ પ્રવાસ માટે રવાના થશે, જેમાં ઈન્ડિયા-A ટીમ અને સિનિયર ટીમ બંને હશે. ઈન્ડિયા-A ટીમનો પ્રવાસ ૩૦ મેથી શરૂ થશે. આ ટીમની કમાન અભિમન્યુ ઈશ્વરનના હાથમાં છે. ઈન્ડિયા-A ટીમ ઈંગ્લેન્ડ લાયન્સ સામે બે ફર્સ્ટ-ક્લાસ મેચ રમશે, જે યુવા ભારતીય ખેલાડીઓ માટે અનુભવ મેળવવા અને આંતરરાષ્ટ્રીય સ્તરના વાતાવરણનો અનુભવ કરવાની તક હશે. આ ઉપરાંત ઈન્ડિયા-Aને સિનિયર ભારતીય ટીમ સામે પ્રેક્ટિસ મેચ પણ રમવાની છે. આ દરમિયાન એક મોટા સમાચાર સામે આવ્યા છે. BCCIએ ઈન્ડિયા-A ટીમના મુખ્ય કોચની જાહેરાત કરી છે, જે આ પ્રવાસ પર ટીમ સાથે રહેશે. BCCIએ આગામી ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ઈન્ડિયા-A



ટીમના મુખ્ય કોચ તરીકે ભૂતપૂર્વ ભારતીય ઓલરાઉન્ડર ઋષિકેશ કાનિટકરની નિમણૂક કરી છે. ઋષિકેશ કાનિટકરે ભારત માટે બે ટેસ્ટ મેચ રમી છે. જોકે, તેને કોચિંગનો સારો અનુભવ છે. આ પ્રવાસ ૩૦ મેથી શરૂ થવાનો છે. રાજીબ દત્તા ટીમના બોલિંગ કોચ રહેશે, જ્યારે જોયદીપ ભટ્ટાચાર્ય ફિલ્ડિંગ કોચ રહેશે. અભિમન્યુ ઈશ્વરનના નેતૃત્વ હેઠળની ઈન્ડિયા-A ટીમ તેના આગામી ઈંગ્લેન્ડ પ્રવાસમાં ત્રણ મેચ રમવાની છે - બે મેચ ઈંગ્લેન્ડ લાયન્સ સામે (૩૦ મે-૨ જૂન કેન્ટરબરીમાં અને ૬-૯ જૂન નોર્થમ્પ્ટનમાં) અને ત્યારબાદ એક મેચ સિનિયર ઈન્ડિયા ટીમ સામે (૧૩-૧૬ જૂન) રમશે.

### ભડકે બળતું પાકિસ્તાન

# ખૈબર પખ્તુનખ્વામાં ફક્ત ૨૦૨૫માં અત્યાર સુધીમાં ૨૮૪ આતંકી હુમલાં

### ૧૪૮ આતંકીનાં મોત, ૯૫ શકમંદોની ધરપકડ, વઝીરીસ્તાનમાં સૌથી વધુ ૫૩ ઘટનાઓ

। (એજન્સી) પેશાવર, તા.૧૯ ।

પાકિસ્તાનના અશાંત ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં ૨૦૨૫માં અત્યાર સુધીમાં આતંકવાદની ૨૮૪ ઘટનાઓ બની છે. આ સત્તાવાર આંકડા પરથી સાબિત થાય છે કે ભારત સહિત દેશોમાં આતંકવાદને પ્રોત્સાહન આપતાં પાકિસ્તાનને તેના પાપોની સજા મળી રહી છે.આતંકવાદ વિરોધી વિભાગના અહેવાલમાં જણાવાયું છે કે ૨૮૪ ઘટનાઓમાંથી સૌથી વધુ ૫૩ ઘટનાઓ ઉત્તર વઝીરિસ્તાન જિલ્લામાં નોંધાઈ હતી. આ પછી બન્નુમાં ૩૫, ડેરા ઈસ્માઈલ ખાનમાં ૩૧, પેશાવરમાં ૧૩ અને કુર્રમમાં આઠ આતંકી ઘટનાઓ નોંધાઈ હતી. આ વર્ષે અત્યાર સુધીમાં સમગ્ર પ્રાંતમાં ૧૪૮ આતંકવાદીઓના મોત થયા છે. આમાંથી ૬૭ આતંકીઓના મોત ડેરા ઈસ્માઈલ ખાનમાં થયા હતાં. આ જિલ્લો



મુખ્યમંત્રી અલી અમીન ગંડાપુરનું વતન છે. અહેવાલમાં જણાવાયા મુજબ સમગ્ર પ્રાંતમાં આતંકવાદ સંબંધિત કેસોમાં ૧,૧૧૬ શંકાસ્પદોના નામ જાહેર કરાયા છે. તેમાંથી અત્યાર સુધીમાં ૯૫ લોકોની ધરપકડ કરાઈ છે. ૨૦૨૪માં આ પ્રાંતમાં આતંકની ૭૩૨ ઘટનાઓ નોંધાઈ હતી, જે ૨૦૨૩ની ૬૫૧ કરતાં વધુ છે. ખૈબર પખ્તુનખ્વામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ૨૦૨૧માં બગડવાની શરૂઆત થઈ હતી અને ૨૦૨૩થી હુમલાઓમાં વધુ વધારો થયો છે. જાન્યુઆરી ૨૦૨૩માં પ્રાંતની રાજધાનીના પોલીસ મુખ્યાલય પર પણ હુમલો થયો હતો. તે સમયે એક આત્મઘાતી બોમ્બરે પોલીસ લાઈનની વચ્ચે આવેલી મસ્જિદમાં વિસ્ફોટ કર્યો હતો. પોલીદળ પરના આ સૌથી મોટા હુમલામાં ૮૬થી વધુ પોલીસકર્મીઓના મોત થયા હતાં અને ૨૦૦ ઘાયલ થયા હતાં.બલુચિસ્તાન પ્રાંતના ખુઝદાર જિલ્લામાં બલુચ બળવાખોરોએ આર્મીની ચેકપોસ્ટ પર કરેલા હુમલામાં ચાર સૈનિકોના મોત થયા હતાં. આ હુમલો વ્યૂહાત્મક ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર રૂટ પરની ચેક પોસ્ટ પર થયો હતો. માસ્ક પહેરેલા બંદૂકધારીઓએ ચેક પોસ્ટ પર હુમલો કરીને ઘટનાસ્થળેથી ભાગી ગયા હતાં. આ હુમલાની કોઈ સંગઠને જવાબદારી લીધી નથી, પરંતુ સુરક્ષા અધિકારીઓને આ હુમલા પાછળ બલુચિસ્તાન લિબરેશન આર્મી હોવાની આશંકા છે.

### ૧૯૯ મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા

## લુફ્થાન્સાનું વિમાન ૧૦ મિનિટ સુધી પાયલોટ વિના ઊડતું રહ્યું!

### ફ્રેન્ક ફર્ટથી સ્પેનનાં સેવિલે જતી લુફ્થાન્સાની ફ્લાઈટ ૧૦ મિનિટ સુધી પાયલોટ વિના જ ઊડતી રહી હતી

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯।

ફ્રેન્ક ફર્ટથી સ્પેનનાં સેવિલે જતી લુફથાન્સાની ફલાઈટ ૧૦ મિનિટ સુધી પાયલોટ વિના જ ઊડતી રહી. આ ન માની શકાય તેવી ઘટનાની વિગત તે છે કે તા. ૧૭મીના દિવસે લુફથાન્સાનું વિમાન એર-બસ, ૧૯૯ યાત્રીઓ અને ૬ ક્રૂ મેમ્બર્સ સાથે સ્પેનનાં સેવિલે જઈ રહ્યું હતું ત્યારે મુખ્ય પાયલોટ કેબિન પાછળની રેસ્ટ કેબિનમાં આરામ લઈ રહ્યો હતો ત્યારે કો-પાયલોટ વિમાન ચલાવતો હતો ત્યાં અચાનક તે બેભાન થઈ ગયો. આ પછીનીઘટનાઓદર્શાવતાંસ્પેનિસ ઈન્વેસ્ટિગેશન ઓથોરિટી CIAIAC જણાવે છે કે, તે પછી વિમાન તો ઓટો પાયલોટ દ્વારા ચાલતું રહ્યું. જ્યારે કોકપિટમાં કો-પાયલોટ બેભાન અવસ્થામાં હતો. કમાન્ડર પાયલોટ રેસ્ટ કેબિનમાં હતો. આ પરિસ્થિતિ




કોકપિટ રેકર્ડરે અસામાન્ય અવાજ (કો-પાયલોટના વધી ગયેલા શ્વાચ્છોસ્વાસનો અવાજ) નોંધતાં તત્કાલ તબીબી સહાયની બઝર વગાડી તેથી કમાન્ડર પાયલોટ જાગી ગયો અને પાયલોટ કેબિનનું દ્વાર ખોલી અંદર જવા પ્રયત્ન કર્યો પરંતુ તે ડોર પાંચ પ્રયત્નો છતાં ખુલ્યો નહીં.એક ફલાઈટ એટેન્ડન્ટે પણ પ્રયત્ન કર્યો પરંતુ નિષ્ફળ રહ્યો. નિયમ એવો છે કે પાયલોટ મંજૂરી આપતું બટન દબાવે તો જ પાયલોટ કેબિનનું દ્વાર ખુલી શકે. આથી ઈન્ટરકોમ દ્વારા કો-પાયલોટનો સંપર્સ સાધવા પ્રયત્ન કરાયો પરંતુ તે તો બેભાન હતો.

## વડાપ્રધાન મોદી આગામી સપ્તાહે ગુજરાતના પ્રવાસે આવશે

। ગાંધીનગર, તા.૧૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી સપ્તાહે ગુજરાતના દ્વિવસિય પ્રવાસે આવશે તેવી પુષ્ટિ થતી શક્યતાઓ વચ્ચે વહીવટી તંત્ર અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સંગઠન સક્રિય થયું છે. મળતી માહિતી અનુસાર, વડાપ્રધાન ૨૬ કે ૨૭ મેથી કચ્છ અને દાહોદ જિલ્લાઓની મુલાકાતે આવશે. આ પ્રવાસના ભાગરૂપે ભુજ ખાતે જનસભા તેમજ દાહોદમાં રેલવે ફેક્ટરીના લોકાર્પણ સહિતના કાર્યક્રમોનો સમાવેશ થવાની શક્યતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવે તે પહેલા રાજ્યના એક મોટા રાજકીય ફેરફારની શક્યતાઓ જોર પકડી રહી છે. મળતી માહિતી મુજબ, ખાબડનું મંત્રીપદેથી રાજીનામું લેવાય તેવી શક્યતા છે અને આ નિર્ણય મોદીના આગમન પૂર્વે લેવાય તેવી પણ શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે, જેને લઈને રાજકીય વૃંદમાં અનેક અટકળો ચાલી રહી છે.

## અમદાવાદના ચંડોળામાં આજે ડિમોલિશનનો બીજો તબક્કો

। અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદમાં આવતીકાલ (૨૦ મે) થી ચંડોળા વિસ્તારમાં ડિમોલિશનનો બીજો તબક્કો શરૂ થશે. જેમાં અંદાજે અઢી લાખ ચોરસ મીટરથી વધુની જગ્યા પરના ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવશે. જેને લઈને આજે શહેર પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં એક બેઠક મળી હતી. જેમાં મહા નગર પાલિકા અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. આ વિસ્તાર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને અનધિકૃત વસાહતો અને તેમા પણ ખાસ કરીને બાંગ્લાદેશી નાગરિકોના રહેઠાણનું કેન્દ્ર બની ગયો છે.

## આયુર્વેદિક લિક્વિડ સપ્લાય કરવાના નામે ૧.૨૪ કરોડ ખંખેરી લેનાર નાઇજીરીયન પકડાયો

। વડોદરા, તા.૧૯ ।

વડોદરાના એક વેપારી સાથે આયુર્વેદિક પ્રોડક્ટ સપ્લાય કરવાના નામે ઠગ ટોળકીએ નેટવર્ક ગોઠવી રૂ.૧.૨૪ કરોડની છેતરપિંડી કરવાના બનાવમાં પોલીસે નાઈજીરીયન ગેંગના એક સાગરીતને ઝડપી પાડ્યો છે. વડોદરાના એક વેપારીને સોશિયલ મીડિયા પર આયુર્વેદિક લિક્વિડ સપ્લાય કરવા માટે ઓફર કરવામાં આવી હતી. ઠગ ટોળકીએ ગોઠવેલા નેટવર્ક મુજબ બીજા એક એક ઠગને લિક્વિડ ક્યાંથી મળશે તેની જાણકારી આપવામાં આવી હતી. તેમણે આ લિક્વિડની કોસ્ટ અમે કહીએ તે પ્રમાણે રાખીને સપ્લાય કરવા અને નફો સરખે ભાગે વેચી લેશું તેમ કહ્યું હતું.





મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિસનગર ખાતે રૂ. ૩૦ કરોડના ખર્ચે નવનિર્મિત સિવિલ હોસ્પિટલનું લોકાર્પણ કરીને તેની મુલાકાત લીધી. આ હોસ્પિટલ થકી સમગ્ર વિસનગર પંથકના નાગરિકોને પોતાના ઘરની નજીક શ્રેષ્ઠ આરોગ્ય સારવાર સુવિધાનો લાભ પ્રાપ્ત થશે.

### રાજકોટમાં મેગા ડિમોલિશન

# રાજકોટમાં હત્યા-ચોરી-લૂંટફાટના આરોપીઓના બાંધકામો તોડી પડાયા

### શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલા ૩૮ આરોપીઓના ૬૦ જેટલા ગેરકાયદે દબાણોને હટાવવામાં આવ્યા છે

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

રાજ્યમાં મેગા ડિમોલિશનની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે, આજે રાજકોટમાં મોટા પાયે દબાણો હટાવવામાં આવી રહ્યાં છે. શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલા ૩૮ આરોપીઓના ૬૦ જેટલા ગેરકાયદે દબાણોને હટાવવામાં આવ્યા છે. હત્યા, ચોરી, લૂંટફાટના આરોપીઓના બાંધકામો પર દાદાનું બૂલડૉઝર ફરી વળ્યુ છે. ૨૬૧૦ ચોરસ મીટર જગ્યાને ખુલ્લી કરવામાં આવી છે. કોઈ અનિચ્છનીય ઘટના ના બને તે માટે ૫૦ થી વધુ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા, સાથે વહીવટી તંત્રના અધિકારીઓ પણ હાજર રહ્યાં હતા. રાજકોટમાં આજે નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર મેગા ડિમૉલિશનની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, ૩૮ આરોપીના ૬૦ ગેરકાયદે બાંધકામ પર બૂલડૉઝર એક્શન શરૂ કરવામાં આવ્યુ છે. આરોપીઓના ગેરકાયદે અડ્ડા જમીનદોસ્ત કરવાની કામગીરી શરૂ કરાઈ છે. હત્યા, ચોરી, લૂંટના આરોપીઓએ ગેરકાયદે બાંધકામ કરી દીધુ હતુ, બૂલડૉઝર ફેરવીને આજે ૨૬૧૦ ચોરસ મીટર જગ્યા પરના દબાણો તોડી પાડવામાં આવ્યા છે. ૬.૫૨ કરોડની કિંમતની જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. ડિમૉલિશનને લઈને ૫૦ થી વધુ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે, આમાં DCP, ACP સહિતના અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યાં હતા. આ કાર્યવાહી શહેરના વિવિધ વિસ્તારોમાં એક સાથે હાથ ધરવામાં આવી હતી, જેને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. પોલીસ કમિશનર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આ ડિમોલિશનની કાર્યવાહીમાં કુલ ૨૬૧૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીન પર થયેલા ગેરકાયદેસર બાંધકામોને તોડી પાડવામાં આવ્યા હતા. આ જમીનની અંદાજિત કિંમત ૬ કરોડ ૫૨ લાખ ૫૦ હજાર રૂપિયા જેટલી આંકવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ આરોપીઓએ ગુનાની પ્રવૃત્તિઓ દ્વારા કમાયેલા નાણાંથી આ ગેરકાયદેસર બાંધકામો કર્યા હતા. આવા ગુનેગારોને કાયદાનો ડર રહે અને સમાજમાં એક દાખલો બેસે તે માટે આ કડક કાર્યવાહી કરવામાં આવી છે.

## આજે ૧૫ જિલ્લા માટે ભારે, ગાજવીજ સાથે વરસાદ વરસશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાત રાજ્યમાં કમોસમી વરસાદનો દોર હજુ લંબાશે તેમ જણાઈ રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી નવી આગાહી મુજબ, રાજ્યમાં આગામી સાત દિવસ સુધી છૂટાછવાયા અને ભારે કમોસમી વરસાદનું સંકટ યથાવત રહેશે. આ વરસાદ દરિયામાં સક્રિય થઈ રહેલી એક સિસ્ટમને કારણે આવશે, જે વાવાઝોડામાં પરિવર્તિત થવાની શક્યતા છે. આવતીકાલે (૨૦ મે) રાજ્યના ૧૫ જિલ્લા અને સંઘ પ્રદેશોમાં વરસાદની આગાહી: હવામાન વિભાગના અનુમાન મુજબ, આવતીકાલે, ૨૦ મે, ૨૦૨૫ ના રોજ રાજ્યના ૧૫ જિલ્લા અને ત્રણેય સંઘ પ્રદેશોમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસી શકે છે.

### કર્મચારીઓએ પણ સરકાર સાથે કરી આ માંગણી

# સરકારી કચેરીઓમાં જોબ ટાઈમીંગમાં ફેરફારની શક્યતા

### સરકારી કચેરીઓમાં સરકાર હવે ૯:૩૦થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધીનો સમય કરવાનું વિચારી રહી છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

ગુજરાત સરકારના વહીવટી સુધારણા વિભાગે તાજેતરમાં સરકારી કામગીરીમાં વધુ કાર્યક્ષમતા લાવવાના હેતુથી કચેરીનો સમય બદલવાનો પ્રસ્તાવ આપ્યો છે. હાલ રાજ્યની મોટાભાગની સરકારી કચેરીઓ સવારે ૧૦:૩૦થી સાંજે ૬:૧૦ સુધી કાર્યરત છે. પરંતુ નવા સૂચન અનુસાર સમય વહેલો કરી સવારે ૯:૩૦થી સાંજે ૫:૦૦ સુધી કરવાનો વિચાર છે. જોકે, કર્મચારી સંગઠનોએ આ સૂચન સામે વિરોધનું વલણ અપનાવી સરકારને સ્પષ્ટ સંદેશો આપ્યો છે કે – ‘‘અઠવાડિયામાં પાંચ દિવસની કામગીરી કરો તો જ સમય વહેલો કરો, નહીંતર અમે સહમત નથી.’’ બીજી તરફ આ સમગ્ર મામલે કર્મચારી પ્રતિનિધિઓએ દલીલ કરી કે હાલમાં મોટાભાગના વિભાગોમાં કર્મચારીઓની ખાલી જગ્યાઓ ભરાઈ નથી. તેઓ દબાણભર્યા વાતાવરણમાં કામ કરી રહ્યા છે. બીજી તરફ, ઘણા કર્મીઓ શહેરી વિસ્તારોથી દૂર રહે છે અને રોજ સવારે લાંબી મુસફર કરી કચેરી પહોંચે છે. આવા કર્મીઓ માટે સમય વહેલો કરવો મુશ્કેલ બનશે.

કર્મચારી સંગઠનોએ વધુમાં જણાવ્યું કે, કેન્દ્ર સરકારની જેમ અઠવાડિયામાં પાંચ દિવસ કામ અને બે દિવસ રજા આપવી જોઈએ. તેમનું કહેવું છે કે જો સરકાર કાર્ય સમય વહેલો કરવા માટે ગંભીર છે તો પહેલાં અઠવાડિયાના કામના દિવસો પાંચ કરવાથી શરૂઆત થાય. તેમના મતે, ટેકનોલોજી અને ડિજિટલ માધ્યમોથી કાર્યક્ષમતા વધી રહી છે, એટલે સમય વધારે કરતાં કામનું ગુણવત્તર સુધારવું જરૂરી છે.

સરકાર તરફથી પ્રસ્તાવ આવ્યો છે કે સમય વહેલો કરવાથી દિવસના પ્રારંભે લોકોને ઝડપી સેવા મળશે અને કર્મચારીઓ પણ વહેલા ઘરે જઈ શકશે. પણ કર્મચારીઓનો અભિપ્રાય છે કે આવા નિર્ણયો એકતરફી ન લેવાના રહેવા જોઈએ અને તેમના ભવિષ્ય અને દૈનિક જીવન પર તેનો સીધો અસર થાય છે.

### આ મામલે તપાસ શરુ થઈ

# અમરેલીના દરિયામાં કોસ્ટગાર્ડને જોઈ ભાગેલી બોટ દમણમાંથી ઝડપાઈ

। (એજન્સી) અમરેલી, તા.૧૯ ।

જાફરાબાદથી ૨૨ નોટિકલ માઈલ દૂર એક શંકાસ્પદ બોટ દેખાઈ હતી અને જાફરાબાદમાં દેખાયેલી બોટ ફિશિંગની હોવાની માહિતી સામે આવી છે. કોસ્ટગાર્ડના હેલીકોપ્ટર મારફતે બોટને દમણથી આંતરી લેવાઈ હતી અને બોટમાં સવાર લોકોને રાઉન્ડપ કરી બહાર કાઢી લેવાયા છે, તો બીજી તરફ બોટમાં રહેલા લોકો વિશે હજુ સુધી માહિતી કોઈ સામે આવી નથી, દરિયાઈ સુરક્ષાને ધ્યાને લઈ અમરેલી તંત્ર એલર્ટ મોડ પર છે. તો વળી બીજી તરફ માછીમારોને નવી સૂચના ન મળે ત્યાં સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે, તકેદારીના ભાગરૂપે તમામ માછીમારોને પરત બોલાવ્યા છે અને જાફરાબાદ, ચાંચબંદર, ધારાબંદર, શિયાળબેટ, નવા બંદર સહીતના બંદરો પર સૂચના અપાઈ છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે સર્જાયેલા તણાવ બાદ પાકિસ્તાન તરફથી ભારતના શહેરો પર કરવામાં આવેલા હુમલા બાદ ગુજરાતના દરિયા કિનારા વિસ્તારોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. પોલીસે સઘન ચેકિંગ હાથ ધર્યુ છે. હાલમાં ગુજરાતની દરિયાઈ સીમા પણ એક અજાણી બોટ જોવા મળતા એજન્સીઓએ તપાસ હાથ ધરી છે. મળતી વિગતો પ્રમાણે ભારત અને પાકિસ્તાન વચ્ચે વણસેલી સ્થિતિ વચ્ચે ગુજરાતની દરિયાઈ સીમાઓ પર એલર્ટ અપાયું છે. અમરેલીના જાફરાબાદના દરિયામાં ૨૨ નોટીકલ માઈલ દૂર માછીમારોએ એક અજાણી બોટ હોવાની કોસ્ટગાર્ડને માહિતી આપી હતી. ત્યાર બાદ માછીમારોએ આ બોટને રોકવાનો પ્રયાસ કરતાં બોટ લઈને અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા હતાં. આ ઘટનાની જાણ થતાં જ સુરક્ષા એજન્સીઓએ તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો હતો.

# સામાખ્યાલી રેલવે સ્ટેશનઃ એક નવો પ્રવેશદ્વાર

। અમદાવાદ, તા.૧૯ ।



ગુજરાત ના કચ્છ જિલ્લા ના મધ્ય માં સ્થિત, સામાખ્યાલી જંકશન લાંબા સમય થી આ ક્ષેત્ર વાણિજ્ય, સંસ્કૃતિ અને સંપર્ક ના વચ્ચે એક સ્થાયી કડી માટે એક મહત્વપૂર્ણ પ્રવેશદ્વાર ના રૂપે કાર્ય કરે છે -૧૯૫૦ ના દાયકામાં કચ્છ રાજ્ય રેલવે ના વિસ્તરણ દરમિયાન સ્થાપિત, આ સ્ટેશન ને મૂળરૂપે ક્ષેત્ર મા વ્યાપાર અને કૃષિને પ્રોત્સાહન આપવા માટે બનાવવામાં આવ્યું હતું. દાયકાઓથી, તે પશ્ચિમ રેલવે ના અમદાવાદ ડિવિઝન માં એક મહત્વપૂર્ણ જંકશન ના રૂપે વિકસિત થયું છે, જે મુખ્ય રૂપે મુસાફરો અને ગુડ્સ બંને નું સંચાલન કરે છે. તેને એનએસજી-૪ શ્રેણી ના સ્ટેશન તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે, જેમાં પાંચ પ્લેટફોર્મ, ૪૮ સ્ટોપિંગ ટ્રેનો અને લગભગ ૭૦૦-૧૦૦૦ મુસાફરોની દૈનિક અવરજવર છે.

મુસાફરો ના અનુભવ ને બહેતર બનવવા અને ક્ષેત્રીય નોડ્સ પર વિશ્વ કક્ષાનું ઈન્ફ્રાસ્ટક્ચર લાવવા માટે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ સામાખ્યાલી જંકશન એક ઉલ્લેખનીય પરિવર્તન માંથી પસાર થઈ રહ્યું છે. ૧૩.૬૪ કરોડ રૂપિયાના વિકાસલક્ષી રોકાણ સાથે, આ પહેલે આધુનિક સુવિધાઓ, વિચારશીલ ડિઝાઈન અને ટકાઉ ઉકેલોની એક લહેરની શરૂઆત કરી છે - આ બધાનો હેતુ સ્થાનિક સાંસ્કૃતિક સાર ને દર્શાવીને કાર્યક્ષમતા વધારવાનો છે.

અપગ્રેડેશનમાં હવામાનની ખરાબ પરિસ્થિતિ થી મુસાફરોને બચાવવા માટે પ્લેટફોર્મ કવર શેડનું નિર્માણ, પ્લેટફોર્મ કનેક્ટિવિટી માં સુધાર માટે હાલના ફૂટ ઓવરબ્રિજનો વિસ્તાર અને દિવ્યાંગજનો ની પહોંચ સુનિશ્ચિત કરવા માટે લિફ્ટની વ્યવસ્થા સામેલ છે. તેના સમાવેશી એપ્રોચ ને અનુરૂપ, સ્ટેશન મા હવે માર્ગદર્શક અને ચેતવણી આપતી ટાઈલ્સ, રેમ્પ, હેંડરેલ અને દિવ્યાંગજનો ને અનુકૂળ શૌચાલયો છે, જેના થી તે બધા માટે આવાગમન યોગ્ય બની ગયું છે.

વાસ્તુકલા ના આ નવા સ્વરૂપ માં મડ આર્ટ ના તત્વ સામેલ કરવામાં આવ્યા છે, જે સ્ટેશનની આધુનિક સંરચના ની અંદર ક્ષેત્ર ની કલાત્મક પરંપરાઓની ઉજવણી કરે છે. સમકાલીન સૌંદર્ય શાસ્ત્ર સાથેનો એક નવો પ્રવેશદ્વાર મુસાફરોનું સ્વાગત કરે છે, જ્યારે આગળના ભાગમાં થયેલા સુધારાઓ સામાખ્યાલી ની વધતી જતી પ્રસિદ્ધિને પ્રતિબિંબિત કરે છે. મુસાફરોની સુવિધા માટે, મોડ્યુલર શૌચાલય, બહેતર સાઈનેજ અને ફૂડ પ્લાઝા ઉમેરવામાં આવ્યા છે, જેનાથી સ્ટેશન એક વધુ આકર્ષક સાર્વજનિક સ્થાન માં પરિવર્તિત થયું છે. વધારાના વિકાસમાં સ્ટાફ ક્વાર્ટર્સનું નિર્માણ, તમામ પ્રકારના વાહનો માટે પાર્કિંગ સુવિધાઓ નું નવીનીકરણ અને મુસાફરો અને વાહનોની અવરજવરને સરળ બનાવતા એક એલિવેટેડ ટ્રાન્ઝિટ એરિયાનું નિર્માણ શામેલ છે. આ બધા સુધારાઓ સાથે, સામાખ્યાલી માત્ર એક ટ્રાન્ઝિટ પોઈન્ટ તરીકે જ નહીં પરંતુ પ્રગતિ, સુવિધા અને પ્રાદેશિક ગૌરવના પ્રતીક તરીકે સ્થાપિત થયું છે. પહેલે થી જ કરવામાં આવેલા દરેક અપગ્રેડેશન ની સાથે, સામાખ્યાલી રેલવે સ્ટેશન તેના ગૌરવશાળી અતીત ને એક દૂરદર્શી ભવિષ્ય ની સાથે જોડીને નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે અને કચ્છ ના પ્રમુખ રેલવે કેન્દ્ર ના રૂપે તેનું સ્થાન પુનઃસ્થાપિત કરી રહ્યું છે.

## જિલ્લા શહેર પ્રમુખોની નિયુક્તિ આગામી ૧૦ દિવસમાં થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાત કોંગ્રેસમાં સંગઠનાત્મક સ્તરે એક મોટા ફેરફારના એંધાણ વર્તાઈ રહ્યા છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા અને શહેર સ્તરના સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે નવા પ્રમુખોની નિયુક્તિ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ પ્રક્રિયાના ભાગ રૂપે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે, જે આગામી દિવસોમાં ગુજરાત કોંગ્રેસનું ચિત્ર બદલી શકે છે. મળતી માહિતી મુજબ, ગુજરાત કોંગ્રેસે સ્પષ્ટ નીતિ અપનાવી છે કે, જે જિલ્લા કે શહેર પ્રમુખોએ પોતાની બીજી ટર્મ (કાર્યકાળ) પૂર્ણ કરી લીધી છે, તેમને તે જ પદ પર ફરીથી રિપીટ કરવામાં આવશે નહીં. રાજ્યમાં નવા જિલ્લા અને શહેર પ્રમુખોની નિયુક્તિની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. પ્રદેશ કોંગ્રેસ દ્વારા નિરીક્ષકોને વિવિધ જિલ્લાઓ અને શહેરોમાં મોકલીને તેમનો રિપોર્ટ મંગાવવામાં આવ્યો હતો.

